

# પ્રાચીન

# સ્તવનાવલિ

|| શ્રી જીનેન્દ્રાય નમઃ ||

|| શ્રી ધર્મનાથ સ્વામિને નમઃ ||

|| શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ||

# નમો લોએ સવ્વસાહૂણં

## વિશેષ ઉપકારી

સર્વ શાસ્ત્રનાં સારરૂપ અને આગમના અર્કરૂપ "છોડવા જેવો સંસાર, લેવા જેવો સંયમ અને મેળવવા જેવો મોક્ષ" આ ત્રિપદીને પ્રરૂપિત કરનારા સુવિહિત શાસ્ત્ર શિરોમણી; તપાગચ્છાધિરાજ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ **વિજય રામચંદ્ર સુરિશ્વરજી** મહારાજા સાહેબના પટ્ટાલંકાર સુરિમંત્ર સમરાધક પ્રવચન પ્રભાકર શ્રીમદ્ **વિજય નયનવર્ધન સુરિશ્વરજી** મ.સા.ના ઉપદેશ અને આશીર્વાદથી

અમારા પરિવારના તનય ચિ. ભાઈ અંક્તિની શાશ્વતી ઓળીની આરાધનાની દેવ ગુરૂ પસાયે નિર્વિઘ્ન પરિપૂર્ણતા વેળાએ અર્પણ.

સાગર ગચ્છ અલંકૃતા પૂ. શ્રી ગુણોદયાશ્રીજી મ.સા.નાં શિષ્યરત્ના પૂ. પુનિત પ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પૂ. મૃદુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ને અમારા પરિવારના વંદન.

કલ્યાણ મિત્ર શ્રી સુધીરભાઇ જયંતિલાલ ચામડાવાળા પરિવારને પ્રણામ

ચંદુલાલ છોટાલાલ શાહ પરિવાર

ગુલાબચંદ ભવાનભાઈ શાહ પરિવાર

## અનુક્રમણિકા


| વિગત | પેજ | વિગત | પેજ |
|---|---|---|---|
| ઋષભદેવ સ્વામીનું ચૈત્યવંદન. | ૦૪ | નમિનાથ સ્વામીનું ચૈત્યવંદન | ૧૩૦ |
| અજિતનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૧૧ | નેમિનાથ સ્વામીનું ચૈત્ય૦ | ૧૩૭ |
| સંભવનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૧૭ | પાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૧૪૫ |
| અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન. | ૨૨ | મહાવીર સ્વામીનું ચૈત્યવંદન | ૧૫૩ |
| સુમતિનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૨૯ | સિદ્ધાચળજીનું સ્તવન | ૧૬૬ |
| પદ્મપ્રભ સ્વામીનું ચૈત્યવંદન | ૩૫ | સીમંધર સ્વામીનું ચૈત્ય૦ | ૧૬૮ |
| સુપાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૪૦ | બીજનું ચૈત્યવંદન | ૧૭૧ |
| ચંદ્રપ્રભ સ્વામીનું ચૈત્યવંદન. | ૪૬ | જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન | ૧૭૫ |
| સુવિધિનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૫૨ | અષ્ટમીનું ચૈત્યવંદન | ૧૮૯ |
| શીતલનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૫૯ | એકાદશી ચૈત્યવંદન | ૧૯૬ |
| શ્રેયાંસ નાથ સ્વામીનું ચૈત્યવંદન૦ | ૬૫ | સમેતશિખર ગિરિનું સ્તવન | ૨૦૫ |
| વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન | ૭૦ | અર્બુદ ગિરિનું સ્તવન | ૨૦૬ |
| વિમલનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૭૬ | રાણકપૂરજીનું સ્તવન | ૨૦૮ |
| અનંતનાથ સ્વામીનું ચૈત્યવંદન | ૮૨ | સિદ્ધાચલજીનું સ્તવન | ૨૦૯ |
| ધર્મનાથ સ્વામીનું ચૈત્યવંદન | ૮૮ | સિદ્ધાચળજીનું સ્તવન | ૨૧૦ |
| શાંતિનાથ સ્વામીનું ચૈત્યવંદન. | ૯૫ | સમેતશિખર ગિરિનું સ્તવન | ૨૧૧ |
| કુંથુનાથ સ્વામીનું ચૈત્યવંદન | ૧૦૩ | આબુજીનું સ્તવન. | ૨૧૨ |
| અરનાથ સ્વામીનું ચૈત્યવંદન | ૧૧૦ | શંખેશ્વરજીનું સ્તવન | ૨૧૪ |
| મલ્લિનાથ સ્વામીનું ચૈત્યવંદન | ૧૧૬ | સિદ્ધાચલ સ્તવન | ૨૧૫ |
| મુનિસુવ્રતસ્વામીનું ચૈત્યવંદન | ૧૨૩ | શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ | ૨૧૫ |

## અનુક્રમણિકા


| વિગત | પેજ | વિગત | પેજ |
|---|---|---|---|
| સોળ સતીનો છંદ | ૨૧૭ | શાંતિજિન વિનંતિ. | ૨૩૯ |
| પરમાત્માની સ્તવના | ૨૨૦ | દીવાલીનું સ્તવન | ૨૪૦ |
| શંખેશ્વર પાર્શ્વજિન છંદ | ૨૨૧ | વીરપ્રભુનું દીવાળીનું સ્તવન | ૨૪૧ |
| ગૌતમાષ્ટક છંદ | ૨૨૩ | સિદ્ધાચળ મંડન | ૨૪૩ |
| ગૌતમ સ્વામીનું સ્તવન | ૨૨૪ | ઋષભ જિન સ્તવન | |
| સિદ્ધાચલનમંડન | ૨૨૬ | પાર્શ્વજિન સ્તવન | ૨૪૪ |
| ઋષભદેવનું સ્તવન | | સીમંધર સ્વામીનું સ્તવન | ૨૪૫ |
| રાયણ પગલાનું સ્તવન | ૨૨૮ | સીમંધર જિન સ્તવન | ૨૪૬ |
| પુંડરિકજીનું સ્તવન | ૨૨૯ | પોસહવ્રતની પૂજા | ૨૪૮ |
| આદિજિન વિનતિ | ૨૩૦ | આત્મહિત વિનતિ છંદ | ૨૫૦ |
| પુંડરગિરિ મહિમાનું સ્તવન | ૨૩૩ | સંભવનાથનું સ્તવન | ૨૫૨ |
| આદિજિન સ્તવન | ૨૩૫ | અષ્ટાપદજીનું સ્તવન | ૨૫૪ |
| ઋષભદેવનું સ્તવન | ૨૩૬ | મહાવીરજિન સ્તવન | ૨૫૫ |
| પાર્શ્વજિન સ્તવન | ૨૩૭ | મહાવીર જિન સ્તવન | ૨૫૭ |
| દિવાળીનું સ્તવન | ૨૩૮ | મહાવીર જિન સ્તવન | ૨૫૯ |

# શ્રી દેવ વાંદવાનો અથવા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાનો વિધિ.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મથ્થએણ વંદામિ ॥ એમ કહી ખમામસણ દઈ ઉઠીને "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઈરિયાવહિયં પડિક્કમામિ ॥ઈચ્છં॥" ઈચ્છામિ પડિક્કમિઉં ॥ એમ કહી ઈરિયાવહિયાએ કહેવા ॥ પછી તસ્સ ઉત્તરી, પછી અન્નથ્થ ઉસસિએણં કહેવું. ત્યાર પછી ચંદેસુ નિમ્મલયરા સુધી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને પ્રગટ લોગસ્સ કહેવો. પછી ઉત્તરાસંગ નાંખીને ખમાસમણ ॥ ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ચૈત્યવંદન કરું ?'

એમ આજ્ઞા માગીને "ઈચ્છં" એમ કહી બંને ઢીંચણ નીચે મુકી બેસવું અને ચૈત્યવંદન કરવું. પછી નમુત્થુણં કહી અડધા જયવીયરાય કહેવા. પછી ફરી ચૈત્યવંદન કરી નમુત્થુણં કહી ઉભા થઈ અરિહંત ચેઈઆણં વંદણવત્તિઆએ૦ અનત્થઉસસિએણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી "નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ" એમ કહી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત ચેઈઆણં આદિ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી બીજી થોય કહેવી; પછી પુખ્ખરવરદી કહી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગં, વંદણવત્તિઆએ કહી, અનત્થ ઉસસીએણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી ત્રીજી થોય કહેવી; પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી વેયાવચ્ચગરાણં૦ કરેમિકાઉસ્સગ્ગં૦ અન્નથ્થ ઉસિએણં૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી. પછી

બેસી હાથ જોડી નમુથ્થુણં કહી ઉભા થઈ ઉપર બતાવ્યા પ્રમાણે યાવત્ ચાર થોયો ફરી કહેવી; પછી પાછું નમુથ્થુણં જાવંતી ચેઈઆઈં કહી ખમાસમણ દઈ જાવંત કેવિ સાહૂ કહી, નમોऽર્હત્૦ કહી સ્તવન કહેવું, પછી અડધા જયવીયરાય કહેવા, પછી ઉભા થઈ ખમાસમણ દઈ ચૈત્યવંદન કરવું, પછી નમુથ્થુણં કહી આખા જયવીયરાય કહેવા. ઈતિ દેવવંદન વિધિ સમાપ્ત ॥ ઉપરનું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન દેવવંદનાદિ વિશિષ્ટકારણે વ્રત ઉચ્ચારણ વિગેરેમાં તથા દેરાસરમાં ત્રણ કાળ દેવવંદન કરતાં કરવું શ્રેષ્ઠ છે.

## મધ્યમ ચૈત્યવંદન વિધિ.

ખમાસમણ દઈ ઈરિઆવહી પડિક્કમી[1] યાવત્ લોગગસ્સ સુધી કહી પછી ઉત્તરાસંગ નાખી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? "ઈચ્છં" એમ કહી બેસી ડાબો ઢીંચણ ઉભો રાખી જમણો ઢીંચણ નીચે રાખી

૧ ઈરિયાવહી પડિક્કમ્યા વિનાનું પણ મધ્યમ ચૈત્યવંદન છે.

બેસીને ચૈત્યવંદન કરવું, પછી જંકિંચિ કહી નમુથ્થુણં કહી જાવંતિ ચેઈઆઈં કહી પછી ખમાસમણ દઈ જાવંત કેવિસાહૂ કહી નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું, પછી આખા જયવીયરાય કહેવા, પછી ઉભા થઈ અરિહંત ચેઈઆણં, વંદણવત્તિઆએ૦ પછી અન્નથ્થ ઉસ્સીએણં૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી થોય કહેવી ॥ઈતિ॥

તીર્થંકર ભગવાનની સામે વિનયપૂર્વક બેસીને ૧ નવકાર ગણે એ જઘન્ય ચૈત્યવંદન.

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી ઋષભદેવ સ્વામીનું ચૈત્યવંદન.

સર્વાર્થ સિધ્ધે થકી, ચવિયા આદિ જિણંદ;
પ્રથમ રાય વિનીતા વસે, માનવ ગણ સુખકંદ ॥૧॥
યોનિ નકુલ જિણંદને, હાયન[૧] એક હજાર;
મૌનાતીતે[૨] કેવલી, વડ હેઠે નિરધાર ॥૨॥
ઉત્તરાષાઢા જન્મ છે એ, ધનરાશિ અરિહંત; દશ સહસ પરિવારશ્યું, વીર કહે શિવકંત ॥૩॥

---

૧ વર્ષ ૨ છદ્મસ્થપણું વ્યતિત થયે.

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

આદિ દેવ અલવેસરૂ, વિનીતાનો રાય; નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય ॥૧॥ પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ; ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ ॥૨॥ વૃષભ લંછનજિન [૧]વૃષધરૂએ, ઉત્તમગુણ મણિખાણ; તસ પદ પદ્મ સેવનથકી, લહીએ અવિચળ ઠાણ ॥૩॥

## ૩ શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

પ્રથમ જિણેસર ઋષભદેવ, સવ્વટ્ઠથી[૨] ચવિયા; વદિ ચઉથે આષાઢની, શક્રે સંસ્તવિયા ॥૧॥ અટ્ઠમી ચૈત્રહ વદિ તણી, દિવસે પ્રભુ જાયા; દીક્ષા પણ તિણહીજ દિને, ચઉનાણી થાયા ॥૨॥ ફાગુણ વદિ ઈગ્યારશેએ, જ્ઞાન લહે શુભ ધ્યાન; મહાવદિ તેરશે શિવ લહ્યા, પરમાનંદ નિધાન ॥૩॥

---

૧ ધર્મ ૨ સર્વાર્થસિદ્ધથી

# ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

### રાગ મારૂ

કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યોરે- એ દેશી.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહું રે કંત; રીઝ્યો સાહેબ સંગના પરિહરેરે, ભાંગે સાદિ અનંત ॥ઋષભ૦ ॥૧॥ પ્રીત સગાઈરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઈ ન કોય; પ્રીત સગાઈ રે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય ॥ઋષભ૦ ॥૨॥ કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ[1] કરેરે, મિલશું કંતને ધાય; એ મેળો નવિ કહીયે સંભવેં, મેળો ઠામ ન ઠાય ॥ઋષભ૦ ॥૩॥ કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરેરે, પતિ રંજન તન તાપ; એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ[2] મિલાપ ॥ ઋષભ૦ ॥૪॥ કોઈ કહે લીલારે અલખ લલખ તણીરે, લખ પૂરે મન આશ;દોષ રહિતને લીલા નવિ ઘટેરે, લીલા દોષ વિલાસ ॥ઋષભ૦ ॥૫॥ ચિત્ત પ્રસન્નેરે પૂજન ફલ

---

માં બળી મરે. ૨ પ્રકૃતિ-સ્વભાવ

ક્હ્યુંરે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઈ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ ॥ ઋષભ૦ ॥૬॥

## ૫. શ્રી દેવચંદ્રકૃત સ્તવન

નિંદ્રડી વેરણ હુઈ રહી-એ દેશી.

ઋષભ જિણંદશું પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર ॥ ઋષભ૦ ॥૧॥ કાગળ પણ પોહોંચે નહિ, નવિ પોહોંચે હો તિહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન[૧] ॥ઋષભ૦ ॥૨॥ પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમ તો વીતરાગ; પ્રીતડી જેહ અરાગીથી, ભેલવવી હો તે લોકોત્તર માર્ગ ॥ઋષભ૦ ॥૩॥ પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ; કરવી નિર્વિષ[૨] પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ ॥ ઋષભ૦ ॥૪॥ પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ; પરમ પુરૂષથી[૩] રાગતા, એકત્વતા હો દાખી ગુણ

---

૧ હકીકત ૨ રાગરૂપ વિષ રહિત ૩ પરમાત્માથી

ગેહ ॥ ઋષભ૦ ॥૫॥ પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ; દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ ॥ ઋષભ૦ ॥૬॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

મહાવિદેહ ક્ષેત્ર સોહામણે૦ એ દેશી.

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે; મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ આનંદ લાલરે ॥જગ૦ ॥૧॥ આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે; વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે ॥જગ૦ ॥૨॥ લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ+ઉદાર લાલ રે; રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે ॥ જગ૦ ॥૩॥ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ[૧] લઈ ઘડિયું અંગ લાલરે; ભાગ્ય કિહાંથકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે ॥જગ ॥૪॥ ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે; વાચક યશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે. ॥ જગ૦ ॥૫॥

---

+૧૦૦૮ ૧ રૂપ. સામગ્રતા. પ્રતાપ સમતો ધીર્ય.

# ૭. શ્રી વીરવિજયજી કૃત ઋષભદેવ સ્વામીની સ્તુતિ

ત્રાશી લાખ પૂરવ ઘરવાસે, વસિયા પરિકર યુક્તાજી; જન્મથકી પણ દે તરૂ ફલ, ક્ષીરોદધિ જલ ભોક્તાજી; મઈ સુય આહિ નાણે સંજુત્ત, નયણ વયણ કજ ચંદાજી; ચાર સહસશ્યું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી ઋષભ જિણંદાજી ॥૧॥ મનપર્યવ તવ નાણ ઉપન્યુ, સંજતીલિંગ સુહાયાજી; અઢીદ્વીપમાં સન્નિપંચેદ્રિ જાણે મનોગત ભાવાજી; દ્રવ્ય અનંતા સુક્ષ્મ તિર્ચ્છા, અઢારશેં ખિત્ત ઠાયાજી; પલિય અસંખમ ભગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્ય પરજાયાજી ॥૧॥ ઋષભ જિણેસર કેવલ પામી, રયણ સિંહાસન ઠાયાજી; અનભિલાપ્ય અભિલાપ્ય અનંતા, ભાગ અનંતા ઉચરાયાજી; તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતે સૂત્રજી; ગણધર રચીયાં આગમ પૂજી, કરીએ જનમ પવિત્રજી ॥૩॥ ગોમુખ જક્ષ ચક્કેસરી

દેવી, સમકિત શુદ્ધ સુહાવેજી; આદિ દેવની સેવ કરંતી, શાસન શોભ ચઢાવેજી; શ્રદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારેજી; શ્રી શુભવીર-વિજય પ્રભુ ભગતેં સમરે નિત્ય સવારેજી ॥૪॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા; મરૂદેવી માયા, ધોરી લંછન પાયા; જગત થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા; કેવળ શ્રી રાયા, મોક્ષ નગરે સધાયા ॥૧॥ સવિજન સુખકારી મોહ મિથ્યા નિવારી; દુરગતિ દુઃખભારી શોક સંતાપ વારી; શ્રેણી ક્ષપક સુધારી કેવલાનંત ધારી; નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી ॥૨॥ સમોસરણ બેઠા, લાગે જે જિનજી મીઠા; કરેગણપ પઈઠ્ઠા[1], ઈંદ્ર ચંદ્રાદિ દીઠા; દ્વાદશાંગી વરીઠ્ઠા. ગુંથતાં ટાલે રિઠ્ઠા; ભવિજન હોય હીઠ્ઠા, દેખી પુન્યે ગરિઠ્ઠા ॥૩॥ સુર સમકિતવંતા, જેહ રિધ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા; જિનવર સેવંતા, વિઘ્ન વારો

---

૧. ગણધર સ્થાપના

દુરંતા; જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા ॥૪॥

**ઈતિ શ્રી ઋષભદેવ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી અજિતનાથ સ્વામીનું ચૈત્યવંદન.

આવ્યા વિજય વિમાનથી, નયરી અયોધ્યા ઠામ; માનવ ગણ રિખ રોહિણી, મુનિજનના વિશ્રામ ॥૧॥ અજિતનાથ વૃષ રાશિએ, જન્મ્યા જગદાધાર; યોનિ ભુજંગમ ભય હરૂ, મૌને વર્ષ તે બાર ॥૨॥ સપ્તપર્ણ તરુ હેઠલેએ, જ્ઞાન મહોત્સવ સાર; એક સહસશ્યું શિવ વર્યા, વીર ઘરે બહુ પ્યાર ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી; જિતશત્રુ વિજયાતણો, નંદન શિવગામી ॥૧॥ બહોંતેર લાખ પૂરવતણું, પાળ્યું જેણે આય;

ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુર રાય ॥૨॥
સાડાચારશેં ધનુષનીએ, જિનવર ઉત્તમ દેહ;
પાદપદ્મ તસ પ્રણમીએ, જેમ લહિએ શિવ ગેહ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

સુદિ વૈશાખની તેરશે, ચવિયા વિજયંત;
મહાસુદી આઠમે જનમિયા, બીજા શ્રી અજિત ॥૧॥
મહાસુદી નોમે મુનિ થયા, પોસ ઈગ્યારસ; ઉજ્જલ
ઉજ્જલ કેવલી, થયા અક્ષય કૃપા રસ ॥૨॥ ચૈત્ર
શુક્લ પંચમી દિનેએ, પંચમ ગતિ લહ્યા જેહ; ધીર
વિમલ કવિરાજનો, નય પ્રણમે ધરી નેહ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન.

રાગ આશાવરી.

મારૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલેરે-એદેશી.

પંથડો નિહાળુ રે બીજા જિનતણોરે, અજિત
અજિત ગુણ ધામ; જે તેં જીત્યારે તેણે હું જીતિયોરે,

પુરૂષ કિશ્યું મુજ નામ ॥ પંથડો૦ ॥૧॥ ચરમ નયણ કરી મારગ જોવતોરે, ભૂલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઈએરે, નયણ તે દિવ્ય વિચાર ॥ પંથડો૦ ॥૨॥ પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે, અંધોઅંધ પુલાય; વસ્તુ વિચારેરે જો આગમે કરીરે, + ચરણ ધરણ નહીં ઠાય ॥ પંથડો૦ ॥૩॥ તર્ક વિચારેરે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોય; અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય ॥પંથડો૦ ॥૪॥ વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણોરે, વિરહ પડ્યો નિરધાર; તર-તમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર ॥પંથડો૦ ॥૫॥ કાળ* લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવિલંબ, એ જન જીવેરે જિનજી જાણજોરે, આનંદઘન મત અંબ ॥ પંથડો૦ ॥૬॥

---

* પગ મૂકવા જેટલી પણ જગ્યા દેખાતી નથી. *ભવ સ્થિતિ પરિપાક.

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન.

દેખો ગતિ દૈવનીરે- એ દેશી.

જ્ઞાનાદિક ગુણ સંપદારે, તુઝ અનંત અપાર; તે સાંભળતાં ઉપનીરે, રૂચિ તેણે પાર ઉતાર, અજિત જિન તારજોરે, તારજો દીન દયાળ ॥ અજિત૦ ॥૧॥ *એ આંકણી ॥ જે જે કારણ જેહનુંરે, સામગ્રી સંયોગ;* મળતાં કારજ નીપજેરે કર્ત્તા તણે પ્રયોગ ॥ અજિત૦ ॥૨॥ કાર્ય સિદ્ધિ કર્ત્તા વસુરે, લહિ કારણ સંયોગ; નિજ પદ કારક પ્રભુ મિલ્યારે, હોય નિમિત્તહ ભોગ ॥અજિત૦ ॥૩॥ અજકુલગત કેશરી લહેરે, નિજપદ સિંહ નિહાળ; તિમ પ્રભુ ભક્તે ભવિ લહેરે, આતમ શક્તિ સંભાળ ॥ અજિત૦ ॥૪॥ કારણ પદ કર્ત્તા પણે રે, કરી આરોપ અભેદ; નિજપદ અરથી પ્રભુ થકીરે, કરે અનેક ઉમેદ ॥અજિત૦ ॥૫॥ એહવા પરમાતમ પ્રભુરે, પરમાનંદ સ્વરૂપ; સ્યાદવાદ સત્તા રસીરે, અમલ અખંડ અનૂપ ॥અજિત૦ ॥૬॥ આરોપિત સુખ ભ્રમ ટલ્યો રે, ભાસ્યો અવ્યાબાધ; સમર્યું અભિલાષીપણું રે, કર્ત્તા સાધન સાધ્ય ॥અજિત ॥૭॥ ગ્રાહકતા સ્વામિત્વતારે, વ્યાપક ભોક્તા ભાવ; કારણતા કારજ દશારે, સકલ ગ્રહ્યું નિજભાવ ॥

અજિત ॥૮॥ શ્રદ્ધા ભાસન રમણતારે, દાનાદિક પરિણામ; સકલ થયા સત્તારસીરે, જિનવર દરિસણ પામ ॥ અજિત૦ ॥૯॥ તિણે નિર્યામક માહણોરે, વૈદ્ય ગોપ આધાર, દેવચંદ્ર સુખસાગરૂરે, ભાવ ધરમ દાતાર ॥અજિત૦ ॥૧૦॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

નિદ્રડી વેરણ હોઈ રહી-એ દેશી.

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે, માલતી ફુલે મોહીયો, કિમ બેસે હો બાવલ તરૂ ભ્રંગ કે ॥ અજિત૦ ॥૧॥ ગંગા જલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ; સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે ॥ અજિત ॥૨॥ કોકિલ કલ કુજિત કરે,પામી મંજરી હો પંજરી સહકાર કે; ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશુંહો હોયે ગુણનો પ્યાર કે ॥ અજિત૦ ॥૩॥ કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે, ગૌરી[1] ગીરીશ[2] ગિરિધર[3] વિના, નવિ ચાહે હો કમલા[4] નિજ ચિત્ત

૧ પાર્વતી ૨ શંકર ૩ હરિ-વિષ્ણુ ૪ લક્ષ્મી.

કે ॥ અજિત૦ ॥૪॥ તિમ પ્રભુશું મુઝ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે, શ્રી નયવિજય વિબુધતણો, વાચક જસ હો નિત નિત ગુણ ગાયકે ॥ અજિત૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજીકૃત શ્રી અજિતનાથ સ્વામીની સ્તુતિ.

જબ ગરભે સ્વામી, પામી વિજયા નારી; જીતે નિત્ય પિઉને, અક્ષક્રીડન[1] હુશિયાર; તિણે નામ અજિત છે, દેશના અમૃતધાર; મહાજક્ષ અજિતા, વીર વિઘન અપહાર ॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

વિજયા સુત વંદો, તેજથી જયુ દિણંદો; શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો; મુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરિંદો; લહો પરમાનંદો, સેવના સુખ કંદો ॥૧॥

ઈતિ શ્રી અજિતનાથ સ્વામીનાં ચૈત્યંવદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

---

૧ પાસાની રમત રમવામાં

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી સંભવનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સત્તમ ગેવિજ ચવન છે, જનમ્યા મૃગશિર માંહિ; દેવ ગણે સંભવજિના, નમિએ નિત્ય ઉચ્છાંહિ ॥૧॥ સાવથ્થિપુરી રાજિયો, મિથુન-રાશિ સુખકાર; પન્નગ યોનિ પામીયા યોનિ નિવારણહાર ॥૨॥ ચૌદ વરસ છદ્મસ્થમાંએ, નાણ શાલ તરૂ સાર; સહસ પ્રતીશું શિવ વર્યા, વીર જગત આધાર ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

સાવથ્થી નયરી ધણી, શ્રી સંભવનાથ; જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥૧॥ સેના નંદન ચંદને, પૂજો નવ અંગે; ચારશેં ધનુષ્યનું દેહમાન, પ્રણમો મનરંગે ॥૨॥ સાઠ લાખ પૂરવતણુંએ, જિનવર ઉત્તમ આય; તુરગ લંછન પદ પદ્મમાં, નમતાં શિવ સુખ થાય ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવં૦

સત્તમ ગ્રૈવેયકથકી, ચવીયા શ્રી સંભવ; ફાલ્ગુણ સુદિ આઠમ દિને, સુદિ ચૌદશ અભિનવ ॥૧॥ માગશીર માસે જનમીયા, તિણિ પુનમ સંજમ; કાર્તિક વદિ પાંચમ દિને, લહે કેવલ નિરૂપમ ॥૨॥ પંચમી ચૈત્રની ઉજલીએ, શિવ પહોતા જિનરાજ; જ્ઞાનવિમલ પ્રભુ પ્રણમતાં, સિઝે સઘલાં કાજ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન

### રાગ રામગ્રી

રાતડી રમીને કિહાંથી આવીયારે-એ દેશી.

સંભવદેવ તે ધુર સેવો સવેરે, લહિ પ્રભુ સેવન ભેદ; સેવન કારણ પહેલી ભૂમિકારે, અભય અદ્વેષ અખેદ ॥ સંભવ૦ ॥૧॥ ભય ચંચલતા હો જે પરિણામનીરે, દ્વેષ અરોચક ભાવ; ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયેરે, દોષ અબોધ લખાવ ॥ સંભવ૦

॥૨॥ ચરમાવર્ત [1]હો ચરમ કરણ[2] તથારે, ભવ પરિણતિ પરિપાક; દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક ॥ સંભવ ॥૩॥ પરિચય પાતિક ઘાતિક[3] સાધુશુ રે, અકુશલ અપચય ચેત; ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરીરે, પરિશીલન નયહેત ॥ સંભવ૦ ॥૪॥ કારણ જોગે હો કારજ નીપજેરે, એમાં કોઈ ન વાદ; પણ કારણ વિણ કારજ સાધિયેરે, એ નિજ મત ઉનમાદ ॥ સંભવ૦ ॥૫॥ મુગ્ધ સુગમ કરી સેવન આદરેરે, સેવન અગમ અનૂપ; દેજો કદાચિત સેવક યાચનારે, આનંદઘન રસ રૂપ ॥ સંભવ૦ ॥૬॥

## ૫ શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન.

ધણરા ઢોલા-એ દેશી.

શ્રી સંભવ જિનરાજજીરે, તાહરૂં અકલ સ્વરૂપ, જિનવર પૂજો; સ્વપર પ્રકાશક દિનમણિરે, સમતા રસનો ભૂપ ॥ જિનવર૦ ॥૧॥ પૂજો પૂજોરે

---

૧ છેલું પુદ્‌ગળ પરાવર્ત્ત. ૨ અનિવૃત્તિકરણ ૩ પાપસંહારક.

ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ ॥ જિ૦ ॥ એ આંકણી ॥ અવિસંવાદ નિમિત્તછોરે, જગ જંતુ સુખ કાજ ॥જિ૦ ॥ હેતુ સત્ય બહુ માનથીરે, જિન સેવ્યાં શિવરાજ ॥ જિ૦ ॥૨॥ ઉપાદાન આતમ સહીરે,પુષ્ટાલંબન દેવ ॥ જિન૦ ॥ ઉપાદાન કારણ પણેરે, પ્રગટ કરે પ્રભુ સેવ ॥ જિન૦ ॥૩॥ કાર્ય ગુણ કારણપણેરે, કારણ કાર્ય અનૂપ ॥જિન૦ ॥ સકલ સિદ્ધતા તાહરીરે, માહારે સાધનરૂપ ॥ જિન૦ ॥૪॥ એકવાર પ્રભુ વંદનારે, આગમ રીતે થાય ॥ જિન૦॥ કારણ સત્યે કાર્યનીરે, સિદ્ધિ પ્રતીત કરાય ॥ જિન૦ ॥૫॥ પ્રભુપણે પ્રભુ ઓળખીરે, અમલવિમલ ગુણ ગેહ ॥ જિન૦ ॥ સાધ્યદૃષ્ટિ સાધકપણેરે, વંદેધન્ય નર તેહ ॥ જિ૦ ॥૬॥ જન્મ કૃતારથ તેહનોરે, દિવસ સફલ પણ તાસ ॥ જિ૦ ॥ જગત શરણ જિન ચરણનેરે, વંદે ધરિય ઉલ્લાસ ॥ જિ૦ ૭॥ નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ *અનંતનું ઠાણ ॥ જિ૦ ॥ દેવચંદ્ર જિનરાજજીરે, શુદ્ધ* સિદ્ધ સુખ ખાણ ॥ જિન૦ ૮ ॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન.

મન મધુકર મોહી રહ્યો - એ દેશી.

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ ગ્યાતારે; ખામી નહીં મુજ ખિજમતે, કદીય હોશો ફલદાતારે ॥ સંભવ૦ ॥૧॥ કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનો રે; જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનોરે ॥ સંભવ૦ ॥૨॥ ખોટ ખજાને કો નહીં, દીજીએ વંછિત દાનોરે; કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે ॥ સંભવ૦ ॥૩॥ કાળ લબધી મુજ મતિગણો, ભાવ લબધિ તુમ હાથેરે; લડથડતું પણ ગજ બચ્ચુ, ગાજે ગયવર સાથેરે ॥ સંભવ૦ ॥૪। દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે; વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુઝ સાચું રે ॥ સંભવ૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી સંભવનાથ સ્વામીની સ્તુતિ

સંભવ સ્વામી સેવીએ, ધન્ય સજ્જન દીહા; જિન ગુણ માળા ગાવતાં, ધન્ય તેહની જીહા; વચણ સુગંગ તરંગમાં, ન્હાતાં શિવ ગેહી; ત્રિમુખસુર દુરિતારીકા, શુભ વીર સ્નેહી ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત શ્રી સંભવનાથ સ્વામીની સ્તુતિ

સંભવ સુખદાતા,જેહ જગમાં વિખ્યાતા ષટજીવોના ત્રાતા, આપતા સુખશાતા; માતાને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા; દુઃખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા ॥૧॥

ઈતિ શ્રી સંભવનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

◈◈◈

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન.

ચવ્યા જયંત વિમાનથી, અભિનંદન જિન ચંદ; પુનર્વસુમાં જનમિયા, રાશિ મિથુન સુખકંદ ॥૧॥ નયરી અયોધ્યાનો ધણી, યોનિવર મંજાર; ઉગ્ર વિહારે તપ તપ્યા, ભૂતલ વરસ અઢાર ॥૨॥ *વળી રાયણ પાદ પતલેએ, વિમલ નાણ ગણદેવ;* મોક્ષ સહસમુનિશું ગયા, વીર કરે નિત્ય સેવ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન; કપી લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન ॥૧॥ સિદ્ધાર્થા જસ માવડી, સિદ્ધારથ જસ તાય; સાડાત્રણશેં ધનુષ્ય માન, સુંદર જસ કાય ॥૨॥ વિનીતા વાસી વંદીએ એ, આયુ લખ પચાસ; પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા; વૈશાખ શુદી ચોથિ માઘ, શુદિ બીજે જાયા ॥૧॥ મહાશુદિ બારશે ગ્રહીય દીક્ષા, પોશી શુદિ ચઉદશ; કેવળ શુદિ વૈશાખની, આઠમે શિવસુખ રસ ॥૨॥ ચોથા જિનવરને નમીએ, ચઉગતિ ભ્રમણ નિવાર; જ્ઞાનવિમલ ગણપતિ કહે, જિન ગુણનો નહીં પાર ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

રાગ ધન્યાશ્રી - સિંધુઓ

આજ નિહેજોરે દીસે નાહલો-એ દેશી.

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ; મત મત ભેદેરે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ ॥ અભિનંદન૦ ॥૧॥ સામાન્યે કરી દરિસણ દોહલું, નિર્ણય સકલ વિશેષ; મદમેં ઘેર્યોરે અંધો કેમ કરે, રવિશશિરૂપ વિલેખ ॥ અભિ૦ ॥૨॥ હેતુ વિવાદે હો ચિત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ; આગમવાદે હો ગુરૂ ગમ કો નહીં, એ સબલો વિષવાદ ॥ અભિ૦ ॥૩॥ ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ; ધીઠાઈ કરી મારગ સંચરૂ, સેંગૂ[1]કોઈન સાથ ॥ અભિ૦ ॥ ॥૪॥ દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન; જેહનેં પીપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન ॥ અભિ૦ ॥૫॥ તરસ[2] ન આવે હો

---

૧ માર્ગદર્શક ભોમિયો. ૨ ત્રાસ

મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ; દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી, આનંદઘન મહારાજ ॥અભિ૦ ॥૬॥

## ૫ શ્રી દેવચંદજી કૃત સ્તવન

બ્રહ્મચરિજ પદ પૂજીએ, - એ દેશી.

ક્યું જાણું ક્યું બની આવહી, અભિનંદન રસ રીતિ હો મિત્ત; પુદ્ગલ અનુભવ ત્યાગથી કરવી જસુ પરતીત હો મિત્ત ॥ ક્યું૦ ॥૧॥ પરમાતમ પરમેશ્વરૂ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત; દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત ક્યું૦ ॥૨॥ શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત; આતમ વિભુતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત ॥ ક્યું૦ ॥૩॥ પણ જાણું આગમ બળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત; પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત હો ॥ ક્યું૦ ॥૪॥ પર પરિણામિક્તા અછે, જે તુજ પદ્ગલ જોગ હો મિત્ત; જડ[1] ચલ[2] જગની એઠનો, ન ઘટે

---

૧ સ્થાવર ૨ ત્રસ

તુઝને ભોગ હો મિત્ત ॥ ક્યું૦ ॥૫॥ શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત; આત્માલંબી ગુણ લહી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત ॥ ક્યું૦ ॥૬॥ જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત; તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત ॥ ક્યું૦ ॥૭ સ્વ સ્વરૂપ એકત્વતા સાધે પુર્ણાનંદો હો મિત્ત; રમે ભોગવે આતમા રત્નત્રયી ગુણ વૃંદ હો મિત્ત ॥ ક્યું૦ ॥૮॥

અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત; દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત ॥ ક્યું૦ ૯॥

## ૬ શ્રી યશોવિજયજી કૃત સ્તવન.

સુણજો હો પ્રભુ - એ દેશી.

દીઠી હો પ્રભુ, દીઠી જગગુરૂ તુઝ, મુરતિ હો પ્રભુ, મુરતિ મોહન વેલડીજી; મીઠી હો પ્રભુ, *મીઠી તાહરી વાણી, લાગે હો પ્રભુ, લાગે જેસી* સેલડીજી ॥૧॥ જાણું હો પ્રભુ, જાણું જન્મ ક્યથ્થ, જોઊં હો પ્રભુ, જોઊં તુમ સાથે મિલ્યોજી; સુરમણિ

હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ, આંગણે હો પ્રભુ, આંગણે મુઝ સુરતરૂ ફલ્યોજી ॥૨॥ જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકુર; માગ્યાં હો પ્રભુ, મુહ માંગ્યાં પાસા ઢલ્યાજી; વૂઠ્યા હો પ્રભુ, વૂઠ્યા અમિરસ મેહ; નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વલ્યાજી ભુખ્યા હો પ્રભુ ભુખ્યાં મલ્યા ઘૃતપુર,[૧] તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દીવ્ય ઉદક મીલ્યાજી; થાક્યાં હો પ્રભુ, થાક્યાં મિલ્યા સુખપાલ,ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન હેજે હલ્યાજી ॥૪॥ દીવો હો પ્રભુ, દીવો નિશાવિન ગેહ, સાથી હો પ્રભુ, સાથી થલ જલ નૌકા મલિજી; કલિજુગે હો પ્રભુ, કલિજુગે દુલ્લહો મુઝ, દરિસન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફળીજી ॥૫॥ વાચક હો પ્રભુ વાચક યશ તુમ દાસ, વીનવે હો પ્રભુ, વીનવે અભિનંદન સુણોજી; કહીએ હો પ્રભુ, કહીએ મ દેશો છેહ, દેજો હો પ્રભુ, દેજો સુખ દરિશણ તણોજી ॥૬॥

---

૧ ઘેબર

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી અભિનંદન સ્વામીની સ્તુતિ

અભિનંદન ગુણ માલિકા, ગાવંતી અમરાલીકાઃ કુમતકી પરજાલીકા, શિવ વહુ વરમાલિકા; લગે ધ્યાનકી તાલિકા, આગમની પરનાલિકા; ઈશ્વરો સુર બાલિકા, વીર નમે નિત્ય કાલિકા ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ.

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો; થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો; પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો; જિન પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો ॥૧॥

**ઈતિ શ્રી અભિનંદન સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી સુમતિનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયોધ્યા ઠામ; રાક્ષસગણ પંચમ પ્રભુ, સિંહ રાશિ ગુણ ધામ ॥૧॥ મઘા નક્ષત્રે જનમિયા, મુષક યોનિ જગદીશ, મોહરાય સંગ્રામમાં વરસ ગયાં છવીશ ॥૨॥ જીત્યો પ્રિયંગુ તરૂ તલેએ, સહસ મુનિ પરિવાર; અવિનાશી પદવી વર્યા, વીર નમે સાવાર ॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત્ય ચૈત્ય૦

સુમતિનાથ સુહંકરૂ, કોશલ્લા જસ નયરી; મેઘરાય મંગલતાણો, નંદન જિત વયરી ॥૧॥ કૌંચ લંછન જિનરાજીયો, ત્રણશેં ધનુષની દેહ; ચાલીશ લાખ પુરવતણું, આયુ અતિ ગુણ ગેહ ॥૨॥ સુમતિ ગુણે કરી જે ભર્યોએ, તર્યો સંસાર અગાધ; તસ પદ પદ્મ સેવાથકી, લહો સુખ અવ્યાબાધ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

શ્રાવણ સુદ બીજે ચવ્યા, મેહેલીને જયંત; પંચમી ગતિદાયક નમું, પંચમ જિન સુમતિ ॥૧॥ શુદિ વૈશાખની આઠમે, જનમ્યા તેમ સંયમ; શુદિ

નવમી વૈશાખની, નિરૂપમ જસ શમદમ ॥૨॥ ચૈત્ર ઇગ્યારશ ઉજલીએ, કેવલ પામે દેવ; શિવ પામ્યા તિણ નવમીએ, નય કહે કરો તસ સેવ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત સ્તવન.

રાગ વસંત તથા કેદારો.

સુમતિ ચરણકજ આતમ અરપણો, દરપણ જિમ અવિકાર, સુગ્યાની; મતિ તરપણ બહુ સમ્મત જાણિયે, પરિસર પણ સુવિચાર, સુગ્યાની ॥ સુમતિ૦ ॥૧॥ ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ ॥સુ૦ ॥ બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ ॥સુ૦॥ સુમતિ૦ ॥૨॥ આતમ બુધ્ધે કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ ॥સુ૦ ॥ કાયાદિકનો હો સા ખીધર રહ્યો, અંતર આતમ રૂપ ॥સુ૦॥ સુમતિ૦॥ ॥૩॥ જ્ઞાનાનંદે હો પુરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ ॥સુ૦॥ અતીંદ્રિય ગુણગણ મણિ આગરૂ, એમ પરમાતમ સાધ ॥સુ૦॥ સુમતિ૦ ॥૪॥ બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ ॥સુ૦॥ પરમાતમનું

હો આતમ ભાવવું,આતમ અર્પણ દાવ ॥સુ૦॥ સુમતિ૦॥૫॥ આતમઅર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ ॥સુ૦॥ પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ સુ૦॥ સુમતિ૦ ॥૬॥

# ૫. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી સુમતિનાથ સ્વામીનું સ્તવન.

દેશી કડખાની.

અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામ રામી; નિત્યતા એક્તા અસ્તિતતા ઈતરયુત, ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી ॥ અહો૦ ॥૧॥ ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે, ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી આત્મ ભાવે રહે અપરતા નવિ ગ્રહે, લોક પ્રદેશ મિત પણ અખંડી ॥ અહો૦ ॥૨॥ કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ, કાર્ય ભેદે કરે પણ અભેદી; ક્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે, સકલવેત્તા થકો પણ અવેદી ॥અહો૦ ॥૩॥ શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા, સહજ નિજ ભાવ ભોગી અયોગી,

સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી, શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી ॥ અહો૦ ॥૪॥ વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી, એટલે કોઈ પ્રભુતા ન પામે; કરે જાણે રમે અનુભવે તે પ્રભુ, તત્ત્વ સ્વામિત્વ શુચિતત્ત્વ ધામે ॥અહો૦ ॥૫॥ જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલલાધાર નહી તાસરંગી,પરતણો ઈશ નહી અપર ઐશ્વર્યતા, વસ્તુ ધર્મે કદા ન પરસંગી ॥ અહો૦ ॥૬॥ સંગ્રહે નહી આપે નહી પરભણી, નવિ કરે આદરે ન પર રાખે; શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે ॥ અહો૦ ॥૭॥ તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તેણે તત્ત્વ ઈહે; તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો, દોષ ત્યાગે ટલે તત્ત્વ લીહે ॥ અહો૦ ॥૮॥ શુદ્ધ માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિ છંદે સત્તા આરાધે; આત્મ નિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે ॥અહો૦ ॥૯॥ માહરી શુદ્ધ સત્તા

તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો; દેવચંદ્રે સ્તવ્યો મુનિ ગણે અનુભવ્યો, તત્વ ભક્તે ભવિક સકલ રાચો ॥ અહો૦ ॥૧૦॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

ઝાંઝરીયા મુનિવરની દેશી.

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુઝ મન પ્રીતિ; તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ, સોભાગી જિનશુ લાગ્યો અવિહડ રંગ ॥૧॥ સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય; પરિમલ કસ્તુરીતણોજી, મંહીમાંહે મહકાય ॥ સોભાગી૦ ॥૨॥ આંગળીએ નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ; અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ ॥ સોભાગી૦ ॥૩॥ હુઓ છિપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ; પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુઝ પ્રેમ અભંગ ॥ સોભાગી૦ ॥૪॥ ઢાંકી ઈક્ષુ પલાલશુંજી, ન રહે લહિ વિસ્તાર; વાચક યશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર ॥ સોભાગી૦ ॥૫॥

# ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી સુમતિનાથ સ્વામીની સ્તુતિ

સુમતિ સ્વર્ગ દિયે અસુમંતને;૧ મમત મોહ નહીં ભગવંતને; પ્રગટ જ્ઞાન વરી શિવ બાલિકા, તુંબરૂ વીર નમે મહાકાલિકા ॥૧॥

# ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

સુમતિ સુમતિ દાઈ, મંગલા જાસ માઈ; મેરૂ ને રાઈ, ઓર એહમે૨ તુલાઈ; ક્ષય કીધાં ઘાઈ, કેવલજ્ઞાન પાઈ; નહિ ઉણીમ કાંઈ, સેવીયે એ સદાઈ ॥૧॥

ઈતિ શ્રી સુમતિનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

---

*૧ પ્રાણીને ૨ બીજો*

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી પદ્મપ્રભ સ્વામીનું ચૈત્યવંદન

ગ્રૈવેયક નવમા થકી, કોસંબી ઘરવાસ; રાક્ષસ ગણ નક્ષતરૂ, ચિત્રા કન્યારાશિ ॥૧॥ વૃક યોનિ પદ્મપ્રભુ, છદ્મસ્થા ષટ્માસ; તરૂ છત્રોઘે કેવલી, લોકાલોક પ્રકાશ ॥૨॥ ત્રિણ અધિક શત આઠશું એ, પામ્યા અવિચલ ધામ; વીર કહે પ્રભુ માહરે, ગુણશ્રેણી વિશ્રામ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય.

કોસંબી પુરી રાજીયો, ઘર નરપતિ તાય; પદ્મપ્રભુ પ્રભુતા મઈ, સુસીમા જસ માય ॥૧॥ ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાલી; ધનુષ અઢીશેં દેહડી, સવી કર્મને ટાલી ॥૨॥ પદ્મ લંછન પરમેસરૂએ, જિનપદપદ્મની સેવ; પદ્મવિજય કહે કીજીયે, ભવિજન સહુ નિત્ય મેવ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમળજી કૃત ચૈત્યં૦

નવમ ગ્રૈવેયકથી ચવી, મહાવદિ છઠ્ઠી દિવસે; કારતક વદિ બારશે જનમ, સુરનર સવિ હરસે ॥૧॥ વદિ તેરશ સંયમ ગ્રહેએ, પદ્મપ્રભ સ્વામી; ચૈત્રી પુનમ કેવલી, વળી શિવ ગતિ પામી ॥૨॥ માગશર વદિ ઈગ્યારશેએ, રક્ત કમલસમ વાન; નયન વિમલ જિનરાયનું, ધરીએ નિરમલ ધ્યાન ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત
## શ્રી પદ્મપ્રભ સ્વામીનું સ્તવન

રાગ મારૂ તથા સિંધુઓ

ચાંદલિયા સંદેશો કહેજે માહરા કંતનેરે-દેશી.

પદ્મપ્રભ જિન તુઝ મુઝ આંતરૂં રે, કિમ ભાંજે ભગવંત; કર્મ વિપાકે કારણ જોઈનેરે, કોઈ કહે મતિમંત ॥ પદ્મપ્રભ૦ ॥૧॥ પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથીરે, મૂલ ઉત્તર બહુ ભેદ; ઘાતી અઘાતી હો

બંધોદય ઉદીરણારે, સત્તા કર્મ વિચ્છેદ ॥ પદ્મપ્રભ૦ ॥૨॥ કનકોપલવત્ પયડિ પુરૂષ[1] તણીરે, જોડી અનાદિ સ્વભાવ;અન્ય સંજોગી જિહાં લગે આતમારે, સંસારી કહેવાય ॥ પદ્મપ્રભ ॥૩॥ કારણ જોગે હો બંધે બંધનેરે, કારણ મુગતિ મુકાય; આશ્રવ સંવર નામ અનુક્રમેરે, હેય ઉપાદેય સુણાય ॥ પદ્મપ્રભ ॥૪॥ યુંજન કરણે હો અંતર તુઝ પડ્યોરે, ગુણ કરણે કરી ભંગ; ગ્રંથ ઉક્તે કરી પંડિતજન કહ્યોરે, અંતર ભંગ સુઅંગ ॥ પદ્મપ્રભ૦ ॥૫॥ તુજ મુઝ અંતર અંતર ભાંજશેરે, વાજશે મંગલ તૂર; જીવ સરોવર અતિશય વાધશેરે, આનંદઘન રસપૂર ॥ પદ્મ પ્રભ૦ ॥૬॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

હું તુજ આગલ શી કહું કેશરીયાલાલ - એ દેશી.

શ્રી પદ્મપ્રભ જિન ગુણ નિધિરે લાલ, જગ તારક જગદીશરે, વાલ્હેસર, જિન ઉપગારથકી

---

૧ કર્મ પ્રકૃતિને જીવ

લહેરે લાલ, ભવિજન સિદ્ધિ જગીશરે ॥ વાલ્હેસર ॥૧॥ તુઝ દરિસણ મુઝ વાલહું રે લાલ, દરિસણ શુદ્ધ પવિત્તરે ॥વા૦॥ દરિસન શબ્દનયે કરેરે લાલ, સંગ્રહ એવં ભૂતરે ॥વા૦॥ ॥ તુ૦ ॥૨॥ બીજે વૃક્ષ અનંતતારે લાલ, પસરે ભૂજલ યોગરે ॥વા૦॥ તિમ મુઝ આતમસંપદારે લાલ, પ્રગટે પ્રભુ સંયોગરે ॥વા૦ ॥તુ૦ ॥૩॥ જગત જંતુ કારજ રૂચિરે લાલ; સાધે ઉદયે ભાણરે વા૦ ॥ ચિદાનંદ સુવિલાસતારે લાલ, વાધે જિનવર ઝાણરે ॥વા૦॥ તુ૦ ॥૪॥ લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઉપજે સાધન સંગરે ॥વા૦ ॥ સહજ અધ્યાતમ તત્ત્વતારે લાલ, પ્રગટે તત્ત્વી રંગરે ॥વા૦ ॥ તુ૦ ॥૫॥ લોહ ધાતુ કંચન હુવેરે લાલ, પારસ ફરસન પામિરે ॥વા૦ ॥ પ્રગટે અધ્યાતમ દશારે લાલ, વ્યક્ત ગુણી ગુણ ગ્રામરે ॥ વા૦ ॥ તુ૦ ॥૬॥ આત્મ સિદ્ધિ કારજ ભણીરે લાલ, સહજ નિયામક હેતુરે ॥વા૦ ॥ નામાદિક જિનરાજનાંરે લાલ, ભવસાગરમાંહે સેતુરે ॥વા૦॥ તુ૦ ॥૭॥ સ્થંભન ઇંદ્રિય યોગનોરે લાલ, રક્ત વરણ ગુણ રાયરે ॥વા૦॥ દેવચંદ્ર વૃંદે સ્તવ્યોરે લાલ, આપ અવર્ણ અ કાયરે ॥ વા૦ ॥ તુ૦ ॥૮॥

## ૬. શ્રી યસોવિજયજી કૃત સ્તવન

સહજ સલુણા હો સાધુજી-એ દેશી.

પદ્મપ્રભ જિન જઈ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી; કાગળને મશિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી;સુગુણ સનેહા રે કદિય ન વિસરે. એ આંકણી ॥૧॥ ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહીં, જેહ કહે સંદેશોજી; જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી ॥ સુગુણ૦ ॥૨॥ વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી; ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી ॥ સુગુણ૦ ॥૩॥ સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી; હોડાહોડેરે બિહુ રસરીઝથી, મનના મનોરથ સીઝેજી ॥ સુગુણ૦ ॥૪॥ પણ ગુણવંતારે ગોઠે ગાજિયે, મોહોટા તે વિશ્રામજી; વાચક યશ કહે એહજ આશરે, સુખ હુલં ઠામોઠામજી ॥ સુગુણ૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત
## શ્રી પદ્મપ્રભ સ્વામીની સ્તુતિ

પદ્મપ્રભુહત છદ્માવસ્થા, શિવસદ્રે સિદ્ધા અરૂપસ્થા; નાણને દંસણ દોય વિલાસી, વીર કુસુમ શ્યામા જિનપાસી ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

અઢીશે ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા; સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા; કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુર રાયા, મોક્ષનગરે સધાયા ॥૧॥

ઈતિ શ્રી પદ્મપ્રભ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિસમાપ્ત.

## ૧. શ્રી વીરવિજયજી કૃત
## શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન.

ગ્રૈવિજ છઠેથી ચવ્યા, વાણારશી પુરીવાસ; તુલા વૈશાખા જનમિયા, તપ તપિયા નવ માસ ॥૧॥
ગણ રાક્ષસ વૃક્ષ્યોનિએ, શોભે સ્વામી સુપાસ;

સરિસ તરૂ તલે કેવલી, ઝેય અનંત વિલાસ ॥૨॥ મહાનંદ પદવી લહીએ, પામ્યા ભવનો પાર; શ્રી શુભવીર કહે પ્રભુ, પંચસયાં પરિવાર ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યo

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાળો ભવફેરો, પૃથ્વી માતાને ઉરે, જાયો નાથ હમેરો ॥૧॥ પ્રતિષ્ઠિત સુત સુંદરૂં, વાણારશી રાય; વીશ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય ॥૨॥ ધનુષ બશેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર; પદ પદ્મે જસ રાજતો, તાર તાર મુજ તાર ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યo

છઠ્ઠા ગ્રૈવેયકથી ચવ્યા, જિનરાજ સુપાસ; ભાદરવા વદી આઠમે, અવતરિયા ખાસ ॥૧॥ જેઠ શુક્લ બારશે જણ્યા, તસ તેરશે સંયમ; ફાગુણવદિ છઠે કેવલી, શિવ લહે તસ સત્તમિ ॥૨॥ સત્તમ જિનવર નામથી એ, સાતે ઈતિ[૧] શમંત; જ્ઞાનવિમલ સૂરિ નિત્ય લહે, તેજ પ્રતાપ મહંત ॥૩॥

---

૧ ધાન્ય ઉત્પત્તિમાં ઉપદ્રવ કરનાર જીવોત્પત્તિ વિગેરે

# ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

રાગ સારંગ તથા મલ્હાર. લલનાની દેશી.

શ્રી સુપાસ જિન વંદિયે, સુખ સંપત્તિનો હેતુ લલના ॥ શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ ॥ લલના । શ્રી સુપાસ૦ ॥૧॥ સાત મહા ભય ટાલતો, સપ્તમ જિનવર દેવ, લ૦ ॥ સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ ॥ લ૦ શ્રી સુ૦ ॥૨॥ શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લ૦ ॥ જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સરૂપ અસમાન ॥ લ૦ શ્રી સુ૦ ॥૩॥ અલખ નિરંજન વરછલુ, સકલ જંતુ વિશરામ, લ૦॥ અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ ॥લ૦ શ્રી સુ૦ ॥૪॥ વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ, લ૦ ॥ નિદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિત યોગ ॥લ૦ શ્રી સુ૦ ॥ ૫ ॥ પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લ૦ ॥ પરમ પદારથ પરમિષ્ટિ, પરમદેવ પરમાન્ન ॥લ૦॥ શ્રી સુ૦

॥૬॥ વિધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ, લ૦ ॥ અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ ॥ લ૦ શ્રી સુ૦ ॥ડ॥ એમ અનેક અભિધા[1] ધરે, અનુભવ ગમ્ય વિચાર, લ૦ ॥ જેંહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર ॥લ૦ ॥ શ્રી સુ૦ ॥૮॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત

## શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

હો સુંદર ! તપ સરિખો જગ કો નહીં-એ દેશી.

શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી૦ ॥ જ્ઞાનાનંદે પુરણો, પવિત્ર ચરિત્રાનંદહો ॥ જિ૦ શ્રી સુપાસ ॥૧। સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો જિ૦ ॥ કર્ત્તા પદ કિરિયા વિના, સંત અજેય અનંત હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥૨॥ આગમ અગોચર અમર તું, અવ્યય ઋદ્ધિ સમુહહો જિ૦ ॥ વર્ણ ગંધરસ ફરસવિણુ, નિજ ભક્તા ગુણ વ્યુહ હો ॥ જિ૦ ॥ શ્રીસુ૦ ॥૩॥ અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો જિ૦ ॥

---

૧ નામો

વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગહો ॥ જિશ્રી સુ૦ ॥૪॥ એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો જિ૦ ॥ નિરૂપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીનહો ॥જિ૦ શ્રી સુ૦ ॥૫॥ એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો જિ૦ ॥ તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માયહો ॥ જિ૦ શ્રી સુ૦ ॥૬॥ એમ અનંત ગુણનો ધણી, ગુણ ગણનો આનંદહો જિ૦ ॥ ભોગ રમણ આસ્વાદ યુત, પ્રભુતું પરમાનંદહો ॥ જિ૦ શ્રીસુ૦ ॥૭॥ અવ્યાબાધ રૂચિ થઈ, સાધે અવ્યાબાધ હો જિ૦ ॥ દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥૮॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

લાછલદે માત મલાર-એ દેશી.

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ; આજહો છાજેરે ઠકુરાઈ, પ્રભુ તુઝ પદ તણીજી ॥૧॥ દિવ્ય ધ્વનિ સુર ફુલ, ચામર છત્ર અમૂલ;આજ હો રાજેરે ભામંડલ, ગાજેરે દુદુંભિજી ॥૨॥ અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર; આજ હો

કીધારે ઓગણીશે સુરગણ ભાસુરેજી ॥૩॥ વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ; આજહો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી ॥૪॥ સિંહાસન અશોક, બેઠા મોહે લોક; આજ હો સ્વામીરે શિવ ગામી, વાચક યશ થુણ્યોજી ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃતશ્રી સુપાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ

અષ્ટ મહા પડિહારશ્યું એ, શોભે સ્વામી સુપાસ તો; મહા ભાગ્ય અરિહા પ્રભુ એ, સુર નર જેહના દાસ તો; ગુણ અતિશય વરણવ્યા એ; આગમ ગ્રંથ મોઝાર તો; માતંગ શાંતા સૂર સુરિએ, વીર વિઘન અપહાર તો ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી; હૃદયે પહેચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી; ષટ્ દ્રવ્યશ્યું જાણી, કર્મ પીલે જયું ઘાણી ॥૧॥

ઈતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું ચૈત્યવંદન.

ચંદ્રપ્રભુ ચંદ્રાવતી, પુરિ ચવિયા વિજયંત; અનુરાધાએ જનમિયા, વૃશ્ચિક રાશિ મહંત ॥૧॥ મૃગયોનિ ગણ દેવનો, કેવલવિણ ત્રિક્માસ; પામ્યા નાગ તરૂતલે, નિર્મલ નાણ વિલાસ ॥૨॥ પરમાનંદ પદ પામિયા એ, વીર કહે નિરધાર; સાથે સલુણા શોભતા, મુનિવર એક હજાર ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

લક્ષ્મણા માતા જનમીયા, મહસેન જસ તાય; ઉડુપતિ[1] લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥૧॥ દશલખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ; સુરનર પતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ ॥૨॥ ચંદ્રપ્રભુ જિન આઠમાએ, ઉત્તમ પદ દાતાર; પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર ॥૩॥

---

૧ ચંદ્ર

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ સમદેહ; અવતરિયા વિજયંતથી, વદિ પંચમી ચૈત્રેહ ॥૧॥ પોસ વદિ બારશે જનમિયા, તસ તેરશે સાધ; ફાગુણ વદિની સાતમે, કેવલ નિરાબાધ ॥૨॥ ભાદ્રવ સત્તમિ શિવ લહ્યાએ, પૂરી પૂરણ ધ્યાન; અહ મહા સિદ્ધિ સંપજે, નય કહે જિન અભિધાન ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત

## શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન

રાગ કેદારો તથા ગોડી.

કુમરી રોવે આક્રંદ કરે, મુને કોઈ મૂકાવે-દેશી.

દેખણને દેરે સખિ, મુને દેખણદે, ચંદ્રપ્રભ મુખ ચંદ સખિ૦ ॥ ઉપશમ રસનો કંદ સ૦ સેવે સુરનર ઈંદ સખિ૦ ॥ ગત કલિમલ દુઃખ દ્વંદ । સખિ૦ ॥ મુને૦ ॥૧॥ સુહમ નિગોદે ન દેખિયો સખિ૦ ॥ બાદર અતિહિ વિશેષ સ૦ ॥ પુઢવી આઉ ન લેખિયો સ૦ ॥ તેઉ વાઉ ન લેશ ॥ સ૦ ॥૨॥

વનસ્પતિ અતિ ઘણ દિહા સ૦ ॥ દીઠો નહીય દીદાર સ૦॥ બિ તિ ચઉ-રિંદી જવ લિહા સ૦ ॥ ગતિ સન્નિ પણ ધાર ॥ સ૦ ॥ ૩ ॥ સુર તિરિ નિરય નિવાસમાં સ૦ ॥ મનુજ અનારજ સાથ સ૦ ॥ અપજ્જતા પ્રતિભાસમાં સ૦॥ ચતુર ન ચઢીયો હાથ સ૦ ॥૪॥ એમ અનેક થલ જાણિયે સ૦ ॥ દરિસણ વિણુ જિન દેવ ॥ સ૦ ॥ આગમથી મતિ આણિયે સ૦ ॥ કીજે નિર્મલ સેવ ॥ સ૦ ॥ ૫ ॥ નિર્મલ સાધુ ભગતિ લહી સ૦ ॥ યોગ અવંચક હોય સ૦ ॥ કિરિયા અવંચક તિમ સહી સ૦ ॥ ફલ અવંચક જોય ॥ સ૦ ॥ ૬ ॥ પ્રેરક અવસર જિનવરૂ સ૦ ॥ મોહનીય ક્ષય જાય સ૦ ॥ કામિત પૂરણ સુરતરૂ સ૦ ॥ આનંદઘન પ્રભુ પાય ॥ સ૦ ॥ ૭ ॥

## ૫ શ્રી દેવચંદજી કૃત સ્તવન.

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી-એદેશી.

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાએ જે હલિયાજી; આતમ ગુણ અનુભવથી મલિયા, તે ભવ ભયથી ટલિયાજી ॥ શ્રી ચંદ્ર પ્રભ૦ ॥ ૧ ॥

દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વલી ગુણગ્રામોજી; ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિ:કામોજી ॥ શ્રી૦ ॥ ૨ ॥ ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી; સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી ॥ શ્રી૦ ॥ ૩ ॥ વ્યવહારે બહુ માન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી; પ્રભુ ગુણ આલંબી પરિણમે, ઋજુ પદ ધ્યાન સ્મરણાજી ॥ શ્રી૦॥ ૪ ॥ શબ્દે શુક્લ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી; બીઅશુક્લ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી ॥ શ્રી૦॥ ૫ ॥ ઉત્સર્ગે સમક્તિ ગુણ પ્રગટયો, નૈગમ પ્રભુતા અંશેજી; સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી ॥ શ્રી૦ ॥ ૬ ॥ ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આત્મ શક્તિ પ્રકાશેજી; યથાખ્યાત પદ શબ્દે સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી ॥ શ્રી૦ ॥ ૭ ॥ ભાવ સયોગિ અયોગિ શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી; સાધનતાએ નિજ ગુણ વ્યક્તિ, તેહ સેવના

વખાણોજી ॥ શ્રી૦ ॥ ૮ ॥ કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી; આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃતિ નિસર્ગેજી ॥ શ્રી૦ ॥ ૯ ॥ કારણભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી; કારજ સિધ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી; શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી ॥ શ્રી૦ ॥ ૧૧ ॥

## ૬ શ્રી યશોવિજયજી કૃત સ્તવન.

ધણરા ઢોલા- એ દેશી.

ચંદ્ર પ્રભુ જિન સાહેબારે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા; સેવા જાણો દાસનીરે, દેશો પદ નિરવાણ ॥ મનના માન્યા ॥ આવો આવોરે ચતુર સુખ ભોગી, કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠે પ્રગટે પ્રેમ ॥ મનના માન્યા ॥ ૧ ॥ આંકણી ॥ ઓછું અધિકું પણ કહેરે, આસંગાયત[1] જેહ ॥ મ૦ ॥ આપે ફલ જે અણ કહેરે ગિરૂઓ

[1] રાગી-પ્રેમી

સાહેબ તેહ ॥ મ૦ ॥ ૨ દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ ॥ મ૦ ॥ જલ દીયે ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ ॥ મ૦ ॥ ૩ ॥ પીઉ પીઉ કરી તુમને જપુંરે, હું ચાતક તુમે મેહ ॥ મ૦ ॥ એક લહેરમાં દુઃખ હરોરે, વાધે બમણો નેહ ॥ મ૦ ॥ ૪ ॥ મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ॥ મ૦ ॥ વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય ॥ મ૦ ॥ ૫ ॥

## ૭ શ્રી વીર વિજયજી કૃત
## શ્રી ચંદ્રપ્રભ સ્વામીની સ્તુતિ.

ચંદ્રપ્રભુ મુખ ચંદ્ર માં, સખી જોવા જઇએ; દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મલતા થઇએ; વાણી સુધારસ વેલડી, સુણીએ તતખેવ; ભજે ભદંત ભૃકુટિકા, વીર વિજય તે દેવ ॥ ૧ ॥

## ૮ શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ.

સેવે સુર વૃંદા જાસ ચરણારવિંદા; અષ્ઠમ જિણચંદા, ચંદ વરણે સોહંદા; મહસેન, નૃપ નંદા, કાપતા દુઃખ દંદા; લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા ॥૧॥

**ઇતિ શ્રી ચંદ્રપ્રભ સ્વામીનાં ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

❖❖❖

## ૧ શ્રી વીર વિજયજી કૃત શ્રી સુવિધિનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સુવિધિનાથ સુવિધિ નમું. શ્વાન યોનિ સુખકાર; આવ્યા આનત સ્વર્ગથી, કાકંદી અવતાર ॥ ૧ ॥ રાક્ષસ ગણ ગુણવંતને, ધનરાશિ રિખમૂલ; વરસ ચાર છદ્મસ્થમાં કર્મ શશક[૧] શાર્દૂલ[૨] ॥ ૨ ॥ મલ્લિ તરૂતલે કેવલીએ, સહસ મુનિ સંઘાત; બ્રહ્મ મહોદય પદ વર્યા, વીર નમે પરભાત ॥ ૩ ॥

---

૧ હરણ ૨ સિંહ

## ૨ શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય.

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત, મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત ॥૧॥ આયુ બે લાખ પુરવતણું, શત ધનુષની કાય; કાકંદી નગરી ધણી, પ્રણમું પ્રભુ પાય ॥ ૨ ॥ ઉત્તમ વિધિ જેહ થી લહો એ, તિણે સુવિધિ જિન નામ; નમતાં તસ પદ પદ્મને, લહીએ શાશ્વત ધામ ॥ ૩ ॥

## ૩ શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય.

ગોરા સુવિધિ જિણંદ નામ, બીજું પુષ્પ દંત; ફાગુણ વદિ બીજે ચવ્યા, મહેલી સુર આનત ॥૧॥ માગશર વદિ પંચમી જણ્યા, તસ છઠે દીક્ષા; કાર્તિક શુદિ ત્રીજે કેવલી, દિએ બહુ પરે શિક્ષા ॥૨॥ શુદિ નવમી ભાદ્રવાતણીએ, અજર અમર પદ હોય; ધીરવિમલ સેવક કહે, એ નમતાં સુખ જોય ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી સુવિધિનાથ સ્વામીનું સ્તવન

રાગ કેદારો, એમ ધન્નો ધણને પરણાવે-એ દેશી.

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી

એમ કીજેરે; અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજેરે ॥ સુવિધિ૦ ॥૧॥ દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએરે; [1]દહ તિગ [2]પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએરે ॥સુ૦ ॥૨॥ કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખીરે; અંગ પૂજા પણ ભેદી સુણી એમ, ગુરૂ મુખ આગમ ભાખીરે ॥ સુ૦ ॥૩॥ એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતરને પરંપરરે; આણા પાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિરરે ॥સુ૦ ॥૪॥ ફુલ અક્ષત વર ધુપ પઈવો, ગ નૈવેદ્ય ફલ જલ ભરીરે; અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરીરે ॥ સુ૦ ॥૫॥ સત્તર ભેદ એકવીશ પ્રકારે, [3]અઠોત્તર શત ભેદેરે; ભાવ પૂજા બહુ વિધિ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે ॥ સુ૦ ॥૬॥ તુરિય[4] ભેદ પડિવત્તી[5] પૂજા, ઉપશમ ખીણ સયોગીરે; ચઉહા પૂજા ઈમ ઉત્તરઝયણે[6], ભાખી કેવલ ભોગીરે ॥ સુ૦ ॥૭॥ એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક

---

૧ દશત્રિક. ૨ પાંચ અભિગમ. ૩ અષ્ટોત્તરી-૧૦૮ પ્રકારી. ૪ ચોથો. ૫ પ્રતિપત્તિ. ૬ ઉત્રાધ્યયન સૂત્ર.

શુભ કરણી રે, ભવિક જીવ કરશે તે લહેશે, આનંદ ઘન પદ ધરણી રે ॥ સુ૦ ॥૮॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

### થારા મહેલા ઉપર મેહ, ઝરૂખે વીજલી હો લાલ-એ દેશી.

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સમાધિરસે ભર્યો; ભાસ્યું આત્મ સ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ, અ૦॥ સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ, થ૦॥ સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ ॥ ભ૦ ॥૧॥ તુમ પ્રભુ જાણગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ, સ૦ ॥ નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ, સ૦ ॥ પર પરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ, પણે૦ ॥ ભોગ્ય પણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ ॥ અ૦ ॥૨॥ દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હોલાલ, હતા૦ ॥ તે નિજ સનમુખ ભાવ, ગ્રહી લહી તુઝ દશા હો લાલ, ગ્ર૦॥ પ્રભુનો અદ્‌ભુત યોગ, સ્વરૂપ તણી રસા હો લાલ, સ્વ૦॥

ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ ॥
જ૦ ॥૩॥ મોહાદિકની ધુમિ, અનાદિની ઉત્તરે હો
લાલ ॥ અ૦ ॥ અમલ અખંડ અલિપ્ત, સ્વભાવજ
સાંભરે હોલાલ, સ્વ૦ ॥ તત્ત્વ રમણ શુચિ ધ્યાન,
ભણી જે આદરે હોલાલ, ભ૦॥ તે સમતારસ ધામ,
સ્વામી મુદ્રા વરે હો લાલ ॥ સ્વ૦ ॥૪॥ પ્રભુ છો
ત્રિભુવન નાથ, દાસ હું તાહરો હો લાલ, દા૦ ॥
કરૂણાનિધિ અભિલાષ, અછે મુઝએ ખરો હો લાલ,
અ૦ ॥ આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો
હો લાલ, સ૦ ॥ ભાસન વાસન એહ, ચરણ ધ્યાને
ધરો હો લાલ ॥ચ૦ ॥પ॥ પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ
પ્રભુતા લખે હો લાલ, પ્ર૦ ॥ દ્રવ્ય તણે સાધર્મ્ય,
સ્વસંપત્તિ ઓળખે હોલાલ; સ્વ૦ ॥ઓળખતાં
બહુમાન, સહિત રૂચિ પણ વધે હો લાલ, સ૦ ॥
રૂચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે હો લાલ ॥
ચ૦ ॥૬॥ ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ
ગુણરસી હો લાલ, થ૦ ॥ સત્તા સાધન શક્તિ,
વ્યક્તતા ઉલ્લસી હો લાલ, વ્યા૦ ॥ હવે સંપુરણ

સિદ્ધ, તણી શી વાર છે હો લાલ, ત૦ ॥ દેવચંદ્ર જિનરાજ, જગત આધાર છે હો લાલ ॥ જ૦ ॥૭॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

સુણ મેરી સજની રજની ન જાવેરે - એ દેશી.

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે, જગ ગુરૂ તુમને દિલમાં લાવું રે; કુણને એ દીજે સાબાશીરે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસીરે ॥ લઘુ૦ ॥ મુઝ મન અણુમાંહે ભક્તિ છે ઝઝીરે, તેહ દરીનો તું છે માજીરે; યોગી પણ જે વાત ન જાણેરે, તેહ અચરિજ કુણથી હુઓ ટાણેરે ॥ લઘુ૦ ॥૨॥ અથવા થિરમાંહી અથિર ન માવેરે, મહોટો ગજ દર્પણમાં આવે રે;જેહને તેજ બુદ્ધિ પ્રકાશીરે, તેહને દીજે એ સાબાશી રે ॥ લઘુ૦ ॥૩॥ ઉર્ધ્વ મૂળ તરૂઅર અધ શાખારે, છંદ પુરાણે એહવી છે ભાખારે; અચરિજ વાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે લઘુ૦ ॥૪॥ લાડ કરીજે બાળક બોલેરે, માતપિતા મન અમિયને તોલેરે; શ્રી નય વિજય વિબુધનો શીશોરે, યશ કહે ઈમ જાણો જગદીશોરે ॥ લઘુ૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી સુવિધિનાથ સ્વામીની સ્તુતિ

સુવિધિ સેવા કરતા દેવા, તજી વિષય વાસના;શિવ સુખ દાતા, ગ્યાતા ત્રાતા, હરે દુઃખ દાસના; નય ગમ ભંગે, રંગે ચંગે, વાણી ભવ હારિકા; અમર અજિતા, મોહાતીતા, વીરંચ સુતારિકા ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

નરદેવ[૧] ભાવ દેવો[૨], જેહની સારે સેવો; જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો; જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો; સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો ॥૧॥

**ઈતિ શ્રી સુવિધિનાથ સ્વામીના ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

---

૧ નરપતિ-રાજા-મહારાજ. ૨ ચાર નિકાયના દેવ

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી શીતલનાથ સ્વામીનું ચૈત્યવંદન.

દશમા સ્વર્ગ થકી ચવ્યા, દશમા શિતલનાથ; ભદિલપુર ધન રાશિયે, માનવ ગણ શિવ સાથ ॥૧॥ વાનર યોનિ જિણંદની, પુર્વાષાઢા જાત; તિગ વરસાંતરે કેવલી, પ્રીયંગુ વિખ્યાત ॥૨॥ સંયમધર સહસે વર્યા એ, નિરૂપમ પદ નિર્વાણ; વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડી કલ્યાણ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

નંદા દૃઢરથ નંદનો, શીતલ શીતલ નાથ રાજા ભદદીલપુર તણો, ચલવે શિવ સાથ ॥૧॥ લાખ પુરવનું આઉખું, નેઉ ધનુષ પરિમાણ; કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ ॥૨॥ શ્રીવચ્છ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ; તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ ॥૩॥

## ૩. જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

પ્રાણત કલ્પ થકી ચવ્યા, શીતલ જિન દશમા; વદિ વૈશાખની છઠે જાણે, દાઘજ્વર પ્રશમ્યા ॥૧॥ મહાવદિ તેરશે જન્મ દીક્ષા, તસ તેરશે લીધ; વદિ પોસી ચૌદશ દિને, કેવલી પરસિદ્ધ ॥૨॥ વદિ બીજે વૈશાખની એ, મોક્ષ ગયા જિનરાજ; જ્ઞાનવિમલ જિનરાજથી, સિઝે સઘળા કાજ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન

મંગલિક માલા ગુણહ વિશાળા-એ દેશી.

શિતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહેરે; કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહેરે ॥શીત૦ ॥૧॥ સર્વ જંતુ હિત કરણી કરૂણા, કર્મવિદારણ તીક્ષણરે; હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વિક્ષણરે ॥શી૦ ॥૨॥ પરદુઃખ છેદન ઈચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝેરે; ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ

સીઝેરે ॥ શી૦ ॥૩॥ અભય દાન તે મલક્ષય કરૂણા, તીક્ષણતા ગુણ ભાવેરે; પ્રેરણ વિણકૃત ઉદાસીનતા, ઇંમ વિરોધ મતિ નાવેરે ॥ શી૦ ॥૪॥ શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિગ્રથંતા સંયોગેરે; યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગેરે ॥શી૦ ॥૫॥ ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતીરે; અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતીરે ॥ શી૦ ॥૬॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન

આદર જીવ ક્ષમા ગુણ આદર-એ દેશી

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુઝથી કહિય ન જાયજી; અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી ॥ શી૦ ॥૧॥ ચરમ જલધિ જલ મિણે[1] અંજલી, ગતિજીપે અતિવાયજી; સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી ॥ શી૦

---

[1] માપે

॥૨॥ સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી; તાસ વર્ગથી અનંત ગુણું પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી ॥ શી૦ ॥૩॥ કેવલ દર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી; સ્વપર અનંતથી ચરણ અનંતુ, સમરણ સંવર ભાવજી ॥ શી૦ ॥૪॥ દ્રવ્ય ક્ષેત્રને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી; ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી ॥ શી૦ ॥૫॥ શુદ્ધાશય થિર પ્રભ ઉપયોગે, જે સમરે તુજ નામજી; અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી ॥ શી૦ ॥૬॥ આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાછિકતા રૂપજી; ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઈમ અનંત ગુણ ભૂપજી । શી૦ ॥૭॥ અવ્યાબાધ સુખ નિર્મલ તે તો, કરણ જ્ઞાને ન જણાયજી; તેહજ એહનો જાણગ ભોક્તા, જે તુમ સમ ગુણ રાયજી । શી૦ ॥૮॥ એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત પડૂરજી; વોસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપતી તો અતિ દૂરજી ॥ શી૦ ॥૯॥ સકળ પ્રત્યક્ષપણે ત્રિભુવન ગુરૂ, જાણું તુઝ ગુણ ગ્રામજી;

બીજું કાંઈ ન માગું સ્વામી, એહિજ છે મુઝ કામજી ॥ શી૦ ॥૧૦॥ એમ અનંત પ્રભુતા સર્દહતાં, અર્ચે જે પ્રભુ રૂપજી; દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી ॥ શી૦ ॥૧૧॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

શ્રી શીતલજિન ભેટિયે, કરી ચોખું ભક્તે ચિત્તહો; તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો ॥ શ્રી શીતલજિન૦ ॥૧॥ દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપહો; તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સરૂપહો ॥ શ્રી૦ ॥૨॥ મોહોટો જાણી આદર્યો, દાલિદ્ર ભાંજો જગતાતહો; તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો ॥ શ્રી૦ ॥૩॥ અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો; મા આગળ મોસાળના, શ્યા વરણવવા અવદાત[1] હો ॥ શ્રી૦ ॥૪॥ જાણો તો તાણો કિશ્યું, સેવા ફલ દીજે દેવહો; વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુઝ મન ટેવ હો ॥ શ્રી૦ ॥૫॥

---

૧ વૃતાંત, હકીકત

## ૭. અથ શ્રી વીરવિજયજી કૃત શ્રી શીતલનાથ સ્વામીની સ્તુતિ.

શીતલ પ્રભુ દર્શન, શીતલ અંગ ઉવંગે; કલ્યાણક પાંચે, પ્રાણી ગણ સુખ સંગે; તવ[1] વચન સુણંતાં, શીતલ કિમ નહીં લોકા; શુભ વીર તે બ્રહ્મા, શાસનદેવી અશોકા ॥૧॥

## ૮. અથ શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

શીતલ જિન સ્વામી, પુન્યથી સેવ પામી; પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી; જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી; ભવિ શિવસુખ કામી, પ્રણમીએ શીષ નામી ॥૧॥

**ઈતિ શ્રી શીતલનાથ સ્વામીનાં ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

---

૧ તમારા

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી શ્રેયાંસ નાથ સ્વામીનું ચૈત્યવંદન૦

અચ્યુતથી પ્રભુ ઉતર્યા, સિંહપુરે શ્રેયાંસ; યોનિ વાનર દેવગણ, દેવ કરે પરશંસ ॥૧॥ શ્રવણે સ્વામી જનમિયા, મકરરાશિ દુગવાસ; છદ્મસ્થા તિંદુકતલે, કેવલ મહિમા જાસ ॥૨॥ વાચંયમ સહસે સહિએ, ભવ સંતતિનો છેહ; શ્રી શુભવીરને સાંઈસ્યું, અવિચલ ધર્મ સનેહ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

શ્રી શ્રેયાંસ અગ્યારમાં, વિષ્ણુ નૃપતાય; વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥૧॥ વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જિણે આય: ષડ્ગી[૧] લંછન પદકજે[૨], સિંહપુરીનો રાય ॥૨॥ રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન; પામ્યા તસ પદ પદ્મને નમતાં અવિચલ થાન ॥૩॥

---

૧ ગેંડો. ૨ ચરણકમળે

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

અચ્યુત કલ્પથકી ચવ્યા, શ્રી શ્રેયાંસ જિણંદ; જેઠ અંધારી દિવસ છઠે, કૃત બહુ આણંદ ॥૧॥ ફાગણ વદી બારશે જનમ, દિક્ષા તસ તેરશ; કેવળી મહા અમાવશે, દેશના ચંદન રસ ॥૨॥ વદિ શ્રાવણ ત્રીજે લહ્યાએ, શિવ સુખ અક્ષય અનંત; સકલ સમિહીત પૂરણો, નય કહે એ ભગવંત ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન

રાગ ગોડી અહો મતવાલે સાજના, એદેશી.

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામીરે; અધ્યાયતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામીરે ॥ શ્રી શ્રે૦ ॥૧॥ સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણઆતમરામીરે; મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામી રે ॥ શ્રી શ્રે૦ ॥૨॥ નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએરે; જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન

અધ્યાતમ કહીએરે ॥ શ્રી શ્રે૦ ॥૩॥ નામઅધ્યાતમ ઠવણઅધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડોરે; ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે ॥ શ્રી શ્રે૦ ॥૪॥ શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજોરે; શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાની ગ્રહણ મતિ ધરજોરે ॥ શ્રી શ્રે૦ ॥૫॥ અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાસે, આનંદઘન મતવાસીરે ॥ શ્રી શ્રે૦ ॥૬॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

પ્રાણી વાણી જિનતણી - એ દેશી.

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભુત સહજાનંદરે; ગુણ એક વિધિત્રિક પરણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદરે; મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે; નિત્ય દીપતો સુખ કંદરે ॥૧॥ એ આંકણી ॥ નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશરે; દેખે નિજ દર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશરે

॥ મુનિ૦ ॥૨॥ નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામરે; ભોગ અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામરે મુનિ૦ ॥૩॥ દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવરે; પાત્ર તુમ્હે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવરે ॥ મુનિ૦ ॥૪॥ પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથરે; અક્રિય અક્ષય સ્થિતિમયી, નિકલંક અનંતી આથરે[1] ॥ મુ૦ ॥૫॥ પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ[2] વિલાસ નિવાસરે; સહજ અકર્ત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પને નિઃપ્રયાસરે ॥ મુ૦ ॥૬॥ પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામરે; સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામરે ॥ મુ૦ ॥૭॥ પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાયરે, તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાયરે ॥ મુ૦ ॥૮॥ પ્રભુ દીઠે મુઝ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદરે; દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદરે ॥ મુ૦ ॥૯॥

---

૧ લક્ષ્મી ૨ પ્રકટ ભાવ

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

કર્મ ન છુટેરે પ્રાણીયા - એ દેશી.

તુમે બહુ મિત્રીરે સાહેબા, મારે તો મન એક; તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુઝ મોહોટીરે ટેક ॥ શ્રી શ્રેયાંસ કૃપા કરો ॥૧॥ એ આંકણી ॥ મન રાખો તુમે સવિતણાં, પણ કિહાં એક મળી જાઓ; લલચાવો લખ લોકને, સાથી[૧] સહેજ ન થાઓ ॥ શ્રી૦ ॥૨॥ રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ; ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોય ન પામેરે તાગ ॥ શ્રી૦ ॥૩॥ એવા શું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ; સેવક નિપટ[૨] અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઈ ॥ શ્રી૦ ॥૪॥ નિરાગી શું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત; વાંચક યશ કહે મુઝ મિલ્યો, ભક્તે[૩] કામણ તંત ॥ શ્રી૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી શ્રેયાંસનાથ સ્વામીની સ્તુતિ

શ્રી શ્રેયાંસ સુંહકર પામી, ઈચ્છે અવર કુણ દેવાજી ॥ કનક તરૂ[૪] સેવે કુણ પ્રભુને, છંડી

૧ સાથે રેહનારા-૨ અત્યંત ૩ ભક્તિ વડે ૪ ધતૂરો

સુરતરૂ[1] સેવાજી ॥ પૂર્વાપર અવિરોધી સ્યાત્પદ, વાણી સુધારસ વેલીજી ॥ માનવી મણુએસર સુપસાયે, વીર હૃદયમાં ફેલીજી ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

વિષ્ણુ[2] જસ માત, જેહના વિષ્ણુ તાત ॥ પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત ॥ સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત ॥ કરી કર્મનો ઘાત, પામીઆ મોક્ષ શાંત[3] ॥૧॥

**ઈતિશ્રી શ્રેયાંસનાથ સ્વામીના ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત**

❖❖❖

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન

પ્રાણત થકી પ્રભુ પાંગર્યા,[4] ચુંપે ચંપા ગામ, શિવ મારગ જાતાં થકાં, ચંપક તરૂ વિશ્રામ ॥૧॥ અશ્વયોનિ ગણ રાક્ષસ, શતભિષા કુંભ રાશિ; મન

---

૧ કલ્પવૃક્ષ ૨ વિષ્ણુદેવી માતા. ૩ સુખ ૪ ચવ્યા

પાડલ હેઠે કેવલી, મૌન પણે ઈગવાસિ[1] ॥૨॥ ષટ્શત સાથે શિવ થયા એ, વાસુપૂજ્ય જિનરાજ; વીર કહે ધન્ય તે ઘડી, જબ નિરખ્યા મહારાજ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન.

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ; વાસુપૂજ્ય કુલચંદ્રમા, માતા જયા નામ ॥૧॥ મહિષ લંછન જિન બારમા, શિત્તેર ધનુષ પ્રમાણ; કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ ॥૨॥ સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય; તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદીત થાય ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમળજી કૃત ચૈત્ય૦

પ્રાણતથી ઈહાં આવીયા, જેઠ શુદિ નવમી; જન્મ્યા ફાગણ ચૌદશે, અમાવાશે સંયમી ॥૧॥ મહા શુદિ બીજે કેવલી, ચૌદશ આષાઢી; શુદિ શિવ પામ્યા કર્મ કષ્ટ, સવિ દૂરે કાઢી ॥૨॥ વાસુપૂજ્ય

---

૧ એક વર્ષ છદ્મસ્થ

જિન બારમાએ. વિદ્રુમ રંગે[1] કાય; શ્રી નયવિમલ કહેઈશ્યું, જિન નમતાં સુખ થાય ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન

રાગ ગોડી તથા પરજીયો.

તુંગિયાગિરિ શિખરે સોહેએ દેશી.

વાસુપૂજય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામીરે; નિરાકાર સાકર સચેતન, કરમ કરમ ફલ કામી રે ॥ વાસુ૦ ॥૧॥ નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે; દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારોરે ॥ વાસુ૦ ॥૨॥ કર્ત્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયેરે; એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયેરે । વાસુ૦ ॥૩॥ દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદોરે; ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદોરે ॥ વાસુ૦ ॥૪॥ પરિણામી ચેતન

---

૧ પરવાળાના રંગે રક્ત

પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવીરે; જ્ઞાન કરમ ફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવીરે ॥ વાસુ૦ ॥૫॥ આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગીરે ॥ વાસુ૦ ॥૬॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે - એદેશી.

પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજય સ્વભાવ; પરકૃત પૂજા રે જે ઈચ્છે નહીં રે, સાધક કારજ દાવ । પૂજના૦ ॥૧॥ દ્રવ્યથી પૂજારે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્તને શુદ્ધ; પરમ ઈષ્ટ વલ્લભ ત્રિભુવન ધણીરે, વાસુપૂજય સ્વયંબુદ્ધ ॥ પૂ૦ ॥૨॥ અતીશય મહિમારે અતિ ઉપગારતારે, નિર્મલ પ્રભુગુણ રાગ; સુરમણિ સુરઘટ સુરતરૂ તું છતે રે, જિન રાગી મહાભાગ ॥ પૂ૦ ॥૩॥ દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મનારે, પ્રભુ પ્રભુતા લયલીન; શુદ્ધસ્વરૂપી રૂપે તન્મયીરે, તસુ આસ્વાદન પીન

॥પૂ૦ ॥૪॥ શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતનારે, પામે આત્મસ્વભાવ; આત્માલંબી નિજ ગુણ સાધતોરે, પ્રગટે પૂજ્ય સ્વભાવ ॥ પૂ૦ ॥૫॥ આપ અકર્ત્તા સેવાથી હુવેરે, સેવક પૂરણ સિદ્ધિ;નિજ ધન ન દીયે પણ આશ્રિત લહેરે, અક્ષય અક્ષર રિદ્ધિ ॥પૂ૦ ॥૬॥ જિનવર પૂજારે તે નિજ પૂજનારે, પ્રગટે અન્વય શક્તિ; પરમાનંદ વિલાસી અનુભવેરે, દેવચંદ્ર પદ વ્યક્તિ ॥ પૂ૦ ॥ ॥૭॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

સાહેબા મોતીડો હમારો - એ દેશી

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિતડું હમારૂં ચોરી લીધું ॥ સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય૦ ॥ એ આંકણી ॥ અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું ॥ સાહેબા૦ ॥૧॥ મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખ નિત્ય રહેશો થિર થોભા ॥ મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે ॥સા૦ ॥૨॥

ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર ॥ જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવ નિધિ ઋદ્ધિ પાવ્યા ॥સા૦ ॥૩॥ સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા ॥ અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું ॥સા૦ ॥૪॥ ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે ॥ ખીર નીર પરે તુમશું મલશું, વાચક યશ કહે હેજે હલશું ॥ સા૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી વાસુપૂજ્ય સ્વામીની સ્તુતિ

વિમલ ગુણ અગારં, વાસુપૂજ્ય સફારં ॥ નિહત વિષય વિકારં, પ્રાપ્ત કૈવલ્ય સારં ॥ વચન રસ ઉદારં, મુક્તિ તત્ત્વં વિચારં ॥ વીર વિઘન નિવારં, સ્તૌમિ ચંડી કુમારં ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી ॥ ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી ॥ તાર્યા નર નારી, દુઃખ દોહગ હારી ॥ વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી ॥૧॥

ઈતિ શ્રી વાસુપૂજ્ય સ્વામીના ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

❖❖❖

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી વિમલનાથ સ્વામીનું ચૈત્યવંદન.

અષ્ટમ સ્વર્ગ થકી ચવી, કંપીલપુરમાં વાસ;
ઉત્તરા ભાદ્રપદે જનમ, માનવ ગણ મીન રાશિ ॥૧॥
યોનિ છાગ સુહંકરૂં, વિમલનાથ ભગવંત; દોય વરસ તપ નિર્જલી, જંબુતલે અરિહંત ॥૨॥ ષટ સહસ મુનિ સાથશ્યુ એ, વિમલ વિમળ પદ પાય;
શ્રી શુભવીરને સાંઈશ્યું, મળવાનું મન થાય ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

કંપીલપુરે વિમલ પ્રભુ, શામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર ॥૧॥
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય; સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય ॥૨॥ વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ; તુજ પદપદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

અષ્ટમકલ્પ થકી ચવ્યા, માધવ[૧] શુદિબારસ;
સુદિ મહા ત્રિજે જણ્યા, તસ ચોથે વ્રત રસ ॥૧॥
શુદિ પોસિ છઠ્ઠે લહ્યા, વર નિર્મલ કેવલ; વદિ સાતમ અષાઢની, પામયા પદ અચલ ॥૨॥ વિમલ જિનેસર વંદિએએ, જ્ઞાન વિમલ કરી ચિત્ત; તેરસમા જિન નિતદિયે, પુણ્ય પરિઘલ વિત્ત[૨] ॥૩॥

---

૧ વૈશાખ ૨ લક્ષ્મી

# ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી વિમલનાથ સ્વામીનું સ્તવન

રાગ મલ્હાર ઈડર આંબા આંબલી રે-એ દેશી

દુ:ખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ; ધીંગ ધણી માથે કિયારે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન, દીઠાં લોયણ આજ ॥મ્હારાં સીધ્યાં વાંછિત કાજ ॥ વિમલ જિન ॥ દીઠાં૦ ॥૧॥ ચરણ કમળ કમલા[1] વસેરે, નિર્મલ થિર પદ દેખ ॥ સમલ અથિર પદ પરિહરીરે, પંકજ પામર પેખ ॥ વિ૦ ॥ દી૦ ॥૨॥ મુઝ મન તુઝ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ ॥ રંક ગણે મંદિરધરા[2] રે, ઈંદ ચંદ નાગિંદ ॥ વિ૦ ॥ દી૦ ॥૩॥ સાહિબ સમરથુ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર ॥ મન વિશરામી વાલહોરે, આતમચો[3] આધાર ॥ વિ૦ ॥ દી૦ ॥૪॥ દરિસણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ ॥ દિનકર કરભર

---

૧ લક્ષ્મી ૨ મેરૂ-સુવર્ણાચલ=ભૂમિ. ૩ આત્માનો.

પસરંતારે, અંધકાર પ્રતિષેધ ।।વિ૦ ।। દી૦ ।।૫।। અમિય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય ।। શાંત સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય ।। વિ૦ ।। દી૦ ।। એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ ।। કૃપા કરી મુઝ દીજીયેરે, આનંદઘન પદ સેવ ।। વિ૦ ।। દી૦ ।।૭।।

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

દાસ અરદાસ શી પેરે કરેજી - એ દેશી.

વિમલજિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય; લઘુનદી જિન તિમ લંઘિયેજી, સ્વયંભુરમણ ન તરાય ।। વિ૦ ।।૧।। સયલ પુઢવી ગિરિ જલ તરૂજી, કોઈ તોલે એક હથ્થ; તેહ પણ તુઝ ગુણગણ ભણીજી, ભાખવા નહી સમરથ ।। વિ૦ ।।૨।। સર્વ પુદ્ગળ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ; તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એક તણો લેશ ।। વિ૦ ।।૩।। એમ નિજ ભાવ

અનંતનીજી, અસ્તિતા કેટલી થાય; નાસ્તિતા સ્વપર પદ અસ્તિતાજી, તુઝ સમકાલ સમાય ॥ વિ૦ ॥૪॥ તાહરા શુદ્ધ સ્વભાનેજી, આદરે ધરી બહુ માન; તેહને તેહીજ નીપજેજી, એ કોઈ અદ્‌ભુત તાન વિ૦ ॥૫॥ તુમ્હ પ્રભુ તુમ્હ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય; તુમ દરિસણથકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય ॥વિ૦ ॥૬॥ પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ; દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ ॥ વિ૦ ॥૭॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

નમોરે નમો શ્રી શેત્રુંજા ગિરિવર - એ દેશી.

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી; એવા પ્રભુનું દરિશન લેવું, તે આલસમાંહે ગંગાજી ॥ સેવો૦ ॥૧॥ અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહેલોજી; ભૂખ્યાને જેમ ઘેબર દેતાં હાથ ન માંડે ઘેલોજી ॥ સે૦ ॥૨॥ ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી; વિકટ

પંથ જે પોલિ પોલિયો, કર્મ વિવર ઉઘાડેજી । સે૦ ॥૩॥ તત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી; લોચણ ગુરૂ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાખે સવિ ભાંજીજી ॥ સે૦ ॥૪॥ ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી; સરલ તણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી । સે૦ ॥૫॥ શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચુંજી; કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી ॥ સે૦ ॥૬॥

## ૭. શ્રી વીરવિજયજીકૃત શ્રી વિમળનાથ સ્વામીની સ્તુતિ

વિમલનાથ વિમલ ગુણ વર્યા, જિન પદ ભોગી ભવ નિસ્તર્યા; વાણી પાંત્રીશ ગુણ લક્ષણી, છમ્મુહ સુર પ્રવરા જક્ષણી ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો ॥ શ્યામાંબ[૧] મલ્હારો,[૨] વિશ્વ કીર્ત્તિ વિફારો ॥ યોજન

---

૧ શ્યામા માતાના ૨ પુત્ર

વિસ્તારો, જાસ વાણી પ્રસારો । ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો ॥૧॥

**ઈતિ શ્રી વિમલનાથ સ્વામીનાં ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

❖❖❖

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી અનંતનાથ સ્વામીનું ચૈત્યવંદન

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ; હસ્તિ યોનિ અનંતને, દેવગણે અભિરામ ॥૧॥ રેવતિએ જનમ્યા પ્રભુ, મીન રાશિ સુખકાર; ત્રણ વરસ છદ્મસ્થમાં, નહિ પ્રશ્નાદિ ઉચ્ચાર ॥૨॥ પીપલ વૃક્ષે પામીયાએ, કેવળ લક્ષ્મી નિધાન; સાત સહસશું શિવવર્યા વીર કરે બહુ માન ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યાવાસી; સિંહસેન નૃપનંદનો, થયો પાપ નિકાસી[1] ॥૧॥ સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર; વરસ

---

૧ ટાળી

આઉખું પાળીઉં,જિનવર જયકાર ॥૨॥ લંછન સિંચાણાતણું એ, કાયા ધનુષ પચાસ; જિનપદપદ્મ નમ્યા થકી, લહીએ સહજ વિલાસ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

પ્રાણત થકી ચવિયા ઈહાં, શ્રાવણ શુદિ સાતમ; વૈશાખ વદિ તેરશે, જનમ્યા ચૌદશ વ્રત ॥૧॥ વદિ વૈશાખી ચૌદશે, કેવલ પૂણ્ય પામ્યા; ચૈત્ર શુદિ પંચમી દિને, શિવ વનિતા કામ્યા ॥૨॥ અનંત જિનેશ્વર ચૌદમા એ, કીધા દુશ્મન અંત; જ્ઞાનવિમલ કહે નામથી, તેજ પ્રતાપ અનંત ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન

ધાર તરવારની સોહલી દોહલી, ચઉદમા જિનતણી ચરણ સેવા; ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા ॥ ધાર૦ ॥૧॥ એ આંકણી ॥ એક કહે સેવીએ વિવિધ

૧ ટાળી

કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે; ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે ॥ ધાર૦ ॥૨॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્વની વાત કરતાં ન લાજે; ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયાં કલિકાલ રાજે ॥ ધાર૦ ॥૩॥ વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઈ રાચો ॥ ધાર૦ ॥૪॥ દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો; શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી, છાર પર લીપણો તેહ જાણો ॥ ધા૦ ॥૫॥ પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિશ્યો, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો ॥ ધા૦ ॥૬॥ એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નર ચિત્તમેં નિત્ય ધ્યાવે; તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે ॥ધાર૦ ॥૭॥

# પ.શ્રી દેવચંદ્રજી કૃત શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન

દીઠો હો પ્રભુ પ્રભુ દીઠી જગગુરૂ તુઝ-એ દેશી મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંતજિણંદ, તાહરી હો પ્રભુ તાહરી મુઝનયણે વસીજી ॥ સમતા હો પ્રભુ સમતા રસનો કંદ, સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસ લસીજી ॥૧॥ ભવદવ હો પ્રભુ ભવદવ તાપિત જીવ, તેહને હો પ્રભુ તેહને અમૃત ઘન સમીજી ॥ મિથ્યા વિષ હો પ્રભુ મિથ્યા વિષની ખીવ[૧], હરવા હો પ્રભુ હરવા જાંગુલિ[૨] મન રમીજી ॥૨॥ ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણિ એહ, આતમ હો પ્રભુ આતમ સંપત્તિ આપવાજી ॥ એહિજ હો પ્રભુ એહિજ શિવસુખ ગેહ, તત્ત્વ હો પ્રભુ તત્ત્વાલંબન થાપવાજી ॥૩॥ જાયે હો પ્રભુ જાયે આશ્રવ ચાલ, દીઠે હો પ્રભુ દીઠે સંવરતા વધેજી ॥ રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણમાલ, અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ

---

૧ મૂર્છા ૨ સર્પ વિષ-હરણ મંત્ર

સાધન સધેજી ॥૪॥ મીઠી હો પ્રભુ મીઠી સૂરત તુજ, દીઠી હો પ્રભુ દીઠી રૂચિ બહુ માનથીજી । તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત, સેવે હો પ્રભુ સેવે તસુ ભવ ભય નથીજી ॥૫॥ નામે હો પ્રભુ નામે અદ્‌ભુત રંગ, ઠવણા હો પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી ॥ ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણ આસ્વાદ અભંગ, તન્મય હો પ્રભુ તમન્યતાએ જે ધસેજી ॥૬॥ ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ, નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી ॥ દેવચંદ્ર હો પ્રભુ દેવચંદ્રને આનંદ, પરમ હોપ્રભુ પરમ મહોદય તે વરેજી ॥૭॥

## શ્રી યશોવિજયજી કૃત સ્તવન

સાહેલડિયાં-એ દેશી.

શ્રી અનંત જિનશું કરો ॥ સાહેલડિયાં ॥ ચોળ મજીઠનો રંગરે ॥ ગુણ વેલડિયાં ॥ સાચો રંગ તે ધર્મનો ॥ સાહેલડિયાં ॥ બીજો રંગ પતંગરે ॥ ગુણ વેલડિયાં ॥૧॥ ધર્મ રંગ જીરણ નહીં ॥સા૦ ॥ દેહ તે જીરણ થાય રે ॥ગુ૦॥ સોનું તે વિણસે નહીં

॥સા૦॥ ઘાટ ઘડામણ જાય રે ॥ ગુ૦ ॥૨॥ ત્રાંબુ જે રસવેધિયું ॥સા૦॥ તે હોય જાચું હેમરે ॥ ગુ૦ ॥ ફરી ત્રાંબુ તે નહિ હુએ ॥સા૦॥ એહવો જગ ગુરૂ પ્રેમરે ॥ ગુ૦ ॥૩॥ ઉત્તમ ગુણ અનુરાગથી ॥સા૦ ॥ લહીએ ઉત્તમ ઠામરે ॥ગુ૦ ॥ ઉત્તમ નિજ મહિમા વધે ॥સા૦ । દીપે ઉત્તમ ધામરે ॥ગુ૦ ॥૪॥ ઉદક બિંદુ સાયર ભલ્યો ॥સા૦ ॥જિમ હોય અક્ષય અભંગરે ॥ગુ૦ ॥ વાચક યશ કહે પ્રભુ ગુણે ॥ સા૦ ॥ તિમ મુઝ પ્રેમ પ્રસંગરે ॥ ગુ૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત સ્તુતિ

જ્ઞાનાદિકા ગુણવરા નિવસંત્યનંતે, વજા સુપર્વમહિતો જિનપાદપદ્મે; ગ્રંથાર્ણવે મતિવરા પ્રણતિસ્મ ભક્ત્યા, પાતાલચાંકુશી સુરી શુભવીર દક્ષા ॥૧॥

---

૧ ખરેખરૂં.

## ८. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી ॥ સુરનર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી ॥ એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી ॥ તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી ॥૧॥

**ઈતિ શ્રી અનંતનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ સમાપ્ત.**

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી ધર્મનાથ સ્વામીનું ચૈત્યવંદન

વિજય વિમાન થકી ચવ્યા, રત્નપુરે અવતાર; ધર્મનાથ ગુણ દેવતા કર્કરાશિ મનોહાર ॥૧॥ જન્મ્યા પુષ્પ નક્ષેતરે, યોનિ છાગ વિચાર; દોય વરસ છદ્મસ્થમાં, વિચર્યા ધર્મ દયાળ ॥૨॥ દધિપર્ણાધો કેવલી, વીર વર્યા બહુ ઋદ્ધ; કર્મ ખપાવીને હુવા, અડસય સાથે સિદ્ધ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત; વજ્ર લાંછન વજી નમે,ત્રણ ભુવન વિખ્યાત ॥૧॥ દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાલીશ; રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ ॥૨॥ ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર; તિણે તુઝ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

વૈશાખી સુદિ સાતમે, ચવિયા શ્રી ધર્મ; વિજય થકી મહા માસની, શુદિ ત્રીજે જન્મ ॥૧॥ તેરશ માહી ઉજલી, લીયે સંજમ ભાર; પોશી પુનમે કેવલી, ગુણના ભંડાર ॥૨॥ જેઠી પાંચમ ઉજલીએ, શિવપદ પામ્યા જેહ; નય કહે એ જિન પ્રંણમતાં, વાધે ધર્મ સ્નેહ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન

રાગ ગોડી સારંગ, દેશી રશીયાની.

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગમ પડશો હો પ્રીત ॥ જિનેસર ॥ બીજો મન મંદિર આણું નહીં,

એ અમ કુલવટ રીત ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥૧॥ ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મજિ૦ ॥ ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥૨॥ પ્રવચન અંજન જો સદ્ગુરૂ કરે, દેખે પરમ નિધાન ॥ જિ૦ ॥ હૃદય નયણ નિહાલે જગ ધણી, મહિમા મેરૂ સમાન ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥૩॥ દોડત દોડત દોડત દોડીયો, જેતી મનનીરે દોડ ॥ જિ૦ ॥ પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરૂગમ લેજોરે જોડ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥૪॥ એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુંએ સંધિ ॥ જિ૦ ॥ હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥૫॥ પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય ॥ જિ૦ ॥ જ્યોતિવિનાજુઓજગદીશની; અંધોઅંધ પલાય ॥જિ૦॥ ધર્મ૦ ॥૬॥ નિર્મલ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ ॥ જિ૦ ॥ ધન તે નગરી ધન વેલા ઘડી, માત પિતા કુલવંશ ॥ જિ૦ ॥ ધર્મ૦

૧ ચરણકમલ

॥૭॥ મન મધુકર વર કર જોડી કહે, પદકજ[૧] નિકટ નિવાસ ॥ જિ૦ ॥ ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥૮॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે, આપણો આતમા તેહવો ભાવિયે; જાતિ જસુ એકતા તેહ પલટે નહીં, શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી ॥૧॥ નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે, સર્વ ગત તેહ સામાન્ય ભાવે ભણે; તેહથી ઈતર સાવયવ વિશેષતા, વ્યક્તિભેદે પડે જેહની ભેદતા ॥૨॥ એકતા પિંડને નિત્ય અવિનાશતા, અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્ય ગત ભેદતા; ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા ॥૩॥ ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા, નાશ ઉત્પાદ અનિત્યપરનાસ્તિતા; ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ

અવ્યક્તતા, વસ્તુ તે રૂપથી નિત્ય અભવ્યતા ॥૪॥ ધર્મ પ્રાગ્ભાવતા સકળ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા; શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા ॥૫॥ સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું; જહવિ પરભાવથી હું ભવોદધિ વશ્યો, પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો ॥૬॥ તહવિ સત્તા ગુણે જીવ એ નિર્મલો, અન્ય સંશ્લેષ જિમ સ્ફટક નવિ શામલો; જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં ॥૭॥ તિણે પરમાત્મ પ્રભુ ભક્તિરંગી થઈ, શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી; આત્મગ્રાહક થયે તજે પર ગ્રહણતા, તત્ત્વ ભોગી થયે ટળે પરભોગ્યતા ॥૮॥ શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા, આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા; એક અસહાય નિસ્સંગ નિર્દ્વંદ્વતા, શક્તિ ઉત્સર્ગની હોય સહુ

વ્યક્તતા ॥૯॥ તેણે મુઝ આતમા તુઝ થકી નીપજે, માહરી સંપદા સકળ મુઝ સંપજે; તિણે મન મંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈ એ, પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઈયે ॥૧૦॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

બેડલે ભારઘણોછેરાજ, વાતાં કેમ કરો છો - એ દેશી.

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે ॥ મેં રાગી થેં છો નિરાગી, અણ જુગતે હોય હાંસી ॥ એક પખો જે નેહ નિર્વહવો, તે હ માંકી[1] સાબાશી । થાશું૦ ॥૧॥ નિરાગી સેવે કાંઈ હોવે,[2] ઈમ મનમાં નવિ આણું ॥ ફળે અચેતન પણ જમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું ॥થા૦ ॥૨॥ ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે ॥ સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે

---

૧ મારી ૨ શું થાય

॥ થા૦ ॥ ૩ ॥ [1]વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશિને તેજ સંબંધે ॥ અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે॥ થા૦ ॥ ૪ ॥ દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા ॥ યશ કહે ધર્મ જિનેશ્વર થાંશું, દિલ માન્યા હે મેરા થા૦ ॥ ૫ ॥

## ૭ શ્રી વીરવિજયજી કૃત શ્રી ધર્મનાથ સ્વામીની સ્તુતિ.

સખિ ધર્મ જિનેસર પૂજીએ, જિન પૂજે મોહને ધ્રુજીએ ॥ પ્રભુ વચણ સુધારસ પીજીએ, કિન્નર કંદર્પ રીઝીએ ॥ ૧ ॥

## ૮ શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ.

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી ॥ કેવલશ્રી જોરી, જેહ ચોરે ન ચોરી ॥ દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી ॥ નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥ ૧ ॥

**ઈતિ શ્રી ધર્મનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

---

૧ કષ્ટ ૨ ક્રોડો ગમે

# ૧ શ્રી વીરવિજયજી કૃત શ્રી શાંતિનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સર્વાર્થ સિદ્ધે થકી, ચવિયા શાંતિ જિણેશ ॥ હસ્તિનાગપુર અવતર્યા, યોનિ હસ્તિ વિશેષ ॥ ૧ ॥ માનવ ગણ ગુણવંતને, મેષરાશિ સુવિલાસ ॥ ભરણિયે જન્મયા પ્રભુ, છદ્મસ્થા એગવાસ ॥૧॥ કેવલ નંદિ તરૂ તલેએ, પામ્યા અંતર ઝાણ ॥ વીર કરમને ક્ષય કરી, નવશતશું નિર્વાણ ॥૩॥

# ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમાં, અચિરાસુત વંદો ॥ વિશ્વસેન કુલનભમણિ, ભવિજન સુખ કંદો ॥૧॥ મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ ॥ હત્થિણાઉર નયરિ ધણી, પ્રભુજી ગુણમણિખાણ ॥૨॥ ચાલીશ ધનુષની દેહડીએ, સમચૌરસ સંઠાણ વદન પદ્મ જયુ ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

ભાદ્રવ વદિ સાતમ દિને, સવ્વહ્થી ચવિયા; વદિ તેરશ જેઠે જણ્યા, દુઃખ દોહગ સમિયા ॥૧॥ જેઠ ચૌદશ વદિ દિને, લીયે સંજમ પ્રેમ; કેવલ ઉજવલ પોસની, નવમી દિન ખેમ ॥૨॥ પંચમ ચક્રી પરવડાએ, સોલસમા જિનરાજ; જેઠ વદિ તેરશે શિવ લહ્યા, નય કહે સારો કાજ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી શાંતિનાથ સવામીનું સ્તવન

રાગ મલ્હાર ॥ ચતુર ચોમાસું પડિક્કમીએ દેશી.

શાંતિ જિન એક મુઝ વિનતિ, સુણો ત્રિભુવન રાયરે ॥ શાંતિ સરૂપ કિમ જાણીએ, કહો મન પરખાયરે ॥ શાંતિ૦ ॥૧॥ એ આંકણી ॥ ધન્ય તું આતમા જેહને, એહવો પ્રશ્ન અવકાશરે ॥ ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસરે ॥ શાંતિ૦ ॥૨॥ ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવરે ॥ તે તેમ અવિતથ સદૃહે, પ્રથમ એ શાંતિપદ

સેવરે ॥ શાંતિ૦ ॥૩॥ આગમધર ગુરૂ સમકિતી, ક્રિયા સંવર સારરે ॥ સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધારરે ॥ શાતિ૦ ॥૪॥ શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે ॥ તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલરે । શાંતિ૦ ॥૫॥ ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ અર્થ સંબંધીરે ॥ સકલ નય વાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધીરે ॥ શાંતિ૦ ॥૬॥ વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધરે ॥ ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે ॥ શાંતિ૦ ॥૭॥ દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાનરે ॥ જોગ સામર્થ્ય ચિત્ત ભાવજે, ધરે મુગતિ નિદાન રે ॥ શાંતિ૦ ॥૮॥ માન અપમાન ચિત્ત સમગણે, સમ ગણેકનક પાષણ રે ॥ વંદક નિંદક સમ ગણે, ઈશ્યો હોયે તું જાણ રે ॥ શાંતિ૦ ॥૯॥ સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે ॥ મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલ નિધિ નાવ રે

॥ શાંતિ૦ ॥૧૦॥ આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે ॥ અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે ॥ શાંતિ૦ ॥૧૧॥ પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામરે ॥ તાહરે દરિશણે નિસ્તર્યો, મુઝ સીધાં સવિ કામ રે ॥ શાં૦ ॥૧૨॥ અહો અહો હું મુઝને કહું, નમો મુઝ નમો મુઝરે ॥ અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુઝરે ॥ શાંતિ૦ ॥૧૩॥ શાંતિ સરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપરે ॥ આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપરે ॥ શાંતિ૦ ॥૧૪॥ શાંતિ સરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે ॥ આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે । શાંતિ૦ ॥૧૫॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

માલા કિહાં છે રે-એ દેશી.

જગત દિવાકર જગત કૃપાનિધિ, વાહલા મારા સમવસરણમાં બેઠારે; ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે ॥૧॥ ભવિક જન

હરખોરે, નિરખી શાંતિજિણંદ ॥ભ૦॥ ઉપશમ રસનો કંદ, નહિ ઈણ સરિખોરે ॥ એ આંકણી ॥ પ્રાતિહારજ અતિશય શોભા ॥વા૦॥ તે તો કહિય ન જાવે રે; ઘૂક બાલકથી રવિ કરભરનું, વર્ણન કેણિપરે થાવેરે । ભ૦ ॥૨॥ વાણી ગુણ પાંત્રીશ અનોપમ ॥ વા૦॥ અવિસંવાદ સરૂપેરે; ભવ દુઃખ વારણ શિવ સુખ કારણ, શુધ્ધો ધર્મ પ્રરૂપેરે ॥ ભ૦ ॥૩॥ દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિ મુખ ॥વા૦॥ ઠવણા જિન ઉપગારી રે; તસુ આલંબન લહિય અનેકે, તિહાં થયા સમકિતધારી રે ॥ ભ૦ ॥૪॥ ષટ્ નય કારજરૂપે ઠવણા ॥વા૦॥ સગ નય કારણ ઠાણી રે; નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણીરે ॥ ભ૦ ॥૫॥ સાધક તીન નિક્ષેપા મુખ્ય ॥વા૦॥ જે વિણુ ભાવ ન લહિયે રે; ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીયેરે ॥ભ૦॥૬॥ ઠવણા સમવસરણે જિન સેંતી ॥વા૦॥ જો અભેદતા વાધી રે; એ આતમના સ્વસ્વભાવ ગુણ, વ્યક્તક્ત

યોગ્યતા સાધીરે ॥ ભ૦ ॥૭॥ ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા ॥વા૦॥ રસનાનો ફળ લીધો રે; દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સીધોરે ॥ ભ૦ ॥૮॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત શ્રી શાંતિનાથ સ્વામીનું સ્તવન

હંચોરે આવાસ દુવાર-એ દેશી

ધન્ય દિન વેલા, ધન્ય ઘડિ તેહ, અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી ॥ લહિશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી ॥૧॥ જાણ્યોરે જેણે તુઝ ગુણ લેશ, બીજારે રસ તેહને મન નવિ ગમેજી; ચાખ્યો રે જેણે અમિ લવલેશ, બાક્સ બુક્સ તસ ન રૂચે કિમેજી ॥૨॥ તુઝ સમક્તિ રસ સ્વાદનો જાણ પાપ કુભક્તે બહુ દિન સેવીયુંજી; સેવે જો કર્મને જોગે તોહિ, વાંછે તે સમક્તિ અમૃત ધુરે લિખ્યુંજી ॥૩॥ તાહરૂં ધ્યાન તે સમક્તિરૂપ તેહીજ જ્ઞાનને ચારિત્ર તેજ છે જી; તેહથી રે જાયે

સઘલાં પાપ, ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી ॥૪॥ દેખીરે અદ્‌ભુત તાહરૂં રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી; તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી શાંતિનાથ સ્વામી સ્તુતિ

શાંતિ સુહંકર સાહિબો, સંજમ અવધારે ॥ સુમતિને ઘેર પારણું, ભવ પાર ઉતારે ॥ વિચરંતા અવની તલે, તપ ઉગ્ર વિહારે ॥ જ્ઞાન ધ્યાન એક તાનથી,તિર્યંચને તારે ॥૧॥ પાસ વીર વાસુપૂજ્યને, નેમ મલ્લી કુમારી ॥ રાજ્ય વિહુણા એ થયા,આપે વ્રત ધારી ॥ શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી ॥ મલ્લી નેમ પરણ્યા નહીં, બીજા ઘરબારી ॥૨॥ કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરિજે ॥ રયણ સિંહાસન બેસીને,, ભલી દેશના દીજે ॥ યોગાવંચક પ્રાણિયા, ફલ લેતાં રીઝે । પુષ્કરાવર્ત્તનાં મેઘમાં, મગસેલ ન ભીંજે ॥૩॥ કોડ વદન

શૂક્રારૂઢો[1], શ્યામરૂપે ચાર ॥ હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર ॥ જક્ષ ગરૂડ વામ પાણીએ, નિકુલાક્ષ વખાણે ॥ નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે ॥૪॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ ॥ ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ ॥ દ્રવ્ય ભાવ અરિ પાંતિ,[2] તાસ કરતા નિકાંતિ[3] ॥ ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥૧॥ દોય જિનવર નીલા,. દોય ધોળા સુશીલા ॥ દો રક્ત રંગીલા, કાઢતાં કર્મ કીલા, ન કરે કોઈ હીલા, દોય શામા સલીલા । સોલ સ્વામીજી પીલા, આપજો મોક્ષ લીલા ॥૨॥ જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી[4] ॥ સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ॥ અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી ॥ પ્રણમો હિત આણી, મોક્ષની એ

---

૧ શૂકર (ભુંડ) ઉપર ચઢેલો. ૨ શ્રેણી ૩ વિનાશ
૪. તરવાર.

નિશાની ॥૩॥ વાગેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી ॥ જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી ॥ જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી ॥ પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી ॥૪॥

ઈતિ શ્રી શાંતિનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત

## ૧. શ્રી વીરવિજયજી કૃતશ્રી કુંથુનાથ સ્વામીનું ચૈત્યવંદન

લવ સત્તમ[૧] સુરભવ તજી, ગજપુર નયર નિવાસ; રાક્ષસ ગણ કૃતિકા જની, કુંથુનાથ વૃષ રાશિ ॥૧॥ સોલ વરસ છદ્‌મસ્થમાં, જિનવર યોનિ છાગ; ઘાતિ કર્મ ઘાતે કરી, તિલક તલે વીતરાગ ॥૨॥ શૈલેશી કરણે કરી એ, એક સહસ પરિવાર; શિવ મંદિર સિધાવતાં, વીર ઘણું હુંશિયાર ॥૩॥

૧ સર્વાર્થ સિદ્ધાના દેવ

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવં

કુંથુનાથ કામિત દિયે, ગજપુરનો રાય;સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય ॥૧॥ કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ; કેવલ જ્ઞાનાદિક ગુણા, પ્રણમો ધરી રાગ ॥૨॥ સહસ પંચાણું વરસનું એ,પાલી ઉત્તમ આય; પદ્મવિજય કહે પ્રણમિએ, ભાવે શ્રી જિનરાય ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવં

શ્રાવણ વદી નવમી દિને, સવ્વટ્ઠથી ચવિયા; વદિ ચૌદશ વૈશાખની, જિન કુંથુ જણિયા ॥૧॥ વદિ પાંચમ વૈશાખ માસ, લિયે સંજમ ભાર; શુદિ ત્રીજે ચૈત્રહતણી, લહે કેવળ સાર ॥૨॥ પડવા દિન વૈશાખની, પામ્યા અવિચળ ઠામ; છઠ્ઠા ચક્રી જયકરૂ, જ્ઞાનવિમલ સુખ ખાણ ॥૩॥

❖❖❖

# ૪. શ્રી આનંદઘનજી કૃતશ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન

## રાગ ગુર્જરી

અંબર દેહો મોરારી, હમારો - એ દેશી.

કુંથુંજિન મનડું કિમહી ન બાજે, હો કું૦ ॥ જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો ॥ કું૦ ॥૧॥ રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય; સાપ ખાયને મુખડું થોથું[1], એહ ઉખાણો ન્યાય હો ॥ કું૦ ॥ ॥૨॥ મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાનને ધ્યાન અભ્યાસે; વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવલે પાસે હો ॥ કું૦ ॥૩॥ આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું; કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલ તણીપરે વાંકું હો । કું૦ .૪॥ જો ઠગ કહું તો ઠગતું ન દેખું શાહુકાર પણ નાંહી; સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મન માંહી હો ॥ કું૦ ॥૫॥ જે

---

૧ ખાલી

જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો; સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહરો સાલો[૨] હો ॥ કું૦ ॥૬॥ મેં જાણયું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે; બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો । કું૦ ॥૭॥ મન સાધ્યું તેણે સઘળુ સાધ્યું, એહ વાત નહિ ખોટી; એમ કહે સાધ્યું તે નવિ માનુ, એ કહી વાત છે મોહોટી હો ॥ કું૦ । ॥૮॥ મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું; આનંદઘન પ્રભુ માહરૂં આણો,તો સાચું કરી જાણું હો ॥ કું૦ ॥૯॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

ચરમ જિનેસરૂ - એ દેશી.

સમવસરણ બેસી કરી રે, બારહ પરષદમાંહે; વસ્તુ સ્વરૂપ પ્રકાશતા રે, કરૂણાકર જગનાહો રે । કુંથુંજિનેસરૂ ॥૧॥ નિર્મલ તુઝ મુખ વાણી રે, જે શ્રવણે સુણે; તેહિજ ગુણ મણિ ખાણી રે ॥ કું૦ ॥ એ આઁકણી ॥ ગુણ પર્યાય અનંતતા રે, વલી

૨ કુમતિ સ્ત્રીનો ભાઈ

સ્વભાવ અગાહ; નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહ રે ॥ કું૦ ॥૨॥ કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધિ; ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃધ્ધિ રે । કું૦ ॥૩॥ વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત ક્થક તસુ નામ; ગ્રાહક અવસર બોધથી રે,કહેવે અર્પિત કામો રે ॥ કું૦ ॥૪॥ શેષ અનપંત ધર્મ્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ; ઉભય રહિત ભાસન હુવે, રે, પ્રગટે કેવલ બોધ રે ॥કું૦ ॥૫॥ છતિ પરિણતિ ગુણ વર્તના રે, ભાસન ભોગ આનંદ; સમકાળેપ્રભુ તાહરેરે, રમ્ય રમણ ગુણ વૃંદોરે ॥ કું૦ ॥૬॥ નિજ ભાવે સી અસ્તિતા રે, પરનાસ્તિત્વ સ્વભાવ, અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય[1] તે ઉભય સ્વભાવો રે ॥કું૦ ॥૭॥ અસ્તિભાવ જે આપણો રે, રૂચિ વૈરાગ્ય સમેત; પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેતો રે ॥ કું૦ ॥ ॥૮॥ અસ્તિ સ્વભાવ રૂચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ; દેવચંદ્ર પદ તે લહેરે, પરમાનંદ જમાવો રે ॥ કું૦ ॥૯॥

---

૧ ક્થંચિત્

# શ્રી યશોવિજયજી કૃત સ્તવન,

સાહેલાં હે-એ દેશી,

સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ દીપતો હો લાલ ॥ સા૦ । મુજ મન મંદિરમાંહિ, આવે જો અરિબલ જીપતો હો લાલ ॥૧॥ સા૦ ॥ મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝલહલે હો લાલ ॥સા૦ ॥ ધુમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ ॥૨॥ સા૦ ॥ પાત્ર કરે નહિ હેઠ, સુરજ તેજે નવિ છિપે હો લાલ ॥સા૦॥ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ ॥૩॥ સા૦॥ જેહ ન મરૂતને ગમ્યા, ચંચલતા જે નવિ લહે હો લાલ ॥સા૦। જેહ સદા છે રમ્ય, પૃષ્ઠ ગુણે નવિ કૃશ રહે હો લાલ ॥૪॥ સા૦॥ પુદ્‌ગલ તેલ ન [1]ખેચ, તેહ ન શુદ્ધ દશા[2] દહે હો લાલ ॥સા૦॥ શ્રી નયવિજય સુશિષ્ય, વાચક યશ ઈણિપરે કહે હો લાલ ॥૫॥

---

૧ ક્ષેપન કરવાપણું, ૨ દીવેટ

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી કુંથુનાથ સ્વામીની સ્તુતિ

વશી કુંથુવતી તિલકો જગતિ, મહિમા મહતી નત ઈંદ્રતતિ[1], પ્રથિતાગમ જ્ઞાન ગુણા વિમલા, શુભ વીર મતાં ગાંધર્વ બલા ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

કુંથુજિન નાથ, જે કરે છે સનાથ; તારે ભવ પાથ[2], જે ગ્રહી ભવ્ય હાથ ॥ એહનો તજે સાથ, બાવલે દિયે બાથ; તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ ॥૧॥

**ઈતિ શ્રી કુંથુનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.**

---

૧ શ્રેણી, ૨ જળ

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી અરનાથ સ્વામીનું ચૈત્યવંદન

ઠાણ સવ્વઠ્ઠુથકી ચવ્યા, નાગપુરે અરનાથ; રેવતી જન્મ મહોત્સવા, કરતા નિર્જર નાથ ॥૧॥ જયકર યોનિ ગજવરૂ, રાશિ મીન ગણદેવ; ત્રણ વરસમાં થિર થઈ,ટાલે મોહની ટેવ ॥૨॥ પામ્યા અંબતરૂ તલેએ, ખાયક ભાવે નાણ; સહસ મુનિવર સાથશું, વીર કહે નિરવાણ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપનંદ; દેવી માતા જન્મીયો, ભવિજન સુખ કંદ ॥૧॥ લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ; સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ ॥૨॥ અરૂજ[૧] અજર[૨] અજ[3] જિનવરૂ, પામ્યા ઉત્તમ ઠાણ; તસપદ પદ્મ આલંબતાં, લહીએ પદ નિરવાણ ॥૩॥

---

૧ રોગ રહિત, ૨ જરા રહિત 3 જન્મ રહિત.

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

સર્વારથથી આવીયા, ફાગણ વદિ બીજે; માગશર, શુદિ દશમે જણચા, અરદેવ નમીજે ॥૧॥ માગશર શુદિ એકાદશી, સંયમ આદરિયો; કાર્તીક ઉજ્વલ બારશે, કેવલગુણ વરિયો ॥૨॥શુદિ તેરશ માગશરતણીએ, શિવપદ લહે જિનનાથ; સત્તમ ચક્રીને નમું, નય કહે જોડી હાથ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી અરનાથ સ્વામીનું સ્તવન

રાગ પરજ, ઋષભનો વંશ રયણાયરૂ-એ દેશી

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંતરે; સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે ॥ ધરમ૦ ॥૧॥ એ આંકણી ॥ શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસરે ॥ ધ૦ ॥ ॥ ૨ ॥ તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર

રે; દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધારરે । ધ૦ ॥૩॥ ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગરે; પર્યાય દૃષ્ટિ ન દિજીએ, એકજ કનક અભંગ રે ॥ધ૦ ॥૪॥ દરશન જ્ઞાન ચરણથકી, અલખ સરૂપ અનેક રે; નિર્વિકલ્પ રસ પિજીએ, શુદ્ધ નિરંજન એક રે ॥ધ૦॥ ॥૫॥ પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે; વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે ॥ ધ૦ ॥૬॥ વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે; શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે ॥ધ૦ ॥૭॥ એકપખી લખી પ્રીતિની, તુમ સાથે જગનાથરે; કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે ॥ ધ૦ ॥૮॥ ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફલ તતસાર[૧] રે; તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે ॥ ધ૦ ॥૯॥

---

૧ તત્ત્વસાર.

# ૫. શ્રી દેવચંદ્રજી સ્તવન

રામચંદ્રકે બાગમે, ચાંપો મોરી રહ્યો રે - એ દેશી.

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી; ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી ॥૧॥ કર્ત્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી; કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી ॥૨। જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી; ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી ॥૩॥ ઉપાદાનથી ભિન્ન, જે વિણુ કાર્ય ન થાયે; ન હુવે કારજ રૂપ, કર્ત્તાને વ્યવસાયે ।.૪॥ કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે; કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે ॥૫॥ વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;તે અસાધારણ હેતુ, કુંભે સ્થાન લહેરી ॥૬॥ જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી; ભુમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્‌ભાવી ॥૭। એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી; કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી ॥૮॥ કર્ત્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિ પણોરી; નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી ॥૯॥ યોગ

સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી; વિધિ આચરણા ભક્તિ, જેણે નિજ કાર્ય સધેરી ॥૧૦॥ નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો; નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો ॥૧॥ નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી; પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી ॥૧૨। પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હળીએ; રીઝ ભક્તિ બહુ માન, ભોગ ધ્યાનથી મળીએ ॥૧૩। મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા; તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા ॥૧૪। અર પ્રભુ પ્રભુતા રંગ,અંતર શક્તિ વિકાસી; દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી ॥૧૫॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

આસણરા જોગી - એ દેશી.

શ્રી અરજિન ભવજલનો તારૂ, મુઝ મન લાગે વારૂરે, મન મોહન સ્વામી; બાંહ્ય ગ્રહીએ ભવજલ તારે,આણે શિવપુર આરેરે ॥ મન૦ ॥૧। તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે ॥મન૦॥ પણ નવિ

ભય મુઝ હાથોહાથે, તારે તે છે સાથેરે ॥મન૦ ॥૨॥ ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈરે ॥ મન૦ ॥ કાયા કષ્ટ વિના ફલ લહીએ મનમાં ધ્યાન ધરેઈ રે ॥ મન૦ ॥૩॥ જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણો રે ॥ મન૦ ॥ શુધ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણોરે ॥ મન૦ ॥૪॥ પ્રભુ પદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજારે । મન૦ ॥ વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉંરે ॥ મન૦ ॥૫॥

## ૭ શ્રી વીરવિજયજી કૃત શ્રી અરનાથ સ્વામીની સ્તુતિ

અરવિભુ રવિ ભૂતળ ધોતકં, સુમનસા મન સાર્ચિતપત્કજે; જિનગિરા નગિરા પરતારિણી, પ્રણત યક્ષપતિ વીર ધારિણી ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

અર જિનવર રાયા, જેહની દેવી માયા; સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદાવર્ત

પાયા, દેશના શુદ્ધ દાયા; સમવસરણ વિરચાયા, ઈંદ્ર ઈંદ્રાણા ગાયા ॥૧॥

ઈતિ શ્રી અરનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

◈◈◈

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી મલ્લિનાથ સ્વામીનું ચૈત્યવંદન

મલ્લિ જયંત વિમાનથી, મિથિલા નયરી સાર;અશ્વની યોનિ જયંકરૂ, અશ્વનિએ અવતાર ॥૧॥ સુરગણ રાશિ મેષ છે, વંદિત સ્વર્ગી લોક; છદ્મસ્થા અહોરાતિની, કેવલ વૃક્ષ અશોક ॥૨॥ સમવસરણ બેસી કરીએ, તીર્થ પ્રવર્ત્તન હાર; વીર અચલ સુખને વર્યા, પંચસયાં પરિવાર ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન.

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી; પ્રભાવતિ જસ માવડી, ટાળે કર્મ વયરી ।.૧॥ તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચીશની કાયા;

લંછન કલશ મંગલકરૂ, નિરમલ નિરમાયા ॥૨॥
વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવ સુખ થાય ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

ચવ્યા જયંત વિમાનથી, ફાગણ વદિ ચઉથ; માગશર સુદિ ઈગ્યારશે, જન્મ્યા નિર્ગ્રંથ ॥૧॥ જ્ઞાન લહ્યા એકણ દિને, કલ્યાણક તિન; ફાગણ વદિ બારશે લહે, શિવ સદન અદીન ॥૨॥ મલ્લિ જિનેસર નીલડા, ઓગણીશમા જિનરાજ; અણપરણ્યા અણભૂપ પદ, ભવજલ તરણ જહાજ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન

### રાગ કાફી

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એહ અબ શોભા સારી; અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂલ નિવારી હો ॥ મલ્લિ૦ ॥૧॥ જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી; જુઓ અજ્ઞાન

દશા રીસાવી, જાતાં કાણ ન આણી હો ॥ મલ્લિ૦ ॥૨॥ નિદ્રા સુપન જાગર ઉજાગરતા, [1]તુરિય અવસ્થા આવી; નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો ॥ મલ્લિ૦ ॥૩॥ સમક્તિ સાથે સગાઈ કીધી, સ્વપરિવારશું ગાઢી; મિથ્યા મતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો ॥ મલ્લિ૦ ॥૪॥ હાસ્ય અરતિ રતિ શોક દુર્ગંછા, ભય પામર કરસાલી;[2] નોકષાય શ્રેણી ગજ ચડતાં, શ્વાન તણી ગતિ ઝાલી હો ॥ મલ્લિ૦ ॥૫॥ રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોદ્ધા; વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા બોદ્ધા હો ॥ મલ્લિ૦ ॥૬॥ વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી; નિઃકામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો ॥ મલ્લિ૦ ॥૭॥ દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતા; લાભ વિઘન જગવિઘન નિવારક, પરમ લાભ રસ માતા હો ॥ મલ્લિ૦ ॥૮॥ વીર્ય વિઘન પંડિત વીર્યે હણી,

---

૧ ચોથી ૨ કૃષિની આલી-પંક્તિ

પૂરણ પદવી યોગી; ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો । મલ્લિ૦ ॥૯॥ એ અઢાર દુષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા; અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા હો ॥ મલ્લિ૦ ॥૧૦॥ ઈણ વિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે; દીનબંધુની મેહેર નજરથી, આનંદઘન પદ પાવે હો ॥ મલ્લિ૦ ॥૧॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સત્વન

દેખી કામની દોય - એ દેશી.

મલ્લિનાથ જગનાથ, ચરણ યુગ ધ્યાઈએ રે ચ૦ ॥ શુદ્ધાતમ પ્રાગ્ભાવ, પરમ પદ પાઈએ રે ॥પ૦॥ સાધક કારક ષટ્ક, કરે ગુણ સાધના રે ॥ કા૦ ॥ તેહિજ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે ॥થા૦ ॥૧॥ કર્તા આતમ દ્રવ્ય, કારજ નિજ સિધ્ધતા રે ॥કા૦ ॥ ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે ।પ્ર૦॥ આતમ સંપદ દાન, તેહ સંપ્રદાનતા રે ॥તે૦ ॥ દાતા પાત્ર ને દેય, ત્રિભાવ અભેદતા રે ॥ ત્રિ૦ ॥૨॥ સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે

॥તે૦॥ સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથી રે ॥સં૦॥ બાધક કારક ભાવ, અનાદિ નિવારવા રે ॥અ૦॥ સાધકતા અવલંબી, તેહ સમારવા રે ॥ તે૦ ॥૩॥ શુદ્ધપણે પર્યાય, પ્રવર્ત્તન કાર્યમેં રે ॥પ્રા૦॥ કર્ત્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેં રે ॥તે૦ ॥ ચેતન ચેતન ભાવ, કરે સમવેતમેં[1] રે ॥ક૦॥ સાદિ અનંતો કાલ, રહે નિજ ખેતમેં રે ॥ ૨૦ ॥૪॥ પરકર્તૃત્વ સ્વભાવ, કરે તાંલગી[2] કરેરે ॥ક૦ ॥ શુદ્ધ કાર્ય રૂચિ ભાસ, થયે નવિ આદરેરે ॥ય૦॥ શુદ્ધાતમ નિજ કાર્ય, રૂચિકારક ફિરેરે ॥૩૦॥ તેહિજ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરેરે ॥ ગ્ર૦ ॥૫॥ કારણ કારજ રૂપ, અછે કારક દશારે ॥અ૦॥ વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વશ્યારે ॥એ૦॥ પણ શુદ્ધ સ્વરૂપ ધ્યાન, તે ચેતનતા ગ્રહેરે ॥ તે૦ । તવ નિજ સાધક ભાવ, સકલ કારક લહેરે ॥સ૦ ॥૬॥ માહરૂં પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણીરે ॥પ્ર૦॥ પુંષ્ટાલંબન રૂપ, સેવ પ્રભુજી તણીરો સે૦ ॥દેવચંદ્ર જિનચંદ્ર,

---

૧ સમવાય સંબંધમાં, ૨ ત્યાંસુધી.

ભગતિ મનમેં ધરોરે ॥ભ૦॥ અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે ॥અ૦ ॥૭॥

## ૬. શ્રી યશોવિજયજીકૃત સ્તવન

નાભિ રાયાં કે બાગ - એ દેશી

તુઝ મુઝ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી; લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી ॥૧॥ મલ્લિનાથ તુઝ રીઝ, જન રિઝે ન હુએરી; દોય રીઝણનો ઉપાય, સાહામું કાંઈ ન જુએરી ॥૨॥ દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી; એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી ॥૩॥ લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઈરી; તાત ચક્ર ધુર[1] પૂજ્ય, ચિંતા એહ હુઈરી ॥૪॥ રીઝવવો એક સાંઈ,[2] લોક તે વાત કરેરી; શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી ॥૫॥

---

૧ પ્રથમ. ૨ સ્વામી-પ્રભુ

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી મલ્લિનાથ સ્વામીની સ્તુતિ

મલ્લિનાથ મુખચંદ નિહાલું, અરિહા પ્રણમી પાતિક ટાલું; જ્ઞાનાનંદ વિમલપુર સેર, ધરણ પ્રિયા શુભવીર કુબેર ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીએ; ઈંદ્રિય ગણ દમીએ, આણ જિનની ન કમીએ[૧]; ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ; નિજ ગુણમાં રમીએ, કર્મ મલ સર્વ ધમીએ. ૧ ઈતિ શ્રી મલ્લિનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત.

---

૧. ઉલ્લંઘીએ

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી મુનિસુવ્રતસ્વામીનું ચૈત્યવંદન

સુવ્રત અપરાજિતથી, રાજગૃહી રેઠાણ; વાનર યોનિ રાજતિ, સુંદર ગણ ગીર્વાણ ॥૧॥ શ્રવણનક્ષત્રે જનમિયા, સુરવર જયજયકાર; મકર રાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગિયાર ॥૨॥ ચંપક હેઠે ચાંપિયાએ, જે ઘનઘાતિ ચાર; વીર વડો જગમાં પ્રભુ, શિવપદ એક હજાર ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન; પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપનંદન ॥૧॥ રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર; કર્મ[૧] નિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ સમીર ॥૨॥ ત્રીશ હજાર વરસતણું એ,પાલી આયુ ઉદાર; પદ્મ વિજય કહે શિવ વર્યા, શાશ્વત સુખ નિરધાર ॥૩॥

---

૧ નિકાંચિત કર્મરજ સમૂહને ટાળવા પ્રભંજન વાત સમાન

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

અપરાજિત્તથી આવીયા, શ્રાવણ શુદિ પુનમ; આઠમ જેઠ અંધારડી, થયો સુવ્રત જનમ ॥૧॥ ફાગણ શુદિ બારશે વ્રતી, વદિ બારશે જ્ઞાન; ફાગણની તિમ જેઠ નવમી, કૃષ્ણે નિર્વાણ ॥૨॥ વર્ણ શામ ગુણ ઉજવલા, તિહુયણ કરે પ્રકાશ; જ્ઞાન વિમલ જિનરાજના, સુર નરનાયક દાસ ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી મુનિસુવ્રતસ્વામીનું સ્તવન

રાગ કાફી, આઘા આમ પધારો પૂજ્ય-એદેશી.

મુનિસુવ્રત જિનરાય, એક મુઝ વિનતિ નિસુણો ॥ આતમ તત્વ ક્યું જાણ્યું જગત ગુરૂ, એહ વિચાર મુઝ કહિયોઃ આતમ તત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો ॥ મુનિ૦ ॥૧॥ એ આંકણી ॥ કોઈ અબંધ આતમ તત્ત માને, કિરિયા કરતો દિસે; ક્રિયા તણું ફલ કહો કુણ

ભોગવે, ઈમ પૂછયું ચિત્ત રીસે । મુનિ૦ ॥૨। જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો; દુ:ખ સુખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો । મુનિ૦ ॥૩॥ એક કહે નિત્યજ આતમ તત્ત,૧ આતમ દરિસણ લીનો; કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો ॥ મુનિ૦ ॥૪॥ સુગત મતિ રાગી કહે વાદી; ક્ષણિક એ આતમ જાણો; બંધ મોક્ષ સુખ દુ:ખ ન ઘટે, એહ વિચાર મન આણો ॥ મુનિ૦ ॥૫॥ ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે; અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ॥ મુનિ૦ ।.૬॥ એમ અનેક વાદિમત વિભ્રમ, સંકટ પડિયા ન લહે;ચિત્ સમાધિ તે માટે પૂછું તુમ વિણ તત્ત કોઈ ન કહે । મુનિ૦ ॥૭॥ વલતું જગગુરૂ ઈણિપરે ભાખે, પક્ષપાત સબ છંડી; રાગ દ્વેષ મોહ પખ વર્જિત,, આતમશું રઢ મંડી ॥ મુનિ૦ ॥૮॥ આતમ ધ્યાન કરે જો કોઉં, સો ફિર ઈણમેં નાવે; વાગ

---

૧ આત્મતત્વ

જાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે ॥ મુનિ૦ ॥૯॥ જિણે વિવેક ધરિયે પખ વહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે; શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે ॥ મુનિ૦ ॥૧૦॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

ઓલગડી ઓલગડી સુહેલી હો શ્રી શ્રેયાંસનીરે- એ દેશી

ઓલગડી તો કીજે શ્રી મુનિસુવ્રત સ્વામીનીરે, જેહથી નિજ પદ સિદ્ધિ; કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસેરે, લહીએ સહજ સમૃદ્ધિ ॥ ઓ૦ ॥૧॥ ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુનીરે, પણ કારણ નિમિત્ત આધીન; પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યોરે, ગ્રાહક વિધિ આધીન ॥ ઓ૦ ॥૨॥ સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવેરે, તે નિમિત્તે અતિ પુષ્ટ; પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસનારે, નવિ પ્રધ્વંસક દુષ્ટ ॥ ઓ૦ ॥૩॥ દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણોરે, નવિ ઘટતા તસુમાંહી સાધક સાધક પ્રધ્વંસકતા અછેરે, તિણે નહિ નિમિત્ત પ્રવાહ

॥ ઓ૦ ॥ ॥૪॥ ષટકારક પટકારક તે કારણ કાર્યના!
રે, જે કારણ સ્વાધીન; તે કર્ત્તા તે કર્ત્તા સહુ કારક
તે વસુરે, કર્મ તે કારણ પીન ॥ ઓ૦ ॥ ॥૫॥ કાર્ય
કાર્ય સંકલ્પે કારક દશા રે, છતી સત્તા સદ્‌ભાવ;
અથવા અથવા તુલ્ય ધર્મે જોયવેરે, સાધ્યારોપણ
દાવ ॥ ઓ૦ ॥૬॥ અતિશય અતિશય કારણ કારક
કરણતા રે, નિમિત્ત અને ઉપાદાન; સંપ્રદાન
સંપ્રદાન કારણ પદ ભવ. નથી રે, કારણ વ્યય
અપાધાન ॥ ઓ૦ ॥૭॥ ભવન ભવન વ્યય વિણુ
કારજ નવિ હુવે રે, જિમ દેખદે ન ઘટત્વ; શુદ્ધાધાર
શુદ્ધાધાર સ્વગુણનો દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્વ
॥ઓ૦॥૮॥ આતમ આતમ કર્ત્તા કારજ સિદ્ધતારે,
તસુ સાધન જિનરાજ; પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજ
રૂચિ ઉપજે રે, પ્રગટે આત્મ સામ્રાજ ॥ ઓ૦ ॥૯॥
વંદન વંદન સેવન નમન વળી પૂજનારે, સ્મરણ
સ્તવન વળી દયાન; દેવચંદ્ર દેવચંદ્ર કીજે
જિનરાજનોરે, પ્રગટે પૂર્ણ નિધાન ॥ ઓ૦ ॥૧૦॥

# શ્રી યશોવિજયજી કૃત સ્તવન

પાંડવ પાંચે વંદતા-એ દેશી

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે, વદન અનોપમ નિરખતાં, મારા ભવ ભવનાં દુ:ખ જાય રે ॥૧॥ મારાં ભવ, ભવનાં દુ:ખ જાય, જગત ગુરૂ જાગતો, સુખકંદ રે; સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરૂ દીપતો ॥ સુ૦ ॥ એ આંકણી । નિશિ દિન સૂતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે; જબ ઉપગાર સંભારીએ, તવ ઉપજે આનંદ પૂરે રે ॥ ત૦ ॥ જ૦ । સુ૦ ॥૨॥ પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે; ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે ॥ તે૦ ॥ જ૦ ॥ સુ૦ ॥૩॥ અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપરે; અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાય અરૂપ રે. ॥ ઓ ॥જ૦ ॥ સુ૦ ॥૪॥ અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે

ન લિખાય રે; વાચક યશ કહે પ્રેમથી, પણ મન માંહે પરખાય રે ॥૫॥ ॥ સુ૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી મુનિસુવ્રત સ્વામીની સ્તુતિ

સુવ્રત સ્વામી, આતમરામી, પૂજો ભવિ મન રૂલી; જિન ગુણ થુણિયે, પાતિક હણિયે, ભાવ સ્તવ સાંકલી; વચને રહિયે, જૂઠ ન કહિયે, ટલે ફલ વંચકો; વીરજિણુપાસી સુરી નરદત્તા, વરૂણ જિનાર્ચકો ॥૧॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

મુનિસુવ્રત નામે, જે ભવી ચિત્ત કામે; સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે; દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે; સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધ ધામે ॥૧॥

**ઈતિ શ્રી મુનિસુવ્રત સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત**

# શ્રી વીરવિજયજી કૃત શ્રી નમિનાથ સ્વામીનું ચૈત્યવંદન

દશમા પ્રાણત સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ; મિથિલા નયરી રાજિયો, શિવપુર કેરો સાથ ॥૧॥ યોનિ અશ્વ અલંકરી, અશ્વની ઉદયોભાણ; મેષરાશિ સુરગણ નમું, ધન તે દિન સુવિહાણ ૨॥ નવ માસાંતર કેવલીએ બકુલ તલે નિરધાર; વીર અનોપમ સુખ વર્યા, મુનિ પરિતંત[1] હજાર ॥૩॥

# શ્રી પદમવિજયજી કૃત ચૈત્ય૦

મિથિલા નગરીનો રાજીયો, વપ્રા સુત સાચો;વિજયરાય સુત છોડીને અવર મત માચો ॥ ૧ ॥ નીલ કમલ લછંન ભલું, પન્નર ધનુષની દેહ; નમિ જિનવરનું શોભતું, ગુણ ગણ મણિ ગેહ ॥ ૧ ॥ દશ હજાર વરસ તણુંએ, પાલ્યું પરગટ આય; પદ્મવિજય કહે પુન્યથી, નમિએ તે જિનરાય ॥ ૩॥

---

૧ પરિવાર

## ૫ શ્રી જ્ઞાન વિમલજી કૃત ચૈત્ય.

આસો શુદિ પુનમ દિને, પ્રાણતથી આયા; શ્રાવણ વદિ આઠમ દિને, નમિ જિનવર જાયા ॥ ૧ ॥ વદિ નવમી અશાઢની, થયા તિહાં અણગાર, માગશર શુદિ અગ્યારસે, વર કેવલધાર ॥ ૨ ॥ વદિ નવમી વૈશાખનીએ, અક્ષય અનંતા સુખ; નય કહે શ્રી જિન નામથી, નાસે દોહગ દુઃખ ॥ ૩ ॥

## ૪ શ્રી આનંદઘનજી કૃત શ્રી નમિમાથ સ્વામીનું સ્તવમ.

રાગ આશાવરી.

ધન ધન સંપ્રત્તિ સાચો રાજા - એ દેશી ષટ દરિસણ જિનઅંગ ભણીજે, ન્યાયષડંગ જો સાધે રે; નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિસણ આરાધે રે ॥ ષટ ॥ ૧ ॥ એ આંકણી ॥ જિન સુર પાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે; આતમ સત્તા વિવરણ કરતાં; લહો દુગ અંગ અખેદેરે ॥ષટ૦॥ ॥ ૨ ॥ ભેદ અભેદ સુગત મિમાંસક.

જિનવર દોય કર ભારી રે; લોકાલોક અવલંબન ભજીયે, ગુરૂગમથી અવધારી રે ॥ ષટ ॥ ૩ ॥ લોકાયતિ કુખ જિનવરની,અંશ વિચારી જોકીજેરે; તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમવિણ કેમ પીજે રે ॥ ષટ૦ ॥ ૪ ॥ જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગેરે; અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગેરે ॥ ષટ૦ ॥ ૫ ॥ જિનવરમાં સઘળા દરિસણ છે, દર્શને જિનવર ભજનારે; સાગરમાં સઘળી તટિની સહી, તટીની માં સાગર ભજનારે ॥ ષટ૦ ॥ ૬ ॥ જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે; ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે ॥ ષટ૦ ॥ ૭ ॥ ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે; સમય પુરૂષનાં અંગ કહ્યાં એ,જે છેદે તે દુર્ભવરે । ષટ૦ । ॥ ૮ ॥ મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગેરે; જે ધ્યાવે તે નવિ વંચિ જે, ક્રિયા અવંચક ભોગેરે ॥ ષટ૦ ॥ ૯ ॥ શ્રુત અનુસાર

વિચારી બોલું સુગુરુ તથા વિધિ ન મિલે રે, કિરિયા કરી નવી સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘલે રે ।।ષટ૦।। ૧૦।। તે માટે ઉભા કરજોડી, જિનવર આગલ કહીયે રે; સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીયેરે।।ષટ।। ૧૧ ।।

## ૫ શ્રી દેવચંદ્રજી કૃત
## શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન.

પાછોલારી પાલ, ઉભા દોય રાજવીરે-એ દેશી.

શ્રી નમિ જિણવર સેવ, ઘનાઘન ઉનમ્યોરે ઘ૦।। દીઠાં[1]મિથ્યારોરે, ભવિક ચિત્તથી[2]ગમ્યોરે ભ૦ ।। શુચિ આચરણા રીતે, તે અભ્ર વધે વડારે તે૦।। આતમ પરિણતિ શુદ્ધ, તે વીજ ઝબુકડારે ।।તે૦ ।।૧।। વાજે વાય સુવાય, તે પાવન ભાવના રે તે૦ ।। ઈંદ્ર ધનુષ ત્રિક યોગ, તે ભક્તિ ઈકમનારે તે૦ ।। નિર્મળ

---

૧ દુઃકાલ ૨ ગયો

પ્રભુ સ્તવ ઘોષ, ધ્વનિ ઘનગર્જના રે ધ્વ૦ ॥ તૃષ્ણા ગ્રીષ્મ કાળ, તાપની તર્જના રે ॥ તા૦ ॥૨॥ શુભ લેશ્યાની આલિ, તે બગપંક્તિ બનીરે તે૦ ॥ શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિરે વ૦ । ચઉગતિ મારગ બંધ, ભવિકનિજ ઘર રહ્યારે ભ૦ ॥ ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યારે । રં૦ ॥૩॥ સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે તિ૦ ॥ દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવરતણું રે ॥પ૦॥ પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહીરે તે૦ ॥ ધરમ રૂચિ ચિત્ત ભૂમિ, માંહિ નિશ્ચય રહીરે ॥ માં૦ ।૪॥ ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણોરે ક૦ ॥ અનુભવ રસ આસ્વાદ, સકલ દુ:ખ વારણોરે સ૦ ॥ અશુભાચાર નિવારણ, તૃણ અંકુતારે ॥ તૃ ॥ વિરતિતણો પરિણામ, તે બીજની પૂરતારે ॥ તે૦ ॥પ॥ પંચ મહાવ્રત ધાન્ય તણા કર્ષણ વધ્યાંરે ત૦ । સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાંરે સા૦ ॥ ક્ષાયિક દરિસન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યારે ચ૦ ॥ આદિક બહુ ગુણ [1]સસ્ય, આતમ

---

૧ ધાન્ય

ઘર નીપન્યારે ॥ આ૦ ॥૬॥ પ્રભુ દરિસણ મહામેહ, તણે પરવેશમે રે ત૦ ॥ પરમાનંદ સુભિક્ષ, થયા મુઝ દેશમેંરે થ૦ ॥ દેવચંદ્ર જિનચંદ્ર, તણોઅનુભવ કરોરે ત૦ ॥ સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરોરે ॥ આ૦ ॥૭॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

શ્રી નમિ જિનની સેવા કરતાં અલિય વિઘન સવિ દૂરે નાસેજી; અષ્ટ મહા સિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસેજી ॥ શ્રી૦ ॥૧॥ મયમત્તા અંગણ ગજ ગાજે, રાજે તેજી [૨]તુખાર તે ચંગાજી; બેટાબેટી બંધવા જોડી, લહિયે બહુ અધિકાર રંગાજી ॥ શ્રી૦ ॥૨॥ વલ્લભ સંગમ રંગ લહીજે, અણવાલહા હો દૂર સહેજેજી; વાંછા તણો વિલંબન દૂજો, કારજ સીઝે ભૂરિ સહેજેજી ॥ શ્રી૦ ॥૩॥ ચંદ્ર કિરણ ઉજ્જવલ યશ ઉલ્લસે, સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી, જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનયે, તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી ॥ શ્રી૦ ॥૪॥ મંગલ

---

૨ ઘોડા

માલા લચ્છિ વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગેજી; શ્રી નયવિજય વિબુધ પય સેવક, કહે લહિએ સુખ પ્રેમ અંગેજી ॥ શ્રી૦ ॥૫॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી નમિનાથ સ્વામીની સ્તુતિ

શ્રી નમિનાથ સુહામણાએ, તીર્થપતિ સુલતાન તો; વિશ્વંભર અરિહા પ્રભુએ, વીતરાગ ભગવાન તો; રત્નત્રયી જસ ઉજલીએ, ભાવે ષટ દ્રવ્ય જ્ઞાન તો; ભૃકુટી સુર ગંધારિકાએ, વીર હૃદય બહુ માન તો. ॥૧॥

## ૮. પદ્મવિજયજી કૃત સ્તુતિ

નમીએ નમિ નેહ, પુન્ય થાયે જયું દેહ; અઘ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ;લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ; લહે શિવપુર ગેહ; કર્મનો આણી છેહ ॥૧॥

**ઈતિ શ્રી નમિનાથ સ્વામીનાં ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત**

❖❖❖

## ૧. શ્રી વીરવિજયી કૃત શ્રી નેમિનાથ સ્વામીનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમાં, અપરાજિતથી આય; સૌરીપુરમાં અવતર્યા, કન્યારાશિ સુહાય ॥૧॥ યોનિ વાઘ વિવેકીને, રાક્ષસગણ અદ્‌ભુત; રિખ[1] ચિત્રા ચોપન દિન, મૌનવંતા મન પૂત[2] ॥૨॥ વેતસ હેઠે કેવલીએ, પંચસયાં છત્રીશ; વાચંયમશું[3] શિવ વર્યા, વીર નમે નિશદિશ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય; સમુદ્રવિજય પૃથવીપતિ, જેહ પ્રભુના તાય ॥૧॥ દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર ॥૨॥ સૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥૩॥

---

૧ નક્ષત્ર ૨ પવિત્ર ૩ મુનિસાથે

## ૩. શ્રી જ્ઞાનવિલમજી કૃત ચૈત્યવં

અપરાજિતથી આવિયા, કાર્તિક વદી બારસ; શ્રાવણ શુદિ પંચમી જણ્યા, યાદવ અવતંસ[૧] ॥૧॥ શ્રાવણ શુદિ છટ્ઠે સંજમી, આસો અમાવાશ નાણ; શુદિ અષાઢની આઠમે, શિવ સુખ લહે રસાલ ॥૨॥ અરિહ્રુનેમી અણપરણીયાએ, રાજિમતીના કંત; જ્ઞાનવિમલ ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત ॥૩॥

## ૪. શ્રી આનંદઘનજી કૃત શ્રી નેમિનાથ સ્વામિનું સ્તવન

રાગ મારૂણી ધણરા ઢોલા-એ દેશી

અષ્ટભવંતર વાલહીરે, તુંમુજ આતમરામ મનરા વાલા, મુગતિ સ્ત્રીશું આપણેરે, સગપણ કોઈ ન કામ ॥મ૦ ॥૧॥ ઘર આવો હો વાલમ ઘર આવો, માહરી આશાના વિશરામ ॥ મ૦ ॥ રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મહારા મનોરથ સાથ ॥

૧ મુકુટ સમાન

મ૦ ॥૨॥ નારી પંખો શ્યો નેહલો રે, સાચ કહે જગનાથ ॥ મ૦ ॥ ઈશ્વર અર્ધંગે ધરીરે, તું મુઝ ઝાલે ન હાથ ॥ મ૦ ॥ ॥૩॥ પશુજનની કરૂણા કરીરે, આણી હૃદય વિચાર ॥ મ૦ ॥ માણસની કરૂણા નહિરે, એ કુણ ઘર આચાર ॥ મ૦ ॥૪॥ પ્રેમ કલ્પતરૂ છેદીયોરે, ધરિયો જોગ ધતૂર ॥ મ૦ ॥ ચુતરાઈરો કુણ કહોરે, ગુરૂ મિલિયો જગ સૂર ॥ મ૦ ॥૫॥ મારૂં તો એમાં ક્યુંહી નહિરે, આપ વિચારે રાજ ॥ મ૦ ॥ રાજસભામાં બેસતાંરે, કિસડી[1] બધસી લાજ ॥ મ૦ ॥૬॥ પ્રેમ કરે જગ જન સહુરે, નિવહિે તે ઓર ॥ મ૦ ॥ પ્રીત કરીને છોડી દે રે, તેહશું ન ચાલે જોર ॥ મ૦ ॥ ૭ ॥ જો મનમાં એહવું હતું રે, નિસપત[2] કરત ન જાણ ॥ મ૦ ॥ નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુકશાન ॥ મ૦ ॥૮॥ દેતાં દાન સંવત્સરીરે, સહુ લહે વંછિત પોષ ॥ મ૦ ॥ સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ ॥૯॥

---

૧ કોની લાજ વધશે ? ૨ સંબંધ

સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેતા ॥મ૦॥ ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારે હેત ॥ મ૦ ॥ ॥૧૦॥ રાગી શું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ ॥ મ૦ ॥ રાગવિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ ॥ મ૦ ॥ ॥૧૧॥ એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક ॥મ૦ ॥ અનેકાંતિક ભોગવોરે, બ્રહ્મચારી ગત રોગ ॥ મ૦ ॥૧૨॥ જિણ જોણિ તુમને જોઉં રે, તિણ જોણિ જોવો રાજ ॥મ૦ ॥ એકવાર મુઝને જુઓ રે, તો સીઝે મુજ કાજ ॥મ૦ ॥ ૧૩॥ મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર ॥મ૦॥ વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર ॥ મ૦ ॥૧૪॥ સેવક પણ તે આદરેરે, તો રહે સેવક મામ[2] ॥મ૦॥ આશય સાથે ચાલીએ રે, એહીજ રૂડું કામ ॥ મ૦ ॥૧૫॥ ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર ॥મ૦ ॥ ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતા હાર ॥ મ૦ ॥ ॥૧૬॥ કારણરૂપી

---

૧ શ્વેત ૨ લાજ

પ્રભુ ભજ્યો રે, ગણ્યું ન કાજ અકાજ ॥ મ૦ ॥
કૃપા કરી મુઝ દીજીએરે આનંદઘન પદ રાજ ॥ મ૦ ॥૧૭॥

## શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન

પદ્મપ્રભ જિન અલગા વશ્યા - એ દેશી.

નેમિ જિણેસર નિજ કારજ કર્યો, છાંડયો સર્વ વિભાવોજી; આતમ શક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી ॥ ને૦ ॥૧॥ રાજુલ નારીરે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;ઉત્તમ સંગેરે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી ॥ ને૦ ॥૨॥ ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યોજી; પુદ્‌ગલ ગ્રહવેરે કર્મ કલંક્તા, વાધે બાધક બાહ્યોજી ॥ને૦ ॥૩॥ રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી; નિરાગીથીરે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી ॥ને૦ ॥૪॥ અપ્રશસ્તા રે ટાલિ પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી; સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી. ॥ ને૦ ॥૫॥ નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા,

નિજ તત્ત્વે એક તાનોજી; શુક્લ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિયે મુક્તિ નિદાનોજી ॥ ને૦ ॥૬॥ અગમ અરૂપીરે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશોજી; દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી ॥ ને૦ ॥૭॥

## ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

આટલા દિન હું જાણતો રે હાં-એ દેશી.

તોરણ આવી રથ ફેરી ગયા રે, હાં, પશુઆં શિર દેઈ દોષ; મેરે વાલમા ॥ નરભવ નેહ નિવારિયો રે હાં, શ્યો જોઈએ આવ્યા જોશ ॥ મે૦ ।.૧॥ ચંદ કલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ મે૦ ॥ તેહ કુરંગ[1]ને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ ॥ મે૦ ॥૨॥ ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત મે૦ । સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહ શું કવણ સંકેત ? ॥ મે૦ ॥૩॥ પ્રીત કરંતા સોહિલી રે હાં, નિરવહેતાં જંજાલ મે૦ ॥ જેહવો વ્યાલ[2] ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ । મે૦ ॥૪॥

---

૧ હરણ ૨ સર્પ

જો વિવાહ અવસરે દિઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ મે૦ ॥ દીક્ષા અવસર દિજીએ રે હાં, શિર ઉપર જગનાથ ॥ મે૦ ॥૫॥ ઈમ વલવલતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ મે૦ ॥ વાચક યશ કહે પ્રણમિયે રે હાં, એ દંપતી હોય સિદ્ધ ॥ મે૦ ॥૬॥

## ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી નેમિનાથ સ્વામીની સ્તુતિ

દુરિતભયનિવારં, મોહવિધ્વસંકારં; ગુણવંતમવિકારં, પ્રાપ્તસિદ્ધિમુદારં; જિનવર જયકારં, કર્મસંક્લેશહારં; ભવજલનિધિતારં, નૌમિ નેમિકુમારં ॥૧॥ અડ જિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા; અડ જિનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા;અડ જિનવર માતા, પ્રાપ્ત માહેંદ્ર શાતા; ભવભય જિન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા ॥૨॥ ઋષભ જનક જાવે, નાગ[1] સુરભાવ પાવે; ઈશાન

---

૧ નાગકુમારમાં.

સગ કહાવે, શેષ કાંતા સ્વભાવે; પદ્માસન સુહાવે, નેમ આદ્યંત પાવે;શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિ સૂત્રે પઠાવે ॥૩॥ વાહન પુરૂષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી; ગોમેધ ને ષટ પાણી, સિંહ બેઠી વરાણી; તનુ કનક સમાણી, અંબિકા ચાર પાણી; નેમ ભક્તિ ભરાણી, વીરવિજયે વખાણી ॥૪॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી; તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી; પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી; કેવલ શ્રી સારી, પામિયા ઘાતી વારી ॥૧॥ ત્રણ જ્ઞાન સંજુત્તા, માતાની કુખે હુંતા; જનમે પુરહુંતા[1], આવી સેવા કરંતા; અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા; મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા ॥૨॥ સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે; ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે; સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે; તિહાં જિનવર આવે, તત્ત્વ

૧ ઈંદ્રો

વાણી સુણાવે ॥૩॥ શાસનસુરી સારી, અંબિકા નામ ધારી; જે સમકિતી નરનારી, પાપ સંતાપ વારી; પ્રભુ સેવાકારી, જાપ જપિયે સવારી; સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી ॥૪॥

ઈતિ શ્રી નેમિનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સમાપ્ત

◈◈◈

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી પાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન.

નયરી વાણારસીયે થયા, પ્રાણતથી પરમેશ;
યોની વ્યાઘ્ર સુહંકરી, રાક્ષસ ગણ સુવિશેષ ॥૧॥
જન્મ વિશાખાએ થયો, પાર્શ્વ પ્રભુ મહારાય;
તુલારાશિ છદ્મસ્થમાં, ચૌરાશિ દિન જાય ॥૨॥
ધવતરૂ પાસે પામીયા એ, ક્ષાયક દુગ ઉપયોગ;
મુનિ તેત્રિશે શિવ વર્યા, વીર અખય સુખ ભોગ ॥૩॥

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમિયા, અહિ લંછન જાસ ॥૧॥ અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા; કાશી દેશ વાણારશી, પુણ્યે પ્રભુ આયા ॥૨॥ એક્સો વર્ષનું આઉખુંએ, પાલી પાસ કુમાર; પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

કૃષ્ણ[1] ચોથ ચૈત્રહ તણી, પ્રાણતથી આયા; પોસ વદિ દશમે જનમ, ત્રિભુવન સુખ પાયા ॥૧॥ પોસ વદી ઈગ્યારશે, લહે મુનિવર પંથ; કમઠાસુર ઉપસર્ગનો ટાલ્યો પલિમંથ[2] ॥૨॥ ચૈત્ર કૃષ્ણ ચોથહ દિનેએ, જ્ઞાનવિમલ ગુણ નૂર; શ્રાવણ શુદિ આઠમે લહ્યા, અવિચલ સુખ ભરપૂર ॥૩॥

---

૧ કૃષ્ણ અંધારી ૨ ઉપદ્રવ

# ૫. શ્રી આનંદઘનજી કૃત શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

રાગ સારંગ, રસીઆની દેશી.

ધ્રુવપદ રામી હો સ્વામિ માહારા, નિકામી ગુણરાય ॥ સુજ્ઞાની ॥ નિજ ગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય ॥ સુજ્ઞાની ॥ ધ્રુ૦ ॥૧॥ સર્વ વ્યાપી કહે સ્વ જાણંગપણે, પર પરિણમન સરૂપ ॥ સુ૦ ॥ પરરૂપે કરી તત્ત્વ પણું નહીં, સ્વસત્તા ચિદ્‌રૂપ ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥૨॥ જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેક્તા, જલભાજન રવિ જેમ ॥ સુ૦ ॥ દ્રવ્ય એકત્ત્વપણે ગુણ એક્તા, નિજપદ રમતા હો ખેમ । સુ૦ ॥ ધ્રુવ૦ ॥૩॥ પર ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન ॥ સુ૦ ॥ અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥૪॥ જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ, કાળ પ્રમાણે રે થાય । સુ૦ ॥ સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય ॥ સુ૦ ॥ ધ્રુવ૦ ॥૫॥ પરભાવે કરી

પરતા પામતા, સ્વસત્તા થિર ટાણ ॥ સુ૦ ॥ આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ ॥સુ૦ ॥ધ્રુ૦ ॥૬॥ અગુરૂલઘુ નિજ ગુણને દેખતાં દ્રવ્ય સકલ દેખંત ॥ સુ૦ ॥ સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત ॥ સુ૦ ॥ ધ્રુવ૦ ॥૭॥ શ્રી પારસજિન પારસ સમો, પણ ઈહાં પારસ[1] નાંહિ ॥ સુ૦ ॥ પૂરણ રસીઓ હો નિજ ગુણ પરસનો[2], આનંદઘન મુજ માંહિ ॥ સુ૦ ॥ ધ્રુવ૦ ॥૮॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

### કડખાની દેશી

સહજ ગુણઆગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વૈરાગરો પ્રભુ સવાયો; શુદ્ધતા એક્તા, તીક્ષ્ણતા ભાવથી, મોહ રિપુ જીતી જય પડહ વાયો ॥ સ૦ ॥૧॥ વસ્તુ નિજ ભાવ, અવિભાસ નિકલંક્તા,

---

૧ પાષણરૂપ પારસ નહીં. ૨ આત્મગુણરૂપ પારસનો

પરિણતિ વૃત્તિતા કરી અભેદે; ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી, સંતતિ યોગને તું ઉચ્છેદે ॥ સુ૦ ॥૨॥ દોષ ગુણ વસ્તુની, લખિય યથાર્થતા, લહી ઉદાસીનતા અપર ભાવે; ધ્વંસિ તજ્જન્યતા, ભાવ કર્ત્તાપણું, પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે ॥સ૦ ॥૩॥ શુભ અશુભ ભાવ, અવિભાસ તહકીકથી, શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો; શુદ્ધ પરિણામતા, વીર્ય કર્ત્તા થઈ, પરમ અક્રીયતા અમૃત પીધો ॥ સ૦ ॥૪॥ શુદ્ધતા પ્રભુ તણી, આત્મભાવે રમે, પરમ પરમાત્મતા તાસ થાયે; મિશ્ર ભાવે અછે, ત્રિગુણની ભિન્નતા, ત્રિગુણ એકત્વ તુઝ ચરણ આયે ॥ સ૦ ॥૫॥ ઉપશમ રસ ભરી, સર્વજન શંકરી, મૂર્ત્તિ જિનરાજની આજ ભેટી; કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે, તિણે ભવ ભ્રમણની ભીડ મેટી ॥ સ૦ ॥૬॥ નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને, વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો ॥ હેતુ એકત્વતા, રમણ પરિણામથી, સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો ॥ સ૦ ॥૭॥ આજ કૃતપુણ્ય ધન્ય દીહ માહારો

થયો, આજ નર જનમ મેં સફલ ભાવ્યો ॥ દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીયો, ભક્તિભર ચિત્ત તુઝ ગુણ રમાવ્યો ॥સ૦॥૮॥

## ૬. શ્રી યશોવિજયજીકૃત શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

દેખી કામની દોઈ - એ દેશી.

વામા નંદન જિનવર મુનિમાંહે વડો રે કે મુનિમાંહે વડો ॥ જિમ સુરમાંહિ સોહે સુરપતિ પરવડો રે, કે સુર૦ ॥ જિમ ગિરિમાંહિ સુરાચલ મૃગ માંહે કેસરી રે ॥મૃગ॥ જિમ ચંદન તરૂમાંહિ સુભટમાંહિ મુરઅરીરે ॥સુ૦ ॥૧॥ નદીય માંહિ જિમ ગંગ અનંગ[1] સરૂપમાં રે ॥ અનંગ૦ ॥ ફુલમાંહિ અરવિંદ[2] ભરતપતિ ભૂપમા રે ॥ ભ૦ ॥ ઐરાવણ ગજ માંહિ ગરૂડ ખગમાં[3] યથારે ॥ ગરૂડ૦ ॥ તેજવંતમાંહિ ભાણ[4] વખાણમાંહિ જિન ક્યારે ॥ વ૦ ॥૨॥ મંત્રમાંહિ નવકાર રત્નમાંહિ સુરમણિરે ॥

---

૧ કામદેવ. ૨ કમળ ૩ પક્ષી ૪ સૂર્ય

રત્ન૦ ॥ સાગરમાંહિ સ્વયંભૂરમણ શિરોમણિરે । રમ૦ ॥ શુક્લ ધ્યાન જિમ ધ્યાનમાં અતિ નિર્મલપણે રે । અ૦ ॥ શ્રી નયવિજય વિબુધ પય સેવક ઈમ ભણે રે ॥ સે૦ ॥૩॥

## ૭. શ્રી વીરવિજયજીકૃત શ્રી પાર્શ્વનાથ સ્વામી સ્તુતિ

પાસજિણંદા વામાનંદા જબ ગરભે ફલી, સુપનાં દેખે અર્થ વિશેષે કહે મઘવા[1] મલી; જિનવર જાયા સુર હુલરાયા હુઆ રમણી પ્રિયે, નેમી રાજી[2] ચિત્ત વિરાજી વિલોક્તિ વ્રત લિયે ॥૧॥ વીર એકાકી ચાર હજારે દીક્ષા ધુર જિનપતિ, પાસ ને મલ્લિ ત્રયશત સાથે બીજા સહસે વ્રતી; ષટ્શત સાથે સંજમ ધરતા વાસુપૂજ્ય જગધણી, અનોપમ લીલા જ્ઞાન રસીલા દેજો મુજને ઘણી ॥૨॥ જિન મુખ દીઠી વાણી મીઠી સુરતરૂ વેલડી, દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે પીલે રસ શેલડી; સાકર સેતિ તરણા લેતી મુખે પશુ ચાવતી, અમૃત મીઠું સ્વર્ગે દીઠું સુરવધુ

૧ ઈન્દ્ર ૨ નેમિનાથ રાજિમતિના ચિત્ર ૩ કાચબો

ગાવતી ॥૩॥ ગજ મુખ દક્ષો વામન જક્ષો મસ્તકે ફણાવલી, ચ્યાર તે બાંહી કચ્છપવાહી[3] કાયા જસ શામલી ॥ ચૌકર પ્રૌઢા નાગારૂઢા દેવી પદ્માવતી, સોવનકાંતિ પ્રભુ ગુણ ગાતી વીર ઘેર આવતી ॥૪॥

## ૮. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

શ્રી પાસજિણંદા, મુખ પુનમ ચંદા ॥ પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા । લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા ॥ સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા ॥૧॥ જનમથી વર ચાર, કર્મ નાસે ઈગ્યાર ॥ ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર ॥ સવિ ચોત્રીશ ધાર, પુન્યના એ પ્રકાર । નમિયે નરનાર, જેમ સંસાર પાર ॥૨॥ એકાદશ અંગા, તિમ બારે ઉવંગા ॥ ષટ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા ॥ દશ પયન્ના સુસંગા, સાંભળો થઈ એકંગા ॥ અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા ॥૩॥ પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો । અડતાલીશ જાસો, સહસ

પરિવાર ખાસો ॥ સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો ॥ કહે પદ્મ નિકાસો,[1] વિઘ્નનાં વૃંદ નાસો ॥૪॥

ઈતિ શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ સમાપ્ત

## ૧. શ્રી વીરવિજયજી કૃત શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

ઉર્દ્ધ લોક દસમા થકી, કુંડપુરે મંડાણ;
વૃષભયોનિ ચોવીશમા, વર્દ્ધમાન જિનભાણ ।.૧॥
ઉત્તરા ફાલ્ગુણી ઉપન્યા, માનવ ગણ સુખદાય ॥
કન્યારાશિ છદ્મવસ્થમાં, બાર વરસ વહી જાય ॥૨॥
શાલ વિશાલ તરૂતલેએ, કેવલનિધિ પ્રગટાય ॥
વીર બિરૂદ ધરવા ભણી, એકાકી શિવ જાય ॥૩॥

---

૧ દૂર ટાળો

## ૨. શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યં૦

સિદ્ધાર્થ સુત વંદીએ, ત્રિશલાનો જાયો ॥
ક્ષત્રીય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥૧॥
મૃગપતિ[૧] લંછન પાઉલે, સાત હાથની કાયા ॥
બોહોતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥૨॥
ક્ષમાવિજય જિનરાજનાએ, ઉત્તમ ગુણ અવદાત ॥
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત ॥૩॥

## ૩. શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યં૦

શુદિ આષાઢ છઠ દિવસે, પ્રાણતથી ચવિયા॥ તેરશે ચૈત્રહ શુદિ દિને ત્રીશલાએ જણિયા ॥૧॥ માગશર વદિ દશમી દિને, આપ સંયમ આરાધે ॥ શુદિ દશમી વૈશાખની, વર કેવલ સાધે ॥૨॥ કાર્તીકૃષ્ણ[૨] અમાવશીએ, શિવગતિ કરે ઉદ્યોત ॥ જ્ઞાનવિમલ ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત ॥૩॥

---

૧ સિંહ, ૨. કાર્તિક વદી

# ૪. શ્રી આનંદઘનજી કૃત
# શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

### રાગ ધનાશ્રી

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગુ રે ॥ મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જિત નગારૂં વાગ્યું રે ॥ વી૦ ॥૧॥ છઉમસ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરે ॥ સૂક્ષ્મ સ્થૂળ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે ॥ વી૦ ॥૨॥ અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખેરે ॥ પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે યથાશક્તિ મતિ લેખેરે ॥ વી૦ ॥૩॥ ઉત્કૃષ્ટ વીરયને વેશે, યોગ ક્રિયા નવી પેસે રે ॥ યોગ તણી ધ્રુવતાને લેશે, આતમ શક્તિ ન ખેસે રે ॥વી૦ ॥૪॥ કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે ॥ શુરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે ॥ વી૦ ॥૫॥ વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે ॥ ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ

પહિચાણે રે ॥ વી૦ ॥૬॥ આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગેરે ॥ અક્ષય દર્શન જ્ઞાનવૈરાગે, આનંદઘન પ્રભુ જાગેરે ॥વી૦ ॥૭॥

## ૫. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

### કડખાની દેશી.

તાર હો તાર પ્રભુ, મુઝ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે ॥ દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે ॥ તા૦ ॥૧॥ રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો, લોકની રીતિમાં ઘણુંયે રાતો ॥ ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવમાંહિ હું વિષય માતો ॥તા૦ ॥૨॥ આદર્યું આચરણ, લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈન કીધો ॥શુદ્ધ શ્રદ્ધાન વલિ, આત્મ અવલંબ વિન, તેહવો કાર્ય તિણે કો ન સીધો ॥ તા૦ ૩॥ સ્વામી દરિસણ સમો. નિમિત્ત લહી નિર્મલો, જો ઉપાદાન એ શુચિ ન થાશે ॥

દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાશે ॥ તા૦ ॥૪॥ સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિસણ શુદ્ધતા તેહ પામે ॥ જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિધામે ॥ તા૦ ॥૫॥ જગત વત્સલ મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાશ્યો ॥ તારજો બાપજી બિરૂદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો ॥ તા૦ ॥૬॥ વિનતિ માનજો, શક્તિ એ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે । સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે ॥ તા૦ ॥૭॥

❖❖❖

## ॥ કળશ ॥

ચોવીશે જિનગુણ ગાઈયે, ધ્યાઈયે તત્ત્વ સરૂપોજી । પરમાનંદ પદ પાઈયે, અક્ષય જ્ઞાન અનુપોજી ॥ ચો૦ ॥ ॥૧॥ ચઉદહસેં બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી ॥ સમતામયી સાહુ સાહુણી,

સાવય સાવઈ સારોજી ॥ ચો૦ ॥ ॥૨॥ વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી ॥ ચઉવિહ સંઘ વિરાજતાં, દુસમ કાલ આધારોજી । ચો૦ ॥૩॥ જિન સેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધોજી ॥ અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધોજી ॥ ચો૦ ॥ ॥૪॥ અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવોજી ॥ નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી ॥ ચો૦ ॥૫॥ ભાવરોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી ॥ પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી ॥ ચો૦ ॥ ॥૬॥ શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી ॥ સુમતિસાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનોજી ॥ ચો૦ ॥૭॥ સુવિહિત ગચ્છ ખરતરવરૂ, રાજસાગર ઉવઝાયોજી ॥ જ્ઞાનધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખદાયોજી ॥ ચો૦ ॥ ॥૮॥ દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી ॥ દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી ॥ ચો૦ ॥૯॥

ઈતિ શ્રી દેવચંદ્રજી કૃત ચતુર્વિંશતિ જિન સ્તવન સમાપ્ત

# ૬. શ્રી યશોવિજયજી કૃત સ્તવન

## રાગ ધન્યાશ્રી

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે ॥ સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મલ થાયે કાયા રે ॥ ગિ૦ ॥૧॥ તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલીને[1] નિર્મળ થાઉં રે ॥ અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉં રે ॥ ગિ૦ ।.૨॥ ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવિ પેસે રે ॥ જે માલતી ફુલે મોહીયા, તે બાવલ જઈ નવિ બેસે રે ॥ ગિ૦ ॥૩॥ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે ॥ તે કેમ પરસુર[2] આદરે, જે પરનારી વશ રાચ્યા રે ॥ ગિ૦ ॥૪॥ તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે ॥ વાચક યશ કહે માહરે; તું જીવન જીવ આધારોરે ॥ ગિ૦ ॥૫॥

ઈતિ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત ચોવીશ જિન સ્તવન સંપૂર્ણ

---

૧ ન્હાઈને. ૨. અન્ય હરિહરાદિ દેવ

# ૭. શ્રી વીરવિજયજી કૃત શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ

વીર જગતપતિ જન્મજ થાવે, નંદન નિશ્ચિત શિખર રહાવે, આઠ કુમારી ગાવે; અડ ગજદંતા હેઠે વસાવે, રૂચક ગિરિથી છત્રીશ જાવે, દ્વીપ રૂચક ચઉ ભાવે ॥ છપન્ન દિગ્ કુમરી હુલ રાવે, સુતી કરમ કરી નિજ ઘર પાવે, શક્ર સુઘોષા વજાવે; સિંહનાદ કરી જ્યોતિષી આવે, ભવણ વ્યંતર શંખ પડહે મિલાવે, સુરગિરિ જનમ મલ્હાવે ॥૧॥ ઋષભ તેર શશિ સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે, મુનિસુવ્રત નવ કીજે; નવ નેમીશ્વર નમન કરીજે, પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે ॥ અજિતાદિક જિન શેષ રહીજે, ત્રણ ત્રણ ભવ સઘળે ઠવીજે, ભવ સમકિતથી ગણીજે; જિન નામ બંધ નિકાચિત કીજે, ત્રીજે ભવ તપ ખંતિ ધરીજે, જિનપદ ઉદયે સીજે ॥૨॥ આચારાંગ આદે અંગ ઈગ્યાર, ઉવવાઈ આદે ઉપાંગ તે બાર, દશ

પયન્ના સાર; છ છેદસૂત્ર વિચિત્ર પ્રકાર, ઉપગારી મૂલસૂત્ર તે ચાર, નંદી અનુયોગદ્વાર ॥ એ પિસ્તાલીશ આગમન સાર, સુણતાં લહે તત્ત્વ ઉદાર, વસ્તુ સ્વભાવ વિચાર; વિષય ભુજંગીનિ' વિષ અપહાર, એ સમો મંત્ર ન કો સંસાર, વીર શાસન જયકાર ॥૩॥ નકુલ બીજોરૂં દોય કર ઝાલી, માતંગ સુર શામ કાંતિ તેજાલી, વાહન ગજ શુંઢાલી, સિંહ ઉપર બેઠી રઢિયાળી, સિદ્ધાયિકા દેવી લટકાલી, હરિતાભા ચાર ભૂજાલી ॥ પુસ્તક અભયા જિમણે ઝાલી, માતુલિંગ ને વીણા રસાલી, વામ ભુજા નહિ ખાલી; શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી, અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી ॥૪॥

## ૮. શ્રી વીરવિજયજી કૃત સ્તુતિ

ઋષભાનન ચંદ્રાનન જાણો, વારિષેણ શાશ્વત વર્દ્ધમાનો ॥ પૂરવ પશ્ચિમ ઉત્તર ટાણો, દક્ષિણ પડિમા ભાગ પ્રમાણો ॥૧॥ ઉર્ધ્વલોકે જિનબિંબ ઘણેરાં, ભવનપતિમાં ઘર ઘર દેહેરાં, વ્યંતર જ્યોતિષી છે

અનેરાં, ચારે શાશ્વત નામ ભલેરાં ॥૨॥ ભરતાદિક જે ક્ષેત્રે સુહાવે, કાળ ત્રિકે જે અરિહા આવે ॥ચાર નામ એ નિશ્ચય થાવે, અંગ ઉવંગે વાત જણાવે ॥૩॥ પંચકલ્યાણકે હર્ષ અધુરે, નંદીશ્વર દ્વીપે જઈ પૂરે । હર્ષ મહોત્સવ કરત અઠ્ઠાઈ, દેવ દેવી શુભ વીર વધાઈ ॥૪॥

ઈતિ શ્રી વીરવિજયજી કૃત સ્તુતિઓ સમાપ્ત

## ૯. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા ॥ લંછન મૃગેંદા, જાસ પાયે સોહંદા । સુર નરવર ઈંદા, નિત્ય સેવા કરંદા ॥ ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥૧॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા ॥ અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા ॥ અડજિનપ[૧] જનેતા, નાક[૨] માહેંદ્ર યાતા ॥ સવિ જિનવર નેતા, શાશ્વતા સુખદેતા ॥૨॥ મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ ॥ કરી એક ઉપવાસ,

---

૧ આઠ જિનેશ્વરની ૨ દેવલોક

વાસુપૂજ્ય સુવાસ ॥ શેષ છદ્મ સુવિલાસ કેવલજ્ઞાન જાસ ॥ કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥૩॥ જિનવર જગદીશ; જાસ મહોટી જગીશ ॥ નહિં રાગને રીસ, નામિયે તાસ શિશ ॥ માતંગ સુર ઈશ, સેવતો રાત દીશ ॥ ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિષ ॥૪॥

## ૧૦. શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી ॥ વર્દ્ધમાન જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી ॥ ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી ॥ તિણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી ॥૧॥ ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઈ,કોડી પન્નરશેં જાણોજી ॥ ઉપર કોડિ બેંતાલીશ પ્રણમો, અડવન લખ મન આણોજી ॥ છત્રીસ સહસ એંશી તે ઉપરે બિંબ તણો પરિમાણોજી ॥ અસંખ્યાત વ્યંતર જયોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી ॥૨॥ રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી

॥ જંબુદ્વીપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી ॥ વલિય અશાશ્વતી જ્ઞાતા કલ્પમમાં, વ્યવહાર પ્રમુખે આખીજી ॥ તે જિનપ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે સાખીજી ॥૩॥ એ જિનપૂજાથી આરાધક, ઈશાન ઈંદ્ર કહાયાજી ॥ તિમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયાજી । નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી । જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજયજ નમે પાયાજી ॥૪॥

ઈતિ શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન, સ્તવન, અને સ્તુતિ તથા ચાર શાશ્વતા જિનની સ્તુતિ સમાપ્ત.

ઈતિ શ્રી ચોવીશ તીર્થંકરના ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સંપૂર્ણ

# ૧. શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

વિમલ કેવલ જ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં ॥ સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં ॥૧॥ વિમલ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણગણ ભૂધરં ॥ સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો૦ ॥૨॥ કરતી નાટક કિન્નરિ ગણ, ગાય જિનગુણ મનહરં ॥ નિર્જરાવલી નમે અર્હનિશ, નમો૦ ॥૩॥ પુંડરિક ગણપતિ[૧] સિદ્ધિ સાધિત, કોડિ પણ[૨] મુનિ મનહરં ॥ શ્રી વિમ ગિરિવર શૃંગ સિદ્ધા, નમો૦ ॥૪॥ નિજ સાધ્ય સાધનસુર મુનિવર કોડીનંત એ ગિરિવરં ॥ મુક્તિ રમણી વર્યા રંગે, નમો૦ ॥૫॥ પાતાલ નર સુરલોકમાંહી, વિમલ ગિરિવર તો પરં ॥ નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો૦ ॥૬॥ એમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈયે ॥ નિજ શુદ્ધ સત્તા

---

૧ ગણધર ૨ પાંચ

સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઈયે ॥૭॥ જિત મોહ ક્રોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિત જયકરં ॥ ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુવિહિતકરં ॥૮॥

ઈતિ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન સંપૂર્ણ

## શ્રી સિદ્ધાચળજીનું સ્તવન

આંખડીયે રે મેં આજ શત્રુંજય દીઠોરે, સવા લાખ ટકાનો દહાડોરે, લાગે મુને મીઠો રે ॥સફલ થયોરે મહારા મનનો ઉમાહો ॥ વહાલા મહારા ભવનો સંશય ભાંગ્યો રે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે ॥ શત્રુંજય દીઠો રે૦ ॥૧॥ એ આંકણી ॥ માનવ ભવનો લાહો લીજે ॥વા૦॥ દેહડી પાવન કીજે રે ॥ સોના રૂપાને ફૂલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે ॥શ૦॥ ॥૨॥ દુધડે પખાળીને કેશર ઘોળી ॥વા૦ ॥ શ્રી આદીશ્વર પૂજ્યા રે ॥ શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ

મેવાસી[1] ધ્રૂજ્યા રે ॥શ૦ ॥૩॥ શ્રી મુખ[2] સૌધર્મા સુરપતિ આગે ॥ વા૦ ॥ વીર જિણંદ એમ બોલે રે ॥ ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઈ શત્રુંજય તોલે રે ॥ શ૦ ॥૪॥ ઇંદ્ર સરીખા એ તીરથની ॥વા૦॥ ચાકરી ચિત્તમાં ચાહેરે ॥ કયાની તો કાસળ[3] કાઢી, સુરજ કુંડમાં નાહે રે ॥ શ૦ ॥૫॥ કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે ॥ વા૦ ॥ સાધુ અનંતા સિદ્ધારે ॥ તે માટે એ તીરથ મહોટું, ઉદ્ધાર અનંતા કીધારે ॥ શ૦ ॥૬॥ નાભિરાયા સુત નયણે જોતાં ॥ વ૦ ॥ મેહ અમીરસ વુઠ્યા રે ॥ ઉદયરતન કહે આજ મ્હારે પોતે શ્રી આદીશ્વર તુઠ્યા રે ॥ શ૦ ॥ ૭ ॥ ઈતિ.

## ૩. શ્રી સિદ્ધાચળ સ્તુતિ

શ્રી શત્રુંજય આદિજિન આવ્યા, પૂર્વ નવાણું વારજી; અનંત લાભ તિહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી; વિમળ ગિરિવર મહિમા

---

૧ ચોર-દુશ્મન ૨ સ્વમુખે ૩ ઉપાધિ

મોટો, સિદ્ધાચળ તે ઠામજી; કાંકરે કાંકરે અનંતા સિદ્ધા, એકસોને આઠ ગિરિ નામજી ॥૧॥

ઈતિ શ્રી સિદધાચળજીના ચૈત્યવંદન,
સ્તવન, સ્તુતિ સંપૂર્ણ

## ૧. શ્રી સીમંધર સ્વામીનું ચૈત્ય૦

સીમંધર પરમાતમા, શિવસુખના દાતા ॥ પુખ્ખલવઈ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા ॥૧॥ પૂર્વ વિદેહે પુંડરિગિણી, નયરીએ સોહે ॥ શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે ॥૨॥ ચૌદ સુપન નિર્મલ લહી, સત્યકી રાણી માત ॥ કુંથુ અરજિનાંતરે, સીમંધર જિન જાત ॥૩॥ અનુક્રમે પ્રભુ જનમિયા,વલી યૌવનમાં આવે ॥ માતા પિતા હરખે કરી, રૂક્મણિ પરણાવે ॥૪॥ ભોગવી સુખસંસારનાં, સંયમ મન લાવે । મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે ॥૫॥ ઘાતિ કર્મનો ક્ષય કરી, પામ્યા કેવલ નાણ ॥ વૃષભ લંછને શોભતા, સર્વ ભાવના જાણ ॥૬॥ ચોરાશી પ્રભુ ગણધરા, મુનિવર એક સો કોડી ॥ ત્રણ ભુવનમેં જોવતાં, નહીં કોઈ એહની જોડી

॥૭॥ દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર ॥ એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર ॥૮॥ ઉદય પેઢાલ જિનાંતા રેએ, થાશે જિનવર સિધ્ધ ॥ જશવિજય ગુરૂ પ્રણમતાં, શુભ વંછિત ફલ લીધ ॥૯॥

ઈતિ શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

## ૨. શ્રી સીમંધરસ્વામીનું સ્તવન

પુક્ખલવઈ વિજયે જયોરે, નયરી પુંડરિગિણી સાર ॥ શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંશ કુમાર ॥ જિણંદરાય, ધરજો ધર્મ સ્નેહ ॥ એ આંકણી ॥૧॥ મોટા નાહના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત ॥ શશિ દર્શન સાયર વધે રે, કૈરવ વન વિકસંત ॥ જિ૦ ॥૨॥ ઠામકુઠામ ન લેખવે રે,જગ વરસંત જલધાર ॥ કર દોઈ કુસુમે વાસીએ રે, છાયા સવિ આધાર ॥ જિ૦ ॥૩॥ રાયને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર ॥ ગંગાજળ તે બિહુતણાં રે, તાપ કરે સવિ દૂર ॥ જિ૦ ।૪॥ સરિખા

સહુને તારવારે, તિમ તુમ્હે છો મહારાજ । મુજશું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ ॥ જિ૦ ॥૫॥ મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ ॥ મુજરો માને સવિતણો રે ॥ સાહિબ તેહ સુજાણ ॥ જિ૦ ॥ ॥૬॥ વૃષભ લંછન માતા સત્યકીરે, નંદન રૂકમિણી કંત । વાચક જસ ઈમ વિનવેરે, ભય ભંજન ભગવંત ॥ જિ૦ ॥૭॥

ઈતિ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન સંપૂર્ણ

## ૩. શ્રી સીમંધરસ્વામીની સ્તુતિ

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ ॥ અરિહંત સકલની, ભાવ ધરી કરૂં સેવ ॥ સકલ આગમ પારગ ગણધર ભાષિત વાણી ॥ જયવંતિ આણા, જ્ઞાનવિમલ ગુણ ખાણી ॥૧॥

એ સ્તુતિ ચાર વખત પણ કહેવાય છે.

ઈતિ શ્રી સીમંધર સ્વામીની સ્તુતિ સંપૂર્ણ

# ૧. શ્રી બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જિણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન ॥ બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન ॥૧॥ દુવિધ ધ્યાન તુમ્હે પરિહરો, આદરો દોય ધ્યાન ॥ એમ પ્રકાશ્યું સુમતિજિને, તે ચવિયા બીજ દિન ॥૨॥ દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીયે ॥ મુજ પરે શીતલ જિન કહે, બીજ દિન શિવ ભજીયે ॥૩॥ જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ ॥ બીજ દિન વાસુપૂજ્ય પરે, લહો કેવલનાણ ॥૪॥ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ ॥ અર જિન બીજ દિને ચવી, એમ જન આગળ કહીએ ॥૫। વર્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ ॥ બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ ॥૬॥ એમ અનંત ચોવીશીએ, એ, હુઆ બહુ કલ્યાણ ॥ જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ ॥૭॥

ઈતિ શ્રી બીજનું ચૈત્યવંદન સંપૂર્ણ

## ૨. બીજનું સ્તવન

ફત્તમલ પાણીડાને જાય-એ દેશી.

પ્રણમી સાર માય, શાસન વીર સુહંકરૂજી બીજી તિથિ ગુણગેહ, આદરો ભવિયણ સુંદરૂજી ॥૧॥ એહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણોજી ॥ માહા શુદિ બીજે જાણ, જન્મ અભિનંદનતણોજી ॥૨॥ શ્રાવણ શુદિની હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથીજી; તારણ ભવોદધિ તેહ, તસ પદ સેવે સુરથોક થીજી ॥૩॥ સમેતશિખર શુભ ઠાણ, દશમા શીતલજિન ગણુંજી ॥ ચૈત્ર વદિની હો બીજ વર્યા મુક્તિ તસ સુખ ઘણુંજી ॥૪॥ ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્જવલ માસનીજી ॥ અરનાથ ચ્યવન, કર્મક્ષયે ભવપાસનીજી ॥૫॥ ઉત્તમ માઘજ માસ, શુદિ બીજે વાસુપૂજ્યનોજી ॥ એહિજ દીન કેવળ નાણ, શરણ કરો જિનરાજનોજી ॥૬॥ કરણીરૂપ કરો ખેત, સમક્તિરૂપ રોપો તિહાંજી ॥ ખાતર કિરીયા હો જાણ, ખેડ સમતા કરી જિહાંજી

॥૭॥ ઉપશમ તદ્રુપ નીર, સમકિત છોડ પ્રગટ હોવેજી । સંતોષ કરી અહો વાડ, પચ્ચખ્ખાણ વ્રત ચોકી સોહેજી ॥૮॥ નાસે કર્મ રિપુ ચોર, સમકિત વૃક્ષ ફલ્યો તિહાંજી ॥ માંજર અનુભવ રૂપ, ઉતરે ચારિત્ર ફલ જિહાંજી ॥૯॥ શાંત સુધારસ વારિ, પાન કરી સુખ લીજીએજી ॥ તંબોલ સમ લ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કિજીએજી ॥૧૦॥ બીજ કરો દોય માસ, ઉત્કૃષ્ટી બાવીશ માસનીજી ॥ ચોવિહાર ઉપવાસ, પાલિયે શીલ વસુધાસનીજી[1] ॥૧॥ આવશ્યક દોય વાર, પડિલેહણ દોય લીજીએજી ॥ દેવવંદન ત્રણ કાલ, મન વચન કાયાએ કીજીએજી ॥૧૨। ઉજમણું શુભ ચિત્ત, કરી ધરીએ સંયોગથીજી ॥ જિનવાણી રસ એમ, પીજીએ શ્રુત ઉપયોગથીજી ॥૧૩। એણિ વિધિ કરિયે હો બીજ, રાગ ને દ્વેષ દૂરે કરીજી ॥ કેવળ પદ લહી તાસ, વરે મુક્તિ ઉલટ ધરીજી ॥૧૪॥ જિનપૂજા ગુરૂભક્તિ, વિનય

---

૧ ભૂમિ શચ્યા સમેત

કરી સેવો સદાજી ॥ પદ્મવિજયનો શિષ્ય, ભક્તિ પામે સુખ સંપદાજી ॥૧૫॥

ઇતિ શ્રી બીજનું સ્તવન સંપૂર્ણ

## 3. શ્રી બીજ તિથિની સ્તુતિ

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ ॥ રાય રાણા પ્રણમે, ચંદ્રતણી જ્યાં રેખ ॥ તિહાં ચંદ્ર વિમાને શાશ્વત જિનવર જેહ ॥ હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ ॥૧॥ અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ ॥ અરનાથ સુમતિજિન, વાસુપૂજય શિવ સાથ ॥ ઈત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ ॥ હું બીજતણે દિન, પ્રણમું તે સુવિહાણ ॥૨॥ પરકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત ॥ જેમ વિમલા કમળા, વિપુલ નયન વિકસંત ।. આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર ॥ બીજે સવિ કીજે, પાતિકનો પરિહાર ॥૩॥ ગજગામિની કામિની, કમલ સુકોમલ ચીર ॥ ચક્કેસરી [૧]કેશર, સરસ સુગંધ શરીર । કર જોડી

૧ જેનું કેશર જેવું સરસ અને સુગંધી શરીર છે.

બીજે, હું પ્રણમું તસ પાય ॥ એમ લબ્ધિવિજય કહે, પૂરો મનોરથ માય ॥૪॥

ઈતિ શ્રી બીજ તિથિની સ્તુતિ સંપૂર્ણ

## ૧. શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે ॥ ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે ॥૧॥ આરાહો ભલી ભાતસેં, પંચમી અજુવાલી ॥ જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાલી ॥૨॥ જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર ॥જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદ સુખ શ્રીકાર ॥૩॥ જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન ॥ લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન ॥૪॥ જ્ઞાની સાસોસાસમેં, કરે કર્મનો ખેહ ॥ પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાને કરે તેહ ॥૫॥ દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન ॥ જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન ॥૬॥ પંચ માસ લઘુ

પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ ॥ પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ ॥૭॥ એકાવનહી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો । ઉજમણું કરો ભાવશું, ટાલે ભવ ફેરો ॥૮॥ એણી પેરે પંચમી આરાહીયેએ, આણી ભાવ અપાર ॥ વરદત્ત ગુણમંજરી, પરે, રંગવિજય લહો સાર ॥૯॥

ઈતિ શ્રી પંચમીનું ચૈત્યવંદન સંપૂર્ણ

## શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન

પુણ્ય પ્રશંસીએ-એ દેશી.

સુત સિદ્ધાર્થ ભૂપનોરે, સિદ્ધારથ ભગવાન ॥ બારહ પરખદા આગલેરે, ભાખે શ્રી વર્દ્ધમાનોરે ॥૧॥ ભવિયણ ચિત્ત ધરો ॥ મન વચ કાય અમાયોરે, જ્ઞાન ભગતિ કરો ॥ એ આંકણી ॥ ગુણ અનંત આતમતણારે, મુખ્ય પણે તિહાં દોય ॥ તેહમાં પણ જ્ઞાનજ વડું રે, જિણથી દંસણ હોય રે ॥૨॥ ભ૦ ॥ જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાન ઉદ્યોત સહાય ॥

જ્ઞાને થિવિરપણું લહેરે, આચારજ ઉવઝાય રે ॥૩॥ ॥ભ૦॥ જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ । વન્હિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ રે ॥૪॥ ભ૦ ॥ પ્રથમ જ્ઞાન પછી દયા રે, સંવર મોહ વિનાશ ॥ ગુણ ઠાણંગ પગથાલીયે રે, જેમ ચઢે મોક્ષ આવાસો રે ॥૫॥ ॥ભ૦ ॥ મઈ સુઅ ઓહિ મણપજ્જવારે, પંચમ કેવલજ્ઞાન ॥ ચઉ મુંગા શ્રુત એક છેરે, સ્વપર પ્રકાશ નિદાન રે ॥૬॥ ભ૦ ॥ તેહનાં સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદિ ॥ લખે લખાવે સાચવેરે, ધર્મી ધરી અપ્રમાદોરે ॥૭॥ ॥ભ૦॥ ત્રિવિધ આશાતના જે કરેરે, ભણતાં કરે અંતરાય ॥ અંધા બહેરા બોબડા રે, મુંગા પાંગુલા થાય રે ॥૮॥ ॥ભ૦॥ ભણતાં ગણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ ॥ ગુણમંજરી વરદત્ત પરેરે, જ્ઞાન વિરાધન બીજરે ॥૯॥ ॥ભ૦॥ પ્રેમે પૂછે પરખદારે, પ્રણમી જગગુરૂ પાય ॥ ગુણમંજરી વરદત્તનો રે, કરો અધિકાર પસાયો રે ॥૧૦॥ ભ૦ ॥ ઈતિ.

## ॥ ઢાળ બીજી ॥

કપુર હોયે અતિ ઉજળો રે - એ દેશી.

જંબુદ્વીપના ભરતમાં રે, નયર પદમપુર ખાસ ॥ અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતી તાસ રે ॥૧॥ પ્રાણી, આરાધો વર જ્ઞાન ॥ એહજ મુક્તિ નિદાન રે । પ્રાણી૦ ॥ ॥ એ આંકણી ॥ વરદત્ત કુંવર તેહનો રે, વિનયાદિક ગુણવંત ॥ પિતાએ ભણવા મૂકીઓ રે, આઠ વરસ જબ હુંત રે ॥૨॥ પ્રા૦ ॥ પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત ॥ અક્ષર એક ન આવડે રે, ગ્રંથતણી શી ચેતરે ॥૩॥ ॥ પ્ર૦ ॥ કોઢે વ્યાપી દેહડી રે, રાજા રાણી સચિંત ॥ શ્રેષ્ઠી તેહીજ નયરમાં રે, સિંહદાસ ધનવંતરે ॥૪॥ પ્રા૦ ॥ કપુરતિલકા ગેહિનીરે, શીલે શોભિત અંગ ॥ ગુણમંજરી તસ બેટડી રે, મુંગી રોગે વ્યંગરે ॥૫॥ પ્રા૦ । સોળ વરસની સા થઈ રે, પામી યૌવન વેશ ॥દુર્લભ પણ પરણે નહીં રે, માત પિતા ધરે ખેદરે ॥૬॥ પ્રા૦ ॥ તેણે અવસરે ઉદ્યાનમાં

રે, વિજયસેન ગણધાર ॥ જ્ઞાન રયણ રયણાયરૂરે, ચરણ કરણ વ્રતધાર રે ।૭॥ પ્રા૦॥ વનપાલક ભૂપાલનેરે, દીધ વધાઈ જામ ॥ ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામરે ॥૮॥ પ્રા૦ । ધર્મદિશના સાંભળે રે, પુરજન સહિત નરેશ ॥ વિકસિત નયણ વદન મુદા રે, નહિ પ્રમાદ પ્રવેશ રે ॥૯॥ પ્રા૦॥ જ્ઞાન વિરાધન પરભવે રે, મુરખ પર આધીન ॥ રોગે પીડ્યા ટલવલે રે, દીસે દુઃખીયા દીન રે ॥૧૦॥ પ્રા૦ ॥ જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત ॥ જ્ઞાન વિના જગ જીવડા રે, ન લહે તત્ત્વ સંકેત રે ॥૧૧॥ ॥ પ્રા૦ ॥ શ્રેષ્ઠી પુછે મુણંદીને રે, ભાખો કરૂણાવંત ॥ ગુણમંજરી મુજ અંગજા[1] રે, કવણ કર્મ વિરતંતરે ॥૧૨॥ પ્રા૦ ॥ ઈતિ.

## ॥ ઢાળ ત્રીજી ॥

સુરતી મહિનાની દેશીમાં

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ ॥ વ્યવહારી જિન દેવ છે, ઘરણી સુંદરી નામ ॥૧॥

---

૧ પુત્રી

અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર ॥ પંડિત પાસે શીખવા, તાતે મુક્યા કુમાર ॥૨॥ બાલ સ્વભાવે રમત, કરતાં દાહાડા જાય ॥ પંડિત મારે ત્યારે, મા આગલ કહે આય ॥૩॥ સુંદરી શંખિણી શીખવે, ભણવાનું નહીં કામ ॥ પંડ્યો આવે તેડવા, તો તસ હણજો તામ ॥૪॥ પાટી ખડિયા લેખણ, બાળી કીધાં રાખ ॥ શઠને વિદ્યા નવી રૂચે, જેમ કરહા[1]ને દ્રાખ ॥૫॥ પાડાપરે મોહોટા થયા, કન્યા ન દીએ કોય ॥ શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય ॥૬॥ ત્રટકી ભાખે ભામિની, બેટા બાપના હોય ॥ પુત્રી હોયે માતાની, જાણે છે સૌ કોય ॥૭ રેરે પાપિણી સાપિણી, સામા બોલમબોલ ॥ રીસાલી કહે તાહરો, પાપી બાપ નિટોલ ॥૮॥ શેઠે મારી સુંદરી, કાળ કરી તતખેવ ॥એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ ॥૯॥ મુછાંગિત ગુણમંજરી, જાતિસમરણ પામી

---

૧ ઉંટને

॥ જ્ઞાન દીવાકર સાચો, ગુરૂને કહે શિર નામી ॥૧૦॥ શેઠ કહે સુણો સ્વામી, કેમ જાયે એ રોગ ॥ ગુરૂ કહે જ્ઞાન આરાધો, સાધો વંછિત યોગ ॥૧॥ ઉજ્જવલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ ॥ નમો નાણસ્સ ગણણું ગણો, ચોવિહાર ઉપવાસ ॥૧૨॥ પૂરવ ઉત્તર સન્મુખ, જપિયે દોય હજાર ॥ પુસ્તક આગલ ઢોઈયે, ધાન્ય ફલાદિ ઉદાર ॥૧૩॥ દીવો પંચ દિવટતણો, સાથીઓ મંગલ ગેહ ॥ પોસહમાં ન કરી શકે, તેણે વિધિ પારણે એહ ॥૧૪॥ અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જવલ કાર્તિક માસ, જાવજ્જાવી લગે સેવીએ, ઉજમણા વિધિ ખાસ ॥૧૫॥ ઈતિ.

## ॥ ઢાળ ચોથી ॥

એકવીશાની દેશીમાં.

પાંચ પોથી રે, ઠવણી પાઠાં, વિટાંગણાં ॥ ચાબખી દોરા રે, પાટી પાટલા વરતણાં ॥ મસી કાગલ રે, કાંબી ખડિયા લેખણી ॥ કવલી ડાબલી રે, ચંદ્રુબા ઝરમર પુંજણી ॥૧॥ ત્રુટક ॥ પ્રાસાદ

પ્રતિમા તાસ ભૂષણ, કેશર ચંદન ડાબલી ॥ વાસકુંપિ વાલાકુંચિ, અંગલુહણાં છાબડી ॥ કલશ થાલી મંગલદીવો, આરતિને ધુપણાં ॥ ચરવલા મુહપત્તિ સામીવચ્છલ, નોકારવાલી થાપના ॥૨॥ ઢાલ ॥ જ્ઞાન દરિસણ રે, ચરણનાં સાધન જે કહ્યાં ॥ તપ સંયુતરે, ગુણમંજરીએ સદ્દહ્યાં ॥ નૃપ પૂછેરે, વરદત્ત કુંવરને અંગ રે ॥ રોગ ઉપનો રે, ક્વણ ક્રમના ભંગ રે ॥૩॥ ત્રુટક ॥ મુનિરાજ ભાખે જંબુદ્વીપે, ભરત સિંહપુર ગામ એ ॥ વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ ॥ વનમાંહે રમતાં દોય બંધવ, પુણ્ય યોગે ગુરૂ મલ્યા ॥ વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામી સંવર્યા ॥૪॥ ॥ ઢાલ ॥ લઘુ બાંધવ રે, ગુણવંત ગુરૂ પદવી લહે ॥ પણસય મુનિને રે, સારણ વારણ નિત્ય દિએ ॥ કર્મયોગેરે અશુભ ઉદય થયો અન્યદા ॥ સંથારે રે, પોરિસી ભણી પોઢ્યા યદા ॥૫॥ ત્રુટક ॥ સર્વઘાતિ નિંદ વ્યાપી, સાધુ માગે વાયણા ॥ ઉંઘમાં અંતરાય થાતાં,

સૂરિ હુઆ દુમણા ॥ જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યા ભુતડો ॥ પુણ્ય અમૃત ઢોલી નાખ્યું, ભર્યો પાપ તણો ઘડો ॥૬॥ ઢાલ ॥ મન ચિંતવે રે, કાં મુજ લાગ્યું પાપ રે ॥ શ્રુત અભ્યાસો રે, તો એવડો સંતાપ રે ॥ મુજ બાંધવ રે ॥ ભોયણ સયણ સુખે કરે ॥ મૂરખના રે, આઠ ગુણ મુખ ઉચ્ચરે ॥૭॥ ત્રુટક । બાર વાસર[1] કોઈ મુનિને, વાયણા દીધી નહીં ॥ અશુભ ધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી ॥ જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદન લહી ॥ વૃદ્ધ બાંધવ માન સરવર, હંસગતિ પામ્યો સહી ॥૮॥ ॥ ઢાલ ॥ વરદત્તને રે, જાતિ સમરણ ઉપન્યું ॥ ભવ દીઠો રે, ગુરૂ પ્રણમી કહે શુભમનો ॥ ધન્ય ગુરૂજી રે, જ્ઞાન જગત્રય દીવડો ॥ ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો ॥૯॥ ॥ ત્રુટક ॥ જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે ॥ ગુરૂ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ધન તાવડે[2]

---

૧ દિવસ ૨ તડકે

॥ ભુપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી ॥ ગુરૂ કહે પંચમી તપ આરાધો, સંપદા લ્યો બેવડી ॥ ૧૦ ॥ ઈતિ ॥

## ॥ ઢાળ પાંચમી ॥

મેદી રંગ લાગ્યો - એ દેશી.

સદ્‌ગુરૂ વચણ સુધારશે રે, ભેદી સાતે ધાત ॥ તપશુ રંગ લાગ્યો ॥ ગુણમંજરી વરદત્તનો રે, નાઠો રોગ મિથ્યાત્વ ॥ ત૦ ॥૧॥ પંચમી તપ મહિમા ઘણો રે, પ્રસર્યો મહીયલમાંહી ॥ ત૦ ॥ કન્યા સહસ સ્વયંવરા રે, વરદત્ત પરણ્યો ત્યાંહી ॥ ત૦ ॥ ૨ ॥ ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિભૂપ ॥ ત૦ ॥ ભીમ કાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશિ રૂપ ॥ ત૦ ॥ ૩ ॥ રાજરમા રમણીતણા રે, ભોગવે ભોગ અખંડ ॥ ત૦ ॥ વરસે વરસે ઉજવે રે, પંચમી તેજ પ્રચંડ ॥ ત૦ ॥ ૪ ॥ ભુક્ત ભોગી થયો સંજમી રે, પાલે વ્રત ખટકાય ॥ ત૦ ॥ ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજ તાય ॥ ત૦ ॥ ૫ ॥ સુખ વિલસી

થઈ સાધવી રે, વૈજયંતે દોય દેવ ॥ ત૦ ॥ વરદત્ત પણ ઉપનો રે, જિહાં સીમંધર દેવ ॥ ત૦ ॥ ૬ ॥ અમરસેન રાજા ઘરે રે, ગુણવંત નારી પેટ ॥ ત૦ ॥ લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ ॥ ત૦ ॥ ૭ ॥ સુરસેન રાજા થયો રે, સો કન્યા ભરતાર ॥ ત૦ ॥ સીમંધર સ્વામી કને રે, સુણી પંચમી અધિકાર ॥ ત૦ ॥ ૮ ॥ તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભૂપાલ ॥ ત૦ ॥ દશ હજાર વરસાં લગે રે, પાલે રાજ્ય ઉદાર ॥ ત૦ ॥ ॥ ૯ ॥ ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની પાસ ॥ ત૦ ॥ કેવલધર મુક્તિ ગયા રે, સાદિ અનંત નિવાસ ॥ ત૦ ॥ ॥ ૧૦ ॥ રમણી વિજય શુભાપુરી રે, જંબુ વિદેહ મઝાર ॥ ત૦ ॥ અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘરનાર ॥ ત૦ ॥ ॥૧૧॥ વૈજયંત થકી ચવી રે, ગુણમંજરીનો જીવ ॥ ત૦ ॥ માન સર જેમ હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ ॥ ત૦ ॥ ॥૧૨॥ વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર ॥ ત૦ ॥ લાખ પૂરવ

સમતા ધરે રે, કેવલજ્ઞાન પવિત્ર ॥ ત૦ ॥ ॥૧૩॥ પંચમી તપ મહિમા વિષે રે,, ભાખે નિજ અધિકાર ॥ ત૦ ॥ જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેને તસ ઉપકાર ॥ ત૦ ॥ ॥૧૪॥ ઈતિ ॥

## ॥ ઢાળ છઠ્ઠી ॥

કરકંડુને કરૂં વંદણા-એ દેશી.

ચોવીશ દંડક વારવા ॥ હું વારી લાલ ॥ ચોવીશમો જિનચંદ રે ॥ હું વારી લાલ ॥ પ્રગટ્યો પ્રાણત સ્વર્ગથી ॥ હું ૦ ॥ ત્રિશલા ઉર સુખકંદ રે ॥ હું૦ ॥ ૧ ॥ મહાવીરને કરૂં વંદના ॥ હું૦ ॥ એ આંકણી ॥ પંચમ ગતિને સાધવા ॥ હું૦ ॥ પંચમ નાણ વિલાસ રે ॥ હું૦ ॥ માહાનિશીથ સિદ્ધાંતમાં ॥ હું૦ ॥ પંચમી તપ પ્રકાશ રે ॥ હું૦ ॥ ૨॥ અપરાધી પણ ઉદ્ધર્યો ॥ હું૦ ॥ ચંડકોશિઓ સાપ રે ॥ હું૦ ॥ યજ્ઞ કરંતા બાંભણાં ॥ હું૦ ॥ સરખા કીધા આપ રે ॥ હું૦ ॥ ॥૩॥ દેવાનંદા બ્રાહ્મણી ॥ હું૦ ॥ રિખભદત્ત વલી વિપ્ર રે ॥ હું૦ ॥ બ્યાસી દિવસ સંબંધથી ॥ હું૦ ॥

કામિત પુર્યો ક્ષિપ્ર રે ॥ હું૦ ॥ ૪॥ કર્મ રોગને ટાળવા ॥ હું૦ ॥ સવિ ઔષધનો જાણ રે ॥ હું૦ ॥ આદર્યો મેં આશા ધરી ॥ હું૦ ॥ મુજ ઉપર હિત આણ રે ॥ હું૦ ॥ ૫ ॥ શ્રી વિજયસિંહ સૂરીશનો ॥ હું૦ ॥ સત્યવિજય પન્યાસ રે ॥ હું૦ ॥ શિષ્ય કપુરવિજય કવિ ॥ હું૦ ॥ ચંદ કિરણ જસ જાસ રે ॥ હું૦ ॥ ૬॥ પાસ પંચાસરા સાન્નિધે ॥ હું૦ ॥ ખિમાવિજય ગુરૂ નામ રે ॥ હું૦ ॥ જિનવિજય કહે મુજ હજો ॥ હું૦ ॥ પંચમી તપ પરિણામ રે ॥ હું૦ ॥ ૭॥

## ॥ કલશ ॥

ઈમ વીર લાયક વિશ્વનાયક, સિદ્ધિદાયક સંસ્તવ્યો ॥ પંચમી તપ સંસ્તવન ટોડર,[૧] ગુંથી જિન કંઠે ઠવ્યો ॥ પુણ્ય પાટણ ખેત્રમાંહે, સત્તર ત્રાણું સંવત્સરે ॥ શ્રી પાર્શ્વજન્મ કલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલ કરે ॥૧॥ ઈતિ ॥

---

૧ ફુલનો હાર

# ૩. શ્રી પંચમીની સ્તુતિ,

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જનમ્યા નેમજિણંદ તો ॥ શ્યામ વરણ તનુ શોભતું એ મુખ શારદકો ચંદ તો ॥ સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો ॥ અષ્ટ કરમ હેલે હણીએ, પોહોતા મુક્તિ મહંત તો ॥૧॥ અષ્ટાપદ પર આદિ જિન એ, પોહોતા મુક્તિ મોઝાર તો ॥ વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો ॥ પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો ॥ સમેતશિખર વીશ સિદ્ધ હુઆ એ, શિર વહું તેહની આણ તો ॥૨॥ નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો ॥ જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો ॥ મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો ॥ અનંત તિર્થંકર એમ કહે એ, પરહરિયે પરનાર તો ॥૩॥ ગોમેદ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબીકા નામ તો ॥ શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મના કામ તો ॥ તપગચ્છ

નાયક ગુણનિલો એ, શ્રી વિજયસેન સૂરિ રાય તો ॥ રિષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતાર તો ॥૪॥

ઇતિ શ્રી પંચમીની સ્તુતિ સંપૂર્ણ

◈◈◈

## ૧. શ્રી અષ્ટમીનું ચૈત્તયવંદન

માહા શુદિ આઠમને દિને, વિજયા સુત જાયો ॥ તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવિ આયો ॥૧॥ ચૈતર વદની આઠમે, જનમ્યા રિષભ જિણંદ ॥ દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ ॥૨॥ માધવ[1] સુદી આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર ॥ અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર ॥૩॥ એહીજ આઠમ ઉજલી, જનમ્યા સુમતિ જિણંદ ॥ આઠ જાતિ કલશે કરી, ન્હવરાવે સુર ઇંદ ॥૪॥ જનમ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી ॥ નેમ

---

૧ વૈશાખ

આષાઢ શુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી ॥૫॥
શ્રાવણ વદીની આઠમે, નમિ જન્મ્યા જગભાણ ॥
તિમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિર્વાણ ॥૬॥
ભાદ્રવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ ॥
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ ॥૭॥

ઈતિ શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન સંપૂર્ણ

❖❖❖

## ૨. શ્રી અષ્ટમીનું સ્તવન

હાંરે મારે ઠામ ધર્મના, સાડા પચવીશ દેશ જો, દીપેરે ત્યાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ ॥
હાંરે મારે નગરી તેહમાં, રાજગ્રહી સુવિશેષ ॥ જો ॥ રાજેરે ત્યાં શ્રેણિક, ગાજે ગજપરે રે લોલ ॥૧
હાંરે મારે ગામ નગર પુર પાવન કરતાં નાથજો, વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ ॥હાં૦॥
ચઉદ સહસ મુનિવરનો સાથ સાથજો ॥ સુધા રે તપ સંયમ શિયલે અલં કર્યા રે લોલ ॥૨ ॥હાં૦॥

ફુલ્યા રસભર ઝુલ્યા અંબ કદંબજો ॥ જાણું રે ગુણ શીલ વન હસી રોમાંચિયો રે લોલ ॥હાં૦॥ વાયા વાય સુવાય તિહાં અવિલંબજો ॥ વાસે રે પરિમલ ચિહુ પાસે સંચિયોરે લોલ ॥૩॥ ॥હાં૦॥ દેવચતુર્વિધ આવે કોડાકોડ જો ॥ ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ ॥ ॥હાં૦॥ ચોસઠ સુરપતિ સેવે હોડાહોડજો, આગે રે રસ લાગે ઈંદ્રાણી નચે રે લોલ ॥૪॥ ॥હાં૦॥ મણિમય હેમ સિંહાસન બેઠા આપજો ઢળે રે સુર ચામર મણિ રત્ને જડ્યાં રે લોલ ॥હાં૦॥ સુણતાં દુંદુભિ નાદ ટળે સવિ તાપ જો, વરસે રે સુર ફુલ સરસ જાનુ અડ્યાં રે લોલ ॥૫॥ ॥હાં૦॥ તાજે તેજે ગાજે ઘન જેમ ઘુંબજો ॥ રાજેરે જિનરાજ સમાજે ધર્મને રે ॥હાં૦॥ નિરખી હરખી આવે જન મન લુંબજો ॥ પોષે રે રસ ન પડે ધોખે ભર્મને રે લોલ ॥૬॥ ॥હાં૦॥ આગમ[1] જાણી જિનનો શ્રેણિક રાય જો ॥ આવ્યો રે પરિવરિયો

---

૧ આવાગમન ૨ પળ

હય ગય રથ પાયગેરે લોલ ॥હાં૦॥ દેઈ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાય જો ॥ સુણવારે જિનવાણી મોટે ભાયગેરે લોલ ॥૭॥ ॥હાં૦॥ ત્રિભુવનનાયક લાયક તવ ભગવંત જો ॥ આણી રે જન કરૂણા ધર્મ કથા કહે રે લોલ ॥હાં૦॥ સહજ વિરોધ વિસારી જગના જંતુ જો ॥ સુણવારે જિનવાણી મનમાં ગહગહે રે લોલ ॥૮॥

## ॥ ઢાળ રજી ॥

વામ વહેલા રે આવજો-એ દેશી.

વિરજિનવર એમ ઉપદિશે । સાંભળો ચતુર સુજાણ રે ॥ મોહની નિંદમાં કાં પડો ॥ ઓળખો ધર્મના ઠાણ રે ॥ વિરતિએ સુમતિ ધરી આદરો ॥ ૧ ॥ પરિહરો વિષય કષાય રે ॥ બાપડા પંચ પરમાદથી, કાં પડો કુગતિમાં ધાય રે ॥ વિ૦ ॥ ૨॥ કરી શકો ધર્મ કરણી સદા ॥ તો કરો એહ ઉપદેશ રે ॥ સર્વ કાળે કરી નવિ શકો ॥ તો કરો પર્વ સુવિશેષ રે ॥ વિ૦ ॥ ૩ ॥ જૂજૂ આ પર્વ ષટનાં

ક્હ્યાં ॥ ફલ ઘણાં આગમે જોય રે ॥ વચન અનુસારે આરાધતાં ॥ સર્વથા સિદ્ધિ ફલ હોય રે ॥ વિ૦ ॥ ૪॥ જીવને આયુ પરભવ તણો ॥ તિથિ દિને બંધ હોય પ્રાય રે ॥ તેહ ભણી એહ આરાધતા ॥ પ્રાણીઓ સદ્ગતિ જાય રે ॥ વિ૦ ॥ ૫॥ તેહવે અષ્ટમી ફળ તિહાં । પૂછે ગૌતમ સ્વામી રે ॥ ભવિક જીવ જાણવા કારણે ॥ કહે વીર પ્રભુ તામ રે ॥ વિ૦ ॥ ૬ ॥ અષ્ટ મહાસિદ્ધિ હોય એહથી ॥ સંપદા આઠની વૃદ્ધિ રે ॥ બુદ્ધિના આઠ ગુણ સંપજે ॥ એહથી આઠ ગુણ સિદ્ધિ રે ॥ વિ૦ ॥ ૭ ॥ લાભ હોય આઠ પડિહારનો ॥ આઠ પવયણ ફળ હોય રે ॥ નાશ અષ્ટ કર્મનો મુળથી ॥ અષ્ટમીનું ફલ જોય રે ॥ વિ૦ ॥ ૮ ॥ આદિ જિન જન્મ દિક્ષાતણો ॥ અજિતનો જન્મ કલ્યાણ રે ॥ ચ્યવન સંભવતણો એહ તિથે ॥ અભિનંદન નિરવાણ રે ॥ વિ૦ ॥ ૯॥ સુમતિ સુવ્રત નમિ જનમિયા ॥ નેમનો મુગતિ દિન જાણં રે ॥ પાસ જિન એહ તિથે સિધિયા ॥ સાતમા

જિન સ્થવન માણ રે ॥ વિ૦ ॥ ૧૦॥ એહ તિથિ સાધતો રાજીઓ ॥ દંડવિરજ લહ્યો મુક્તિ રે ॥ કર્મહણવા ભણી અષ્ટમી ॥ કહે સૂત્ર નિર્યુક્તિ રે ॥ વિ૦ ॥ ૧૧॥ અતીત અનાગત કાળનાં । જિનતણાં કેઈ કલ્યાણ રે ॥ એહ:તિથે વળી ઘણાં સંયમી ॥ પામશે પદ નિર્વાણ રે ॥ વિ૦ ॥ ૧૨॥ ધર્મ વાસિત પશુ પંખીયા ॥ એહ તિથે કરે ઉપવાસ રે ॥ વ્રતધારી જીવ પોસો કરે ॥ જેહને ધર્મ અભ્યાસ રે ॥ વિ૦ ॥ ૧૩॥ ભાખીયો વીરે આઠમતણો ॥ ભવિક હિત હ અધિકાર રે ॥ જિન મુખે ઉચ્ચરી પ્રાણીયા । પામશે ભવતણો પાર રે ॥ વિ૦ ॥ ॥૧૪॥ એહથી સંપદા સવિ લહે ॥ ટલે કષ્ટની કોડ રે ॥ સેવજો શિષ્ય બુધ પ્રેમનો ॥ કહે કાંતિ કરજોડ રે ॥ વિ૦ ॥ ૧૫ ॥

## ॥ કળશ ॥

એમ ત્રિજગ ભાસન અચલ શાસન ॥ વર્દ્ધમાન જિણેસરૂ ॥ બુધ પ્રેમ ગુરૂ સુપસાય પામી ॥ સંથુણ્યો અલવેસરૂ ॥ જિન ગુણ પ્રસંગે ભણ્યો

રંગે ॥ તવન એ આઠમતણો ॥ જે ભવિક ભાવે સુણે ગાવે ॥ ક્રાંતિ સુખ પાવે ઘણો. ॥૧॥

ઈતિ શ્રી અષ્ટમીનું સ્તવન

## શ્રી અષ્ટમીની સ્તુતિ

મંગળ આઠ કરી જસ આગળ, ભાવ ધરી સુરરાજજી ॥ આઠ જાતિના કળશ કરીને, ન્હવરાવે જિનરાજજી । વીર જિનેશ્વર જન્મ મહોતસ્વ, કરતાં શિવ સુખ સાધેજી ॥ આઠમનું તપ કરતાં અમ ઘર, મંગલ કમલા વાધેજી ॥૧॥ અષ્ટ કરમ વયરી ગજ ગંજન, અષ્ટાપદ પરે બલિયાજી ॥ આઠમે આઠ સુરૂપ વિચારી, મદ આઠે તસ ગલિયાજી ॥ અષ્ટમી ગતિપરે પહોતા જિનવર, ફરસ આઠ નહીં અંગજી ॥ આઠમનું તપ કરતાં અમ ઘર, નિત્ય નિત્ય વાધે રંગજી ॥૨॥ પ્રાતિહારજ આઠ બિરાજે, સમવસરણ જિન રાજેજી ॥ આઠમે આઠ સુઆગમ ભાખી, ભવિ

---

૧ ઈન્દ્ર.

મન સંશય ભાંજેજી ॥ આઠે જે પ્રવચનની માતા, પાલે નિરતિચારોજી ॥ આઠમને દિન અષ્ટ પ્રકારે, જીવદયા ચિત્ત ધારોજી ॥૩॥ અષ્ટ પ્રકારી પૂજા કરીને, માનવ ભવફળ લીજેજી ॥ સિદ્ધાઈ દેવી જિનવર સેવી, અષ્ટ મહાસિદ્ધિ દિજેજી ॥ આઠમનું તપ કરતાં લીજે, નિર્મલ કેવલજ્ઞાનજી ॥ ધીરવિમલ કવિ સેવક નય કહે, તપથી કોડ કલ્યાણજી ॥

ઈતિ શ્રી અષ્ટમીની સ્તુતિ

❖❖❖

## ૧. શ્રી એકાદશી ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો; સંઘ ચતુર્વિધ થાપવા, મહસેન વન આયો ॥ ૧॥ માધવ સીત એકાદસી સોમલ, દ્વીજ યજ્ઞ ॥ ઇંદ્રભૂતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ ॥૨॥ એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર ॥ વેદ અર્થ અવલો કરે, મન અભિમાન અપાર ॥૩॥ જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર ॥ વીરે થાપ્યા વંદીએ,

જિન શાસન જયકાર ॥૪॥ મલ્લી જન્મ અરમલ્લી પાસ, વર ચરણ વિલાસી ॥ ઋષભ અજિત સુમતિ નમી, મલ્લી ઘનઘાતી વિનાશી ॥૫॥ પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી ॥ એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી ॥૬॥ દશ ક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણશેં કલ્યાણ ॥ વરસ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ ॥૭॥ અગીયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં ॥ પુંજણી ઠવણી વિંટણી, મશી કાગળ કાંઠા ॥૮॥ અગીયાર અવ્રત છાંડવા એ, વહો પડિમાં અગીયાર ॥ ખિમાવિજય જિન શાસને, સફલ કરો અવતાર ॥૯॥

## ૨. શ્રી એકાદશીનું સ્તવન

જગપતિ નાયક નેમિજિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા ॥ જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા ॥૧॥ જગપતિ ધી ગુણ ફૂલ અમૂલ, ભક્તિ ગુણે માલા રચી ॥ જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરુચિ ॥૨॥ જગપતિ ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે ॥ જગપતિ

મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે ॥૩॥ જગપતિ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણનિલો ॥ જગપતિ કોઈ ઉપાય બતાવ, જેમ કરે શિવવધુ કંતલો ॥૪॥ નરપતિ ઉજ્જવલ માગશિર માસ, આરાધો એકાદશી ॥ નરપતિ એકસો ને પચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી ॥૫॥ નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીશી ત્રીશે મલી ॥ નરપતિ નેવું જિનનાં કલ્યાણ, વિવરી કહું આગલ વલી ॥૬॥ નરપતિ અરદીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી ॥ નરપતિ વર્તમાન ચોવીશી, માંહે કલ્યાણક આ વળી ॥૭॥ નરપતિ મૌનપણે ઉપવાસ, દોઢસો જપમાલા ગણો ॥ નરપતિ મન વચન કાય પવિત્ર, ચારિત્ર સુણો સુવ્રત તણો ॥૮॥ નરપતિ દાહિણ[1] ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઈષુકારથી[2] ॥ નરપતિ વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી ॥૯॥ નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની ॥ નરપતિ શ્રેષ્ઠી શૂ વિખ્યાત, શીયલ સલીલા કામિની ॥૧૦॥ નરપતિ પુત્રાદિક પરિવાર,

---

૧ દક્ષિણ ૨ ઈષુકાર પર્વતથી પશ્ચિમે

સાર ભૂષણ ચીવર ધરી ॥ નરપતિ જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પૂજા કરે ॥૧॥ નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોષધ વરે ॥ નરપતિ દેવવંદન આવશ્યક, કાળવેળાએ અનુસરે. ॥૧૨॥

## ॥ ઢાળ બીજ ॥

એક દિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણારી । વિનયે વિનવે શેઠ, મુનિવર કરી કરૂણારી ॥૧॥ દાખો મુજ દિન એક, થોડો પુણ્ય કીયોરી ॥ વાધે જિમ વડ બીજ, શુભ અનુબંધી થયોરી ॥૨॥ મુનિ ભાખે મહાભાગ્ય, પાવન પર્વ ઘણારી કરેજી એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમનારી ॥૩॥ સિત[૧] એકાદશી સેવ, માસ અગ્યાર લગેરી ॥ અથવા વરસ અગ્યાર, ઉજવી તપશું વગેરી ॥૪॥ સાંભળી સદ્‌ગુરૂ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યોરી ॥ તપ સેવી ઉજવિય, આરણ સ્વર્ગે વશ્યોરી ॥૫॥ એકવીશ સાગર આય, પાલી પુણ્ય વસેરી ॥ સાંભલ

---

૧ ઉજ્વલપક્ષની

કેશવ રાય, આગલ જેહ થશેરી ॥૬॥ સોરી પુરમાં શેઠ સમૃદ્ધદત્ત વડોરી ॥ પ્રીતિમતિ પ્રિયા તાસ, પુણ્ય જોગ જડ્યોરી ॥૭॥ તસ કુખે અવતાર, સૂચિત શુભ સ્વપ્નેરી ॥ જનમ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શુક્નેરી ॥૮॥ નાલ નિક્ષેપ નિધાન, ભૂમિથી પ્રગટ હવોરી ॥ ગર્ભ દોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યોરી ॥૯॥ બુદ્ધિ ઉધમ ગુરૂ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યોરી ॥ યૌવનવય અગીયાર, રૂપવંતી પરણ્યોરી ॥૧૦॥ જિન પૂજન મુનિદાન, સુવ્રત પચ્ચખાણ ધરેરી ॥ અગીયાર કંચન કોડ, નાયક પુણ્ય ભરેરી ॥૧૧॥ ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહેરી ॥ સાંભળી સુવ્રત શેઠ, જાતિ સ્મરણ લહેરી ॥૧૨॥ જિન પ્રત્યય મુનિ શાખ, ભક્તે તપ ઉચ્ચરેરી ॥ એકાદશી દિન આઠ પહોરો પોસો ધરેરી ॥૧૩॥

## ॥ ઢાળ ત્રીજી ॥

પત્નિ સંયુત પોસહ લીધો, સુવ્રત શેઠે અન્યદાજી ॥ અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ધન લુંટે તદાજી ॥૧॥ શાસન ભક્તે દેવી શક્તે, થંભાણા તે બાપડાજી ॥ કોલાહલ સુણી કોટવાલ આવ્યો, ભૂપ આગળ ધર્યા રાંકડાજી ॥૫॥ પોસહ પારી દેવ જુહારી, દયાવંત લેઈ ભેટણાજી ॥ રાયને પ્રણમી ચોર મુકાવી, શેઠે કીધાં પારણાંજી ॥૩॥ અન્ય દિવસ વિશ્વાનર[૧] લાગ્યો, સોરીપુરમાં આકરોજી ॥ શેઠજી પોસ સમરસ બેઠા, લોક કહે હઠકાં કરોજી ॥૪॥ પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રશંસા કરેજી ॥ હરખે શેઠજી તપ ઉજમણું, પ્રેમદાર સાથે આદરેજી ॥૫॥ પુત્રને ઘરનો ભાર ભળાવી, સંવેગી શિર સેહરોજી[૩] ॥ ચઉનાણી વિજયશેખર સૂરિ, પાસે તપવ્રત આદરેજી ॥૬॥ એક ખટ માસી ચાર ચૌમાસી, દોસય છઠ્ઠ સો અઠ્ઠમ કરેજી ॥ બીજા તપ પણ બહુ શ્રુત સુવ્રત, મૌન

---

૧ અગ્નિ ૨ સ્ત્રી ૩ મુગટ

એકાદશી વ્રત ધરેજી ॥૭॥ એક અધમ સુર મિથ્યા દૃષ્ટિ, દેવતા સુવ્રત સાધુનેજી ॥ પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે વધારે વ્યાધિનેજી ॥૮॥ કર્મે નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ ઔષધ ભણીજી ॥ સાધુ ન જાયે રોષ ભરાયે, પાટુ પ્રહારે હણ્યો મુનિજી ॥૯॥ મુનિ મન વચ કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મનેજી ॥ કેવલ પામી જિતમદ રામી, સુવ્રત નેમ કહે શ્યામનેજી ॥૧૦॥

## ॥ ઢાળ ચોથી ॥

કાન પયંપે નેમનેએ, ધન્ય ધન્ય યાદવ વંશ; જિહાં પ્રભુ અવતર્યા એ ॥ મુજ મન માનસ હંસ જયો જિન નેમને એ ॥૧॥ ધન્ય શિવાદેવી માવડી એ, સમુદ્રવિજય ધન્ય તાત ॥ સુજાત જગતગુરૂએ, રત્નત્રયી અવદાત ॥ જયો૦ ॥૨॥ ચરણ[1] વિરાધી ઉપનો એ, હું નવમો વાસુદેવ ॥ જયો૦ ॥ તિણે મન નવી ઉલ્લસે એ, ચરણ ધરમની સેવ ॥ જયો૦ ॥૩॥

[1] ચારિત્ર

હાથી જેમ કાદવ કળ્યો[1] એ, જાણું ઉપાદેય હોય ॥ જયો૦ ॥ તો પણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય[2] ॥ ॥ જયો૦ ॥ ૪ ॥ પણ શરણું બલિયા તણું એ, કીજે સીઝે કાજ ॥ જયો૦ ॥ એહવાં વચનને સાંભળી એ, બાંહે ગ્રહ્યાની લાજ ॥ જયો૦ ॥ ॥૫॥ નેમ કહે એકાદશી એ, સમકિતયુત આરાધ ॥ જયો૦ ॥ થાઈશ જિનવર બારમો એ, ભાવિ ચોવીશી એ લદ્ધ ॥ જયો૦ ॥ ૬॥

## ॥ કલશ ॥

ઈમ નેમિ જિનવર, નિત્ય પુરંદર, રેવતાચલ મંડણો ॥ બાણ નવ મુનિ, ચંદ વરસે , રાજનગરે સંથુણ્યો ॥ સંવેગરંગ તરંગ જલનિધિ, સત્યવિજય ગુરૂ અનુસરી ॥ કપુરવિજય કવિ, ક્ષમાવિજય ગણિ, જિનવિજય જયસિરિ વરી ॥૧॥

ઈતિ શ્રી એકાદશી સ્તવન સંપૂર્ણ.

---

૧ ખુચ્યો ૨ ભેદ

# ૧. શ્રી એકાદશની સ્તુતિ

એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ[1] પૂછે નેમ ॥ કોણ કારણ એ પર્વ મહોટું, કહો મુજશું તેમ ॥ જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસોને પચાસ ॥ તેણે કારણે એ પર્વ મહોટું, કરો મૌન ઉપવાસ ॥૧॥ અગીયાર શ્રાવકતણી પડિમા, કહે તે જિનવર દેવ ॥ એકાદશી એમ અધિક સેવો, વન ગજા[2] જિમ રેવ ॥ ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ ચંગ ॥ જેમ ગંગ નિર્મલ નીર જેહવો, કરો જિનશું રંગ ॥૨॥ અગીયાર અંગ લખાવીએ, અગીયાર પાઠાં સાર । અગીયાર કવલી વિંટણાં, ઠવણી પુંજણી સાર ॥ ચાબખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર ॥ એકાદશી એમ ઉજવો, જેમ પામિયે ભવપાર ॥૩। વર કમલ નયણી કમલ વયણી, કમલ સુકોમલ કાય ॥ ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય ॥ એકાદશી એમ મન

---

૧ કૃષ્ણ ૨ વનના હાથી જેમ નર્મદાને સેવે તેમ

વશી, ગણી હર્ષ પંડિત શિષ્ય ॥ શાસન દેવી વિઘન નિવારો, સંઘતણાં નિશદિશ ॥૪॥

ઈતિ શ્રી અગીયારશની સ્તુતિ સંપૂર્ણ

## શ્રી સમેતશિખર ગિરિનું સ્તવન

ક્રીડા કરી ઘેર આવીઓ-એ દેશી

સમેત શિખર જિન વંદીએ, મહોટું તીરથ એહરે ॥ પાર પમાડે ભવતણો તીરથ કહીએ તેહરે ॥ સ૦ ॥૧॥ અજિતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરિવારરે ॥ પદ્મપ્રભુ શિવ સુખ વર્યા, ત્રણશે અડ[1] અણગાર રે ॥ સ૦ ॥૨॥ પાંચશે મુનિ પરિવાર શું, શ્રી સુપાસ જિણંદ રે, ચંદ્રપ્રભુ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણીંદ રે ॥ સ૦ ॥ ૩॥ છ હજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સિદ્ધા રે ॥ સાત સહસશું ચૌદમા, નિજ કારજ વર કીધાં રે ॥ સ૦ ॥૪॥ એક સો આઠશું ધર્મજી, નવશેશું શાંતિનાથ રે ॥ કુંથુ અર એક સહસશું, સાચો શિવપુર સાથ રે ॥ સા૦ ॥ ૫ ॥ મલ્લિનાથ શત પાંચશું, મુનિ[2]

---

૧ ૩૦૮ ૨ મુનિસુવ્રત

નમિ[1] એક હજાર રે ॥ તેત્રીશ મુનિયુત પાસજી, વરીયા શિવસુખ સાર રે ॥ સ૦ ॥ ॥૬॥ સત્તાવીશ સહસ ત્રણશેં, ઉપર ઓગણપચાસ રે ॥ જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુર વાસ રે ॥ સ૦ ॥ ૭ ॥ એ વીશે જિન એણે ગિરિ, સિદ્ધા અણસણ લેઈ રે ॥ પદ્મવિજય કહે પ્રણમીએ, પાસ શામલનું ચેઈય[2] રે ॥ સા૦ ॥ ૮ ॥

ઈતિ શ્રી સમેતશિખર ગિરિનું સ્તવન સંપૂર્ણ

## શ્રી અર્બુદ ગિરિનું સ્તવન

ચાલો ચાલોને રાજ, ગિરિધર રમવા જઈએ.

એ દેશી.

આવો આવોને રાજ, શ્રી અર્બુદગિરિ જઈએ ॥ શ્રી જિનવરની ભક્તિ કરીને, આતમ નિર્મલ થઈએ ॥આ૦॥ એ આંકણી ॥ વિમલ વસઈના પ્રથમ જિનેશ્વર, મુખ નિરખે સુખ પઈએ ॥ ચંપક કેતકી

---

૧ નમિનાથ ૨ ચૈત્ય-દેરાસર. સામળા પાર્શ્વનાથનું

પ્રમુખ કુસુમવર, કંઠે ટોડર ઠવીએ ॥આ૦॥ ૧॥ જમણે પાસે લૂણવસઈ, શ્રી નેમીસર નમીએ ॥ રાજિમતિ વર નયણે નિરખી, દુઃખ દોહગ સવિ ગમિયે ॥આ૦॥ ૨॥ સિદ્ધાચલ શ્રી ઋષભ જિનેશ્વર, રૈવત નેમ સમરીએ ॥ અર્બુદગિરિની યાત્રા કરતાં, ચિહું તીર્થ ચિત્ત ધરીએ ॥આ૦॥ ૩॥ મંડપ મંડપ વિવિધ કોરણા, નિરખી હિયડે ઠરીએ ॥ શ્રી જિનવરનાં બિંબ નિહાળી, નરભવ સફલો કરીએ ॥આ૦॥ ॥૪॥ અવિચલ ગઢ આદીશ્વર પ્રણમી, અશુભ કર્મ સવિ હરિયે ॥ પાસ શાંતિ નિરખી જબ નયણે, મન મોહ્યું ડુંગરિયે ॥આ૦॥ ૫॥ પાજે ચઢતાં ઉજમ વાધે, જેમ ઘોડે પાખરીઓ । સકલ જિનેશ્વર પૂજી કેશર, પાપ પડલ સવિ હરીએ ॥ ॥આ૦॥ ૬॥ એક ધ્યાને પ્રભુને ધ્યાતા, મનમાંહિ નવિ ડરીએ ॥ જ્ઞાનવિમલ કહે પ્રભુ સુપસાયે, સકલ સંઘ સુખ કરીએ ॥આ૦॥ ॥૭॥

ઈતિ શ્રી અર્બુદગિરિનું સ્તવન સંપૂર્ણ

# શ્રી રાણકપૂરજીનું સ્તવન

શ્રી રાણક્પુર રલીયામણું રે લાલ ॥ શ્રી આદીશ્વર દેવ ॥ મન મોહ્યું રે ॥ ઉત્તંગ તોરણ દેહરૂં રે લા૦ ॥ નીરખીજે નિત્યમેવ ॥ મ૦ ॥ શ્રી૦ ॥૧॥ ચઉવિશ મંડપ ચિહું દિશેરે લા૦ ॥ ચઉમુખ પ્રતિમા ચાર ॥મ૦॥ ત્રિભુવનદીપક દેહરૂં રેલા૦ ॥ સમોવડ નહીં સંસાર ॥ મ૦ ॥ શ્રી૦ ॥૨॥ દેહરી ચોરાશી દીપતીરે લા૦ ॥ માંડ્યો અષ્ટાપદ મેર ॥મ૦॥ ભલે જુહાર્યાં ભોંચરારે લા૦ ॥ સૂતાં ઉઠી સવેર ॥ મ૦ ॥ શ્રી૦ ॥૩॥ દેશ જાણીતું દેહરૂં રે લા૦ ॥ મોટો દેશ મેવાડ ॥મ૦॥ લાખનવાણું લગાવીયારે લા૦ ॥ ધન ધન્ને પોરવાડ ॥ મ૦ ॥ શ્રી૦ ॥૪॥ ખરતર વસઈ ખાંતશું રે લા૦ ॥ નિરખંતાં સુખ થાય ॥મ૦॥ પાંચ પ્રાસાદ બીજા વળીરે લા૦ જોતાં પાતક જાય ॥ મ૦ ॥ શ્રી૦ ૫ ॥ આજ કૃતારથ હું થયોરેં લા૦ ॥ આજ થયો આણંદ ॥મ૦॥ યાત્રા કરી જિનવરતણી રે લા૦ ॥ દૂરે ગયું દુઃખ દ્વંદ ॥મ૦॥ શ્રી૦ ॥૬॥ સંવત સોલને છોંતરેરે લા૦ ॥ માગશિર માસ મોઝાર ॥મ૦॥

રાણક્પુરે યાત્રા કરીરે લા૦ ॥ સમયસુંદર સુખકાર ॥મ૦॥ શ્રી૦ ॥ ૭ ॥

ઈતિ શ્રી રાણક્પુરજીનું સ્તવન સંપૂર્ણ

## ૧. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

### દેશી લાલનની

સિદ્ધિગિરિ ધ્યાવો, ભવીકા, સિદ્ધિગિરિ ધ્યાવો; ઘેર બેઠાં પણ બહુ પાવો ॥ ભવિકા, બહુ ફળ પાવો ॥ આંકણી ॥ નંદિસર જાત્રા જે ફળ હોવે ॥ તેથી બમણેરૂં ફળ કુંડળગિરિ હોવે ॥ ભ૦ પુ૦ ॥૧॥ તિગણું રૂચકિગિરિ ચોગણું ગજદંતા ॥ તેથી બમણેરૂં ફળજંબુ મહંતા ॥ભ૦ ॥ જં૦ ॥ ખટગણું ધાતકી ચૈત્ય જુહારે ॥ છત્રીશગણું ફળ પુખલ[1] વિહારે[2] ॥ ભ૦ ॥ પુ૦ ॥૨॥ તેથી તેરસગણું ફળ મેરૂ ચૈત્ય જાુહારે ॥ સહસ ત્રણેરૂ ફળ સમેત શિખરે ॥ ભ ॥ ॥ સ ॥ લાખ ગણેરૂ ફળ અંજનગિરિ જુહારે ॥ દશ લાખ ગણેરૂં ફળ અષ્ટાપદ ગિરનારે

---

૧ પુષ્કરવર દ્વીપના ૨ ચૈત્ય પ્રાસાદ

||ભ૦ || અ૦ ||૩|| કોડ ગણેરૂં ફળ શ્રી સિદ્ધાચળ ભેટે || જેમરે અનાદિનાં દુરિત ઉમેટે || ભ૦ || દુ૦ || ભાવ અનંતે અનંત ફળ પાવે || શ્રી જ્ઞાનવિમલસૂરિ એમ ગુણ ગાવે || ભ૦ || ઈ૦ ||૪|| ઈતિ.

## શ્રી સિદ્ધાચળજીનું સ્તવન

વિમળાચળ નીતુ વંદીએ, કીજે એહની સેવા || માનુ હાથ એ ધર્મનો, શિવ તરૂ ફળ લેવા || વિ૦ ||૧|| ઉજવળ જિન ગૃહ મંડળી, તિહાં દિપે ઉત્તંગા | માનુ હિમ ગિરિ વિભ્રમે, આઈ અંબર[1] ગંગા | વિ૦ ||૨|| કોઈ અનેરૂં જગ નહિ, એ તીરથ તોલે || એમ શ્રીમુખ[2] હરિ[3] આગલે, શ્રી સીમંધર બોલે || વિ૦ || ||૩| જે સઘલાં તીરથ કર્યાં, જાત્રા ફળ લહી એ | તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ || વિ૦ || ૪|| જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે || સુજસ વિજય સંપદ લહે, તે નર ચિરનંદે || વિ૦ ||૫|| || ઈતિ ||

---

૧ આકાશગંગા, ૨ પોતાને મુખે ૩ ઈંદ્ર પાસે

# શ્રી સમેતશિખર ગિરિનું સ્તવન

જઈ પૂજો લાલ, સમેતશિખર ગિરિ ઉપર પાસજી શામળા ॥ જિન ભગતે લાલ, કરતાં જિન પાવે ટળે ભવ આમળા ॥ આંકણી ॥ છરી પાલી દરિશન કરીએ ॥ ભવ ભવ સંચિત પાતિક હરિએ ॥ નીજ આતમ પુન્ય રસે ભરીએ ॥ જ૦ ॥૧॥ એ ગિરિવર નિત્ય સેવા કીજે ॥ જેમ શિવ સુખડાં કરમાં લીજે ॥ ચિદાંનંદ સુધારસ નીત્ય પીજે ॥જ૦ ॥૨॥ જયાં શિવ રમણી વરવા આવ્યા ॥ અજિતાદિક વીશે જિનરાયા ॥ બહુ મુનિવર જુત શિવ વધુ પાયા ॥ જ૦ ॥ ૩॥ તેણે એ ઉત્તમ ગિરિ જાણો ॥ કરો સેવા આતમ કરી શાણો ॥ એ ફરી ફરી નહીં આવે ટાણો ॥ જ૦ ॥ ૪॥ તુમે ધન કણ કંચનની માયા ॥ કરતાં અશુચિ કીની[1] કાયા ॥ કેમ તરશો વિણ એ ગિરિ રાયા ॥ જ૦ ॥ ૫॥ એમ શુભ મતિ વચન સુણી તાજા ॥ એ ભજો જગગુરૂ આતમ રાજા ॥ ગિરિ ફરશો ધરી મન શુચિ માજા ॥ જ૦ ॥ ૬॥ સંવત શર રિષિ ગજ ચંદ[2] સમે ॥ ફાગણ શુદ તીજ બુધવાર

---

૧ કરી ૨ સંવત ૧૮૭૫

ગમે ॥ ગિરિ દરિશણ કરતાં ચિત્ત રમે ॥ જ૦ ॥ ॥૭॥ પ્રભુ પદ પદ્મતણી સેવા ॥ કરતાં નિત્ય લહીએ શિવમેવા ॥ કહે રૂપવિજય મુજ તે હેવા ॥ જ૦ ॥૮॥ ઈતિ.

## શ્રી આબુજીનું સ્તવનં.

ચિત્ત ચેતોરે-એ દેશી.

આદિ જિણેસર પૂજતાં, દુ:ખ મેટોરે ॥ આબુ ગઢ દ્રઢ ચિત્ત, ભવિ જઈ ભેટોરે ॥ દેલવાડે દેહરાં નમી ॥ દુ૦ ॥ ચાર પરિમિત નિત્ય ॥ ભ૦ ॥ ૧ ॥ વીસ ગજ બલ પદમાવતી ચક્કેશરી દ્રવ્ય આણા ॥ ભ૦ ॥ શંખ દિએ અંબી સુરી ॥ દુ૦ ॥ પંચ કેશ વહે બાણ ॥ ભ૦ ॥ ૨ ॥ બાર પાદશાહ જીતીને ॥ દુ૦ ॥ વિમલ મંત્રી આલ્હાદ ॥ ભ૦ ॥ દ્રવ્ય ભરી ધરતી કીયો ॥ દુ૦ ॥ રીષભદેવ પ્રાસાદ ॥ ભ૦ ॥ ૩ ॥ બિહુતર અધિકા આંઠશે ॥ દુ૦॥ બિંબ પ્રમાણ કહાય ॥ ભ૦ ॥ પન્નરશેં કારીગરે ॥ દુ૦॥ વર્ષ ત્રીકે

તે થાય ॥ ભ૦ ॥૪॥ દ્રવ્ય અનોપમ ખરચિયો લાખ ત્રેપન બાર ક્રોડી ॥ ભ૦ ॥ સંવત દશ અઠયાશી ઓ ॥દુ૦ ॥ એ ॥ દુ૦॥ પ્રતિષ્ટા કરી મન હોડિ ॥ ભ૦॥ ૫ ॥ દેરાણી જેઠાણીના ગોખલા ॥ દુ૦ ॥ લાખ અઢાર પ્રમાણ ॥ ભ૦॥ વસ્તુપાલ તેજપાલની ॥ દુ૦॥ એ હોઈ કાંતા[૧] જાણ ॥ ભ૦ ॥ ૬॥ મૂળનાયક નેમીસરૂ ॥દુ૦॥ ચારશે અડસઠ બિંબ ॥ ભ૦ ॥ ઋષભ ધાતુમયી દેહરે ॥ દુ૦ ॥ એક્સો પીસ્તાલીશ બિંબ ॥ ભ૦ ॥ ॥૭॥ ચોમુખ ચૈત્ય જુહારિયે ॥ દુ૦ ॥ કાઉસગીયા ગુણવંત ॥ ભ૦ ॥ બાણું મીત તેહમાં કહું ॥ દુ૦ ॥ અગન્યાસી અરિહંત ॥ ભ૦ ॥ ॥ ૮ ॥ અચળગઢે પ્રભુજી ઘણા ॥ દુ૦ ॥ જાત્રા કરો હુંશિયાર ॥ ભ૦ ॥ કોટિ તપે ફળ જે લહે ॥ દુ૦ ॥ તે પ્રભુ ભક્તિ વિચાર ॥ ભ૦ ॥ ૯ ॥ સાલંબન નિરાલંબને ॥ દુ૦ ॥ પ્રભુ ધ્યાને ભવપાર ॥ ભ૦ ॥ મંગળ લીલા પામીએ ॥ દુ૦ ॥ વીરવિજય જયકાર ॥ ભ૦ ॥૧૦॥

---

૧ સ્ત્રીઓ-લલિતાદેવીને અનોપમાદેવી

# શ્રી શંખેશ્વરજીનું સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તમારો ॥ સાંભળીને આવ્યો હું તીરે, જનમ મરણ દુઃખ વારો ॥૧॥ સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો ॥ આંકણી ॥ સહુકોનાં મન વંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો ॥ એહવું બીરૂદ છે રાજ તમારૂં ॥ કેમ રાખો છો દૂરે ॥ સે૦ ॥૨॥ સેવકને વલવલતો દેખી ॥ મનમાં મહેર ન ધરશો ॥ કરૂણાસાગર કેમ કહેવાશો ॥ જો ઉપગાર ન કરશો ॥ સે૦ ॥૩॥ લટપટનું હવે કામ નહીં છે ॥ પ્રત્યક્ષ દર્શન દિજે ॥ ધુંઆડે ધીજું[1] નહિ સાહિબ ॥ પેટ પડ્યાં પતિજે[2] ॥ સે૦ ॥૪॥ શ્રી શંખેશ્વર મંડણ સાહિબ ॥ વિનતડી અવધારો ॥ કહે જિનહર્ષ મયા[3] કરી મુજને ॥ ભવ સાયરથી તારો ॥ સે૦ ॥૫॥ ઈતિ

◇◇◇

---

૧ રીઝું ૨ પેટમાં પડે તો પ્રતિતી આવે ૩ કૃપા

## શ્રી સિદ્ધાચલ સ્તવન

શ્રી રે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાહો ॥ ઋષભ જિણંદ જુહારીને, લીજે ભવતણો લાહો ॥ શ્રી૦ ॥૧॥ મણિમય મુરતિ શ્રી ઋષભની, નિપાઈ અભિરામ । ભુવન કરાવ્યું કનકમય[1], રાખ્યું ભરતે નામ ॥ શ્રી૦ ॥ ૨ ॥ ઈણિ ગિરિ ઋષભ સમોસર્યા, પૂર્વ નવાણું વાર ॥ રામ પાંડવ મુગતે ગયા, પામ્યા ભવનો પાર ॥ શ્રી૦ ॥ ૩॥ નેમ વિના ત્રેવિશ જિના, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી ॥ શત્રુંજા સમું તીરથ નહીં, બોલ્યાં સીમંધર વાણી ॥ શ્રી૦ ॥ ૪॥ પુરવ પુન્ય પસાયથી, પુંડરગિરિ પાયો ॥ કાંતિવિજય હરખે કરી, વિમળાચળ ગાયો ॥ શ્રી૦ ॥ ૫ ॥ ઈતિ.

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ

પાસ શંખેશ્વરા સાર કર સેવકાં, દેવકાં એવડી વાર લાગે; કોડી કર જોડી દરબાર આગે

---

૧ રતનમય કસવેલ છે.

ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. ૧. પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોર અસુરાણને આપ છોડો; મુજ મહીરાણ મંજુસમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો. ૨. જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે; મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મોંઘે. ૩. ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણે ત્રીકમે[૧] તુજ સંભાર્યો; પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્ત જન તેહનો ભય નિવાર્યો. ૪. આદિ અનાદિ અરિહંત તું એક છે, દીન દયાળુ છે કોણ દુજો; ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભય ભંજનો એહ પૂજો ૫

◈◈◈

૧ કૃષ્ણે

२१७

# શ્રી સોળ સતીનો છંદ

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજીએ એ; પ્રભાતે ઉઠી મંગલિક કામે સોળ સતીનાં નામ લીજીએ એ. ૧. બાલ કુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની બહેનડી એ; ઘટ ઘટ વ્યાપક અક્ષરરૂપે, સોળ સતી માંહે જે વડી એ. ૨. બાહુબલ ભગિની સતીય શિરોમણિ, સુંદરી નામે ઋષભ સુતાએ; અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનુપમ ગુણજુતા એ. ૩. ચંદનબાલા બાલપણાથી, શીયલવતી શુધ્ધ શ્રાવિકાએ; અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકાએ. ૪. ઉગ્રસેન ધુઆ ધારિણી નંદની, રાજમતિ નેમ વલ્લભા એ; જોબન વેશે કામને જીત્યો, સંયમ લેઈ દેવ દુલ્લભા એ. ૫. પંચ ભરતારો પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીએ એ; એક સો આઠે ચીર પુરાણા, શીયલ મહિમા તસ જાણી એ.

૬. દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુળચંદ્રિકા એ; શીયલ સલુણી રામ જનેતા, પુણ્યતણી પરનાલિકા એ. ૭. કોશંબિક ઠામે સતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીયો એ; તસ ઘર ગૃહિણી[1] મૃગાવતી સતી, સુરભવને જસ ગાજીયો એ. ૮. સુલસા સાચી શીયલે ન કાચી, રાચી નહિ વિષયા રસે એ; મુખડું જોતાં પાપ પલાયે, નામ લેતાં મન ઉલ્લસે એ. ૯. રામ રઘુવંશી તેહની કામિની, જનકસુતા સીતા સતી એ; જગ સહુ જાણે ધી જ કરતાં, અનલ[2] શીતળ થયો શીયલથી એ ૧૦. કાચે તાંતણે ચાલણી બાંધી, કુવાથકી જલ કાઢીયું એ; કલંક ઉતારવા સતી સુભદ્રા એ, ચંપા બાર ઉઘાડીયું એ. ૧૧. સુરનર વંદિત શિયલ અખંડિત, શિવા શિવપદ ગામિની એ; જેહને નામે નિર્મળ થઈએ, બલિહારી તસ નામનીએ. ૧૨.

---

૧ સ્ત્રી, ૨ અગ્નિ

હસ્તિનાગપુરે પાંડુરાયની, કુંતા નામે કામિની એ; પાંડવ માતા દશે દશાર્રની બહેન પતિવ્રતા પદ્મમિની એ. ૧૩. શીલવતી નામે શીલવ્રત ધારિણી, ત્રિવિધે તેહને વંદીએ એ; નામ જપંતા પાતક જાયે, દરિસણ દુરિત નિકંદીએ એ. ૧૪. નિષિધા નગરે નળ નરિંદની, દમયંતી તસ ગેહિની એ; સંકટ પડતાં શીયલજ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ. ૧૫. અનંગ અજીતા જગજન પૂજિતા, પુષ્પચુલાને પ્રભાવતી એ; વિશ્વ વિખ્યાતા કામિતદાતા, સોલમી સતી પદ્માવતી એ. ૧૬. વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદયરતન ભાખે મુદા એ; વહાણું વાતાં જે નર ભણશે, તે લહેશે સુખ સંપદા એ. ॥૧૭॥

# શ્રી પરમાત્માની સ્તવના

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો; પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત સિધ્યાં સઘલાં કાજ નમો. અ૦ ૧ પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો; અજર અમર અદ્‌ભુત અતિશય નિધિ, પ્રવચન જલધિ મયંક[૧] નમો. અ૦ ૨ તિહુયણ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવરસાલ[૨] નમો; લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાળ નમો. અ૦ ૩ સિદ્ધ બુદ્ધ તું જગ જન સજ્જન, નયનાનંદન દેવ નમો; સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનીશ સેવ નમો અ૦ ૪ તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો; શરણાગત ભવિને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ[3] નમો. અ૦ ૫ કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો; નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬ જગ

---

૧ ચંદ્ર ૨ કલ્પવૃક્ષ 3 દરિયો

ચિંતામણિ જગગુરૂ જગહિતકારક જગજનનાથ નમો; ઘોર અપાર મહોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ॥૭॥ અશરણ શરણ નીરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો; બોધિ દીયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સૂરિશ નમો. અ૦ ૮.

◈◈◈

## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન છંદ

સેવો પાસ શંખેશ્વરો મન શુધ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે, દેવી દેવલાં અન્યને શું નમો છો ? અહો ભવ્યલોકો ભુલા કાં ભમો છો ? ૧ ત્રિલોકના નાથને શું તજો છો ? પડ્યા પાસમાં ભુતને કાં ભજો છો ? સુરધેનુ[1] છંડી અજા શું અજો છો ? મહાપંથ મુકી કુપંથે વ્રજો[2] છો ? ૨. તજે કોણ ચિંતામણિ કાચ માટે ? ગ્રહે કોણ રાસભને

---

૧ કામધેનુ ૨ ચાલો છો

હસ્તિ સાટે ? સુરદ્રુમ[3] ઉપાડી[4] કોણ આક વાવે ? મહામુઢ તે આકુલા અંત પાવે ૩ કીહાં કાંકરોને કીહાં મેરૂશૃંગ, કીહાં કેશરીને કીહાં તે કુરંગ ? કીહા વિશ્વનાથ કીહા અન્ય દેવા ? કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા. ૪ પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથ, સહુ જીવનને જે કરે છે સનાથ; મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ૫ પામી માણખો ને વૃથાં કાં ગમો છો ? કુશીલે કરી દેહને કાં દમો છો ? નહીં મુક્તિવાસ વિના વીતરાગ, ભજો ભગવંત તજો દ્રષ્ટિ રાગ ૬. ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી; આજ માહરે મોતીડે મેહ વુઠ્યા, પ્રભુ પાસ શંખેશ્વરા આપ તુઠ્યા. ૭

❖❖❖

---

૩ કલ્પવૃક્ષ ૪ ઉખેડી

# શ્રી ગૌતમાષ્ટક છંદ

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ; જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧ ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવાંછિત હેલા[૧] સંપજે; ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ ૨ જે વરી વિરૂઆ[૨] વાંકડા, તસ નામે નાવે ઢુકડાં; ભૂત પ્રેત નવિ ખંડે આણ, તે ગૌતમનાં કરૂં વખાણ. ૩ ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય; ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪ શાલદાલ સુરહાં[૩] ઘૃત ગોલ, મનવાંછિત કાપડ તંબોળ; ઘર સુગૃ હિણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫ ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગજાણ; મહોટાં મંદિર મેરૂ સમાન ગૌતમ નામે સફળ વિહાણ ૬ ઘર મયગલ[૪] ઘોડાની જોડ, વારૂ

---

૧ ઉતાવળા ૨ વિરૂપ ૩ સુગંધી ? ૪ હાથી

પહોંચે વાંછિત કોડ; મહિયલ માને મોટા રાય,જો તુઠે ગૌતમના પાય ૭ ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે; ગૌતમ નામે નિર્મલ જ્ઞાન ગૌતમ નામે વાધે વાન ૮ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ; કહે લાવણ્યસમય કરજોડ; ગૌતમ તુઠે સંપત્તિ કોડ ૯

## શ્રી ગૌતમ સ્વામીનું સ્તવન

રાગ પ્રભાતિ

માત પૃથ્વીસુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ગેલે; પ્રહ સમે પ્રેમશું જેહ ધ્યાતા સદા, ચઢતી કળા હોય વંશવેલે. મા૦ ૧ વસુભુતિનંદન વિશ્વજનવંદન, દુરિતિનિકંદન નામ જેહનું; અભેદ બુધ્ધે કરી ભવિજન જે ભજે, પુર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું. મા૦ ૨ સુરમણિ જેહ ચિંતામણિ સુરતરૂ, કામિત પૂરણ કામધેનુ; એહ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો, જેહ થકી અધિક નહી માહાત્મ્ય

કેહનું. મા૦ ૩ જ્ઞાન બલ તેજ ને સક્લ સુખસંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે; અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુર નર જેહને શીશ નામે. મા૦ ૪ પ્રણવ[૧] આદે ધરી માયા બીજે[૨] કરી, શ્રીમુખે ગૌતમ નામ ધ્યાયે; કોડિ મનકામના સફળ વેગે ફળે, વિઘન વેરી સવે દર જાયે. ૫ દુષ્ટ દૂરે ટલે સ્વજન મેળો મળે, આધિ ઉપાધિને વ્યાધિ નાસે; ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વળી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે. મા૦ ૬ તીર્થ અષ્ટાપદે આપલબ્ધે જઈ, પનરશેં ત્રણને દિખ દીધી; અઠ્ઠમને પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખુટ કીધી. મા૦ ૭ વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વલી ત્રીશ કરી વીર સેવા; બાર વરસાં લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેહ ની કરે નિત્ય દેવા મા૦ ૮ મહિયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ, ગુણનિધિ ઋદ્ધિને સિદ્ધિ દાઈ; ઉદય જસ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત સવાઈ મા૦ ૯

---

૧ ઓંકર ૨ હ્રિંકાર

## શ્રી સિદ્ધાચલનમંડન ઋષભદેવનું સ્તવન

રાગ મરાઠી

ઋષભજિનંદ વિમલગિરિમંડન, મંડન ધર્મધુરા કહીયે, તું અકલ સરૂપી, જારકે કરમ ભરમ નિજ ગુણ લહીયે. રૂષભ૦ ૧ અજર અમર પ્રભુ અલખ નિરંજન, ભંજન સમર સમર કહીયે, તું અદ્‌ભુત યોદ્ધા, મારકે કરમ ધાર જગ જસ લહીયે. રૂષભ૦ ૨ અવ્યય વિભુ ઈશ. જગરંજન, રૂપ રેખ બીન તું કહીયે, શિવ અચર અનંગી, તારકે જગજન નિજ સત્તા લહીયે. રૂષભ૦ ૩ શતસુત માતા સુતા સુહંકર, જગત જયંકર તું કહીયે, નિજ જન સબ તાર્યે, હમોસેં અંતર રખના ના ચહીયે. રૂપભ૦ ૪ મુખડા ભીચકે બેસી રહેના, દીનદયાળકુ ન ચહીયે, હમ તન મન ઠારો. બચનસેં સેવક અપના કહ દઈયે. રૂષભ૦ ૫ ત્રિભુવન ઈશ સુહંકર સ્વામી, અંતરજામી તું કહીયે, જબ હમ કું તારો, પ્રભુસેં મનકી બાત સકળ કહીયે. રૂષભ૦ ૬ કલ્પતરૂ ચિંતામણિ જાચ્યો, આજ નિરાશે ના

રહીયે, તું ચિંતિત દાયક, દાસકી અરજી ચિત્તમેં દ્રઢ ગ્રહીયે. રૂષભ૦ ૭ દીન હીન પરગુણ રસ રાચી, શરણ રહિત જગમેં રહીયે; તું કરૂણાસિંધુ, દાસકી કરૂણા ક્યું નહિ ચિત્ત ગ્રહીયે ? રૂષભ૦ ૮ તુમ વિન તારક કોઈ ન દીસે, હોવે તુમકું ક્યું કહીયે, ઈહ દિલમેં ઠાની, તારકે સેવક જગમેં જસ લહીયે ૯ રૂષભ૦ સાતવાર તુમ ચરણે આવ્યો શરણ જગત કહીયે, અબ ધરણે બેસી, નાથસેં મનવંછિત સબ કુછ લહીયે રૂષભ૦ ૧૦ અવગુણી માની પરિહરશો તો, આદિ ગુણી જગ કો કહીયે ? જો ગુણીજન તાર્યે, તો તેરી અધિક્તા ક્યા કહીયે. રૂષભ૦ ૧૧ આતમ ઘટમેં ખોજ પિયારે, બાહ્ય ભટક્તે ના રહીયે, તું અજ અવિનાશી, ધાર નિજરૂપ આનંદઘન રસ લહીયે. રૂષભ૦ ૧૨ આત્માનંદી પ્રથમ જિનેશ્વર, તેરે ચરણ શરણ ગ્રહીયે, સિધ્ધાચલ રાજા, સરે સબ કાજ આનંદ રસ પી રહીયે. રૂષભ૦ ૧૩

# શ્રી રાયણ પગલાનું સ્તવન

નીલડુ રાયણ તરૂતળે, સુણ સુંદરી, પીલુડા પ્રભુના પાયરે, ગુણમંજરી. ઉજવળ ધ્યાને ધ્યાઈએ, સુ૦ એહીજ મુક્તિ ઉપાયરે. ગુણ૦ ૧ શિતળ છાંયાએ બેસીએ, સુણ૦ રાતડો કરી મન રંગરે, ગુણ૦ પૂજીએ સોવન ફુલડે, સુણ૦ જેમ હોય પ્રીતિ અભંગરે. ગુણ૦૨ ખીર ઝરે જેહ ઉપરે, સુણ૦ નેહ ધરીને એહરે. ગુણ૦ ત્રીજે ભવે તે શિવ લહે, સુણ૦ થાયે નિર્મળ દેહ રે. ગુણ૦ ૩ પ્રીતિ ધરી પ્રદક્ષિણા, સુણ૦દીએ એહને જે સાર, રે, ગુણ૦ અભંગ પ્રીતિ હોય તેહને, સુણ૦ ભવ ભવ તુમ આધારરે. ગુણ૦ ૪ કુસુમ ફળ પત્ર મંજરે, સુણ૦ શાખા થડને મૂળરે, ગુણ૦ દેવતણા વાસાય છે, સુણ૦ તીરથને અનુકૂળ રે. ગુણ૦ ૫. તીરથ ધ્યાન ધરો મુદા, સુણ૦ સેવો એહની છાંયરે, ગુણ૦ જ્ઞાનવિમળ ગુણ ભાખીઓ, સુણ૦ શેત્રુંજા માહાત્મ્યા માંહરે. ગુણ૦ ૬

# શ્રી પુંડરિકજીનું સ્તવન

એક દિન પુંડરીક ગણધરૂરે લાલ, પૂછે શ્રી આદિ જિણંદ, સુખકારીરે, કહીએ તે ભવજળ ઉતરીરે લાલ,પામીશ પરમાનંદ, ભવવારીરે. એક૦ ૧. કહે જિન ઈણગિરિ પામશોરે લાલ, જ્ઞાન અને નિરવાણ, જયકારીરે, તીરથ મહિમા વાધશેરે લાલ, અધિક અધિક મંડાણ, નિરધારી રે. એક૦ ૨ ઈમ નિસુણીને તિહાં આવીયા રે લાલ, ઘાતિ કરમ કર્યાં દૂર, તમ વારીરે, પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજુર, ભવવારીરે. એક૦ ૩. ચૈત્રી પુનમ દિન કીજીયેરે લાલ, પૂજા વિવિધ પ્રકાર, દિલ ધારીરે, ફળ પ્રદક્ષિણા કાઉસગારે લાલ, લોગસ્સ થુઈ ન મુક્કાર, નરનારીરે. એક૦ ૪. દશ વીશ ત્રીશ ચાલીશ ભલારે લાલ, પચાસ પુષ્પની માળ, અતિસારીરે, નરભવ લાહો લીજીયેરે લાલ, જેમ હોય જ્ઞાન વિશાળ, મનોહારીરે. એક૦ ૫. ॥

# શ્રી આદિજિન વિનતિ

સુણ જિનવર શેત્રુંજા ધણીજી રે, દાસ તણી અરદાસ; તુજ આગળ બાળક પરેજી, હું તો કરૂં વેખાસરે, જિનજી મુજ પાપીને તાર. તું તો કરૂણા રસ ભર્યોજી રે, તું સહુનો હિતકારરે, જિનજી. મુજ૦૧. હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહીં લવલેશ; પરગુણ પેખી નવિ શકુંજી, કેમ સંસાર તરેશરે, જિનજી. મુજ૦ ૨. જીવતણા વધ મેં કર્યાજી, બોલ્યા મૃષાવદ; કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદરે, જિનજી, મુજ૦ ૩. હું લપટ હું લાલચીજી, કર્મ કીધાં કેઈ ક્રોડ, ત્રણ ભુવનમાં કો નહીંજી, જે આવે મુજ જોડરે, જિનજી. મુજ૦ ૪. છિદ્ર પરાયાં અહોનિશેજી, જોતો રહું જગનાથ; કુગતી તણી કરણી કરીજી, જોડ્યો તેહશું સાથ, જિનજી. મુજ૦ ૫. કુમતિ કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ; વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજરે ? જિનજી, મુજ૦ ૬. પુન્ય વિના

મુજ પ્રાણીઓજી, જણે મેલું રે આથ; ઉંચા તરૂવર મોરીયાજી, ત્યાંહી પસારે હાથરે, જિનજી. મુ૦ ૭ વીણ ખાધા વીણ ભોગવ્યાજી, ફોગટ કર્મ બંધાય; આરતધ્યાન મીટે નહીંજી, કીજે કવણ ઉપાયરે, જિનજી. મુજ૦ ૮. કાજળથી પણ શા મળાજી, મારા મન પરિણામ; સોણા[1] માંહી તાહરૂંજી, સંભારૂં નહીં નામરે, જિનજી. મુજ૦ ૯. મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ; કૂડ કપટ બહુ કેળવીજી, પાપતણો કરૂં સંચરે, જિનજી. મુજ૦ ૧૦. મન ચંચળ ન રહે કીમેજી, રાચે રમણીરે રૂપ; કામ વિટંબણા શી કહુંજી, પડીશ હું દુર્ગતિ કૂપરે, જિનજી. મુ૦ ૧૧. કિશ્યા કહું ગુણ માહરાજી, કીશ્યા કહું અપરાધ; જેમ જેમ સંભારૂં હીએજી, તેમ વાધે વિખવાદરે, જિનજી. મુજ૦ ૧૨ ગિરૂઆ તે નવી લેખવેજી, નિગુણ સેવકની વાત; નીચતણે પણ મંદિરેજી ચંદ્ર ન ટાળે જયોતરે, જિનજી. મુજ૦ ૧૩. નિગુણો તોપણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ; કૃપા

---

૧ સ્વપ્નમાં

કરી સંભારજોજી, પૂરજો મુજ મન આશરે, જિનજી. મુજ૦ ૧૪. પાપી જાણી મુજ ભણીજી, મત મૂકો વિસાર; વિખ હળાહળ આદર્યોજી, ઈશ્વર ન તજે તાસરે, જિનજી. મુજ૦ ૧૫. ઉત્તમ ગુણકારી હુએજી, સ્વાર્થ વિના સુજાણ; કરસણ[1] સિંચે સર[2] ભરેજી, મેહ[3] ન માગે દાણરે, જિનજી મુજ૦ ૧૬. તું ઉપગારી ગુણનિલોજી, તું સેવક પ્રતિપાલ; તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળરે, જિનજી. મુજ૦ ૧૭. તુજને શું કહી એ ઘણું જી, તું સહુ વાતે જાણ; મુજને થાજો સાહિબાજી, ભવભવ તાહરી આણરે, જિનજી. મુજ૦ ૧૮. નાભિરાયા કુળ ચંદલોજી, મરૂદેવીનો નંદ; કહે જિનહરખ નિવારજોજી, દિજો પરમાનંદરે, જિનજી. મુજ પાપીને તાર. ૧૯ ઈતિ.

❖❖❖

---

૧ ખેતી ૨ સરોવર ૩ વરસાદ

# શ્રી પુંડરગિરિ મહિમાનું સ્તવન

વીરજી આવ્યા રે વિમળાચળકે મેદાન, સુરપતિ પાયા રે સમવસરણ કે મંડાણ. દેશના દેવે વીરજી સ્વામ, શેત્રુંજા મહિમા વરણવે તામ, ભાખ્યાં આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યું રે, પુંડરગિરિ અભિરામ, સોહમ ઇંદોરે, તવ પૂછે બહુમાન, કિમ થયું સ્વામીરે, ભાખો તાસ નિદાન. વીર૦૧ પ્રભુજી ભાખે સાંભળ ઇંદ્ર, પ્રથમ તે હુઆ ઋષભજિણંદ, તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆરે, રિષભસેન પુંડરીક, રિષભજી પાસેરે, દેશના સુણી તહકીક, દીક્ષા લીધીરે, ત્રિપદી જ્ઞાન અધિક. વીર૦૨ ગણધર પદવી પામ્યા તામ, દ્વાદશાંગી ગુંથી અભિરામ, વિચરે મહિયળમાં ગુણધામ, અનુક્રમે આવ્યા રે, શ્રી સિધ્ધાચળ ઠામ, મુનિવર કોડિરે, પંચ તણે પરિમાણ, અણસણ કીધાંરે, નિજ આતમને ઉદ્દામ. વીર૦૩ ચૈત્રી પુનમ દિવસે એહ, પામ્યા કેવળ જ્ઞાન અછેહ, શિવસુખ વરીયા અમરાદેહ, પૂર્ણાનંદી રે, અગુરૂલઘુ અવગાહ, અજ

અવિનાશીરે, નિજ પદ ભોગી આબહ, નિજ ગુણ રમતારે, પરમપુદ્ગળ નહીં ચાહ. વીર૦૪ તેણે પ્રગટ્યું પુંડગિરિ નામ, સાંભળ સોહમ દેવલોક સ્વામ, એહનો મહિમા અધિક ઉદ્દામ, તેણે દિન કીજેરે, તપ જપ પૂજાને દાન, વ્રત વળી પોસો રે, જેહ કરે અતિ માન, ફળ તસ પામેરે, પંચક્રોડ ગુણ માન. વીર૦ ૫. ભગતે ભવ્ય જીવ જે હોય, પંચમે ભવ મુક્તિ લહે સોય, એહમાં બાધક છે નહીં કોય, વ્યવહાર કેરીરે, મધ્યમ ફળની એ વાત, ઉત્કૃષ્ટ યોગેરે, અંતર મુહૂર્ત વિખ્યાત, શિવ સુખ સાધેરે, નિજ આતમને અવદાત. વીર૦૬ ચૈત્રી પુનમ દિવસે એહ, પૂજા પંચ પ્રકારી વિશેષ, કીજે નહીં ઉણમ કાંઈ રેખ, એણી પેરે ભાખી રે, જિનવર ઉત્તમ વાણ, સાંભળી બુઝયા રે, કેઈક ભવિક સુજાણ, એણીપેરે ગાયા રે, પદ્મવિજય પરિણામ, વીર પ્રભુ આવ્યા રે, વિમળાચકે મેદાન. ૭ ઈતિ.

# શ્રી આદિજિન સ્તવન

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધીરે કાય; કલ્પવૃક્ષ પરે તાસ ઈદ્રાંણી નયન જે, ભૃગપરે લપટાય. ૧. રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ; તેહથી પ્રતિહત તેહ માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ. ૨. વગર ધોઈ તુજ નિરમળી કાયા કંચનવાન; નહીં પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન ૩. રાગ ગયો તુજ મનથકી, તેહમાં ચિત્ર ન કોય; રૂધિર આમિશ[1] થી રાગ[2] ગયો તુજ જન્મથી, દુધ સહોદર[3] હોય. ૪ શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાદ; દેખે ન આહાર નિહાર ચર્મચક્ષુ ધણી, એવા તુજ અવદાત. ૫. ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ; કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીશ ઈમ અતિશય સમવાયાંગે પ્રસિદ્ધ. ૬. જિન ઉત્તમ ગુણ ગાવાતા, ગુણ આવે નિજ અંગ; પદ્મવિજય કહે એમ સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ પ્રથમ૦ ૭.

---

૧ માંસ ૨ રાતો રગ ૩ સંદેશ

# શ્રી ઋષભદેવનું સ્તવન

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મુરતી મારૂં મન લોભાણુંજી; મારૂં દિલ લોભાણુંજી. દેખી૦ કરૂણા નાગર[1] કરૂણા સાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે, કાંઈ ધનુષ પાંચશે માન. માતા૦ ૧. ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર; જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૦ ૨ ઉર્વશી રૂડી અપ્સરાને, રામા છે મનરંગ; પાયે [2]નેપુર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૩ તુંહી બ્રહ્માં તુંહી વિધાતા, તું જગ તારણહાર; તુજ સરીખો નહિ દેવ જગતમાં, અડવડીઆ આધાર. માતા૦ ૪. તું હી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ; સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૫. શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ; કીર્ત્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભય ફંદ, માતા મરૂદેવીના નંદ૦ ૬.

---

૧ કરૂણાના ઘર એણ ઠીક લાગે છે. ૨ નેઉર-ઝાંઝ

# શ્રી પાર્શ્વજિન સ્તવન

(ભવિ તુમે વંદો રે સૂરિશ્વર ગચ્છરાયા)
એ દેશી.

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી; મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી. મોહન૦ ૧. ભવપટ્ટણ ચીહું દિશી ચારે ગતિ, ચોરાશી લખ ચૌટા; ક્રોધમાન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા. મોહન૦ ૨. મિથ્યા મેતો કુમતિ પુરોહિત, મદસેનાને તોરે; લાંચ લઈ લખ લોક સંતાપે, મોહ કંદર્પને જોરે. મોહન૦ ૩. અનાદિ નિગોદ તે બંધીખાણો, તૃષ્ણા તોપે રાખ્યો; સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક વાંકો. મોહન૦ ૪. ભવ સ્થિતિ કર્મ વિવર લઈ નાઠો, પુન્ય ઉદય પણ વાધ્યો; સ્થાવર વિગલેંદ્રિયપણું ઓળંગી, પંચેંદ્રિપણું લાધ્યો. મોહન૦ ૫. માનવભવ આરજ કુળ સદ્ગુરૂ, વિમળ બોધ મળ્યો મુજને; ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૬. પાટણ માંહે પરમ દયાળુ, જગત્ વિભૂષણ ભેટ્યા; સત્તર બાણું

શુભ પરિણામે, કર્મ કઠીન બળ મેટ્યા. મોહન૦ ૭ સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું; ખિમાવિજય જિન ચરણ રમણ સુખ, રાજ પોતાનું લીધું. મોહન૦ ૮.

## શ્રી દિવાળીનું સ્તવન

મારે દિવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને; સર્યા સર્યા રે સેવકનાં કાજ, ભવદુ:ખ ખોવાને. આંકણી. મહાવીર સ્વામી મુગતે પોત્યા, ગૌતમ કેવળજ્ઞાન રે; ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી, મહાવીર પ્રભુ નિરવાણ. જિ૦ ૧. ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાય રે; એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવપાર જિન૦ ૨ બાકુલ વોહોર્યા વીરજીને, તારી ચંદનબાળા રે; કેવળ લઈને મુગતે પોત્યા, પામ્યા ભવનો પાર. જિન૦ ૩ એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાને ધરતા રે; સમવસરણ દઈ દેશના પ્રભુ, તાર્યા નરને નાર. જિ૦ ૪. ચોવીશમાં જિનેશ્વરને, મુક્તિ તણા દાતાર રે; કર જોડી કવિ એમ ભણે, પ્રભુ દુનિયા ફેરો ટાળ. જિન મુખ જોવાને. ૫.

# શ્રી શાંતિજિન વિનંતિ.

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણ રાગી; તુમે નિરાગી ભગવંત, જોતાં કીમ મળશે તંત. સુણો૦ ૧. હું તો ક્રોધ ક્ષાયનો ભરીઓ. તું તો ઉપશમ રસનો દરિયો; હું તો અજ્ઞાને આવરીઓ, તું તો કેવળ કમળા વરીઓ. સુણો૦ ૨. હું તો વિષયા રસનો આશી, તેંતો વિષયા કીધી નિરાશી; હું તો કરમને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો. સુણો૦ ૩. હું તો મોહ તણે વશ પડીઓ, તેં તો સઘલા મોહને હણીઓ; હું તો ભવ સમુદ્રમાં ખુંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો. સુણો૦ ૪. મારે જન્મ મરણનો જોરો, તેં તોડ્યો તેહથી દોરો; મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો૦ ૫. મુને માયાએ મૂક્યો પાસી, તું તો નિરબંધન અવિનાશી; હું તો સમકિતથી અધૂરો, તું તો સકળ પદારથે પૂરો સુણો૦ ૬. મારે છો પ્રભુ તુ હી એક, તારે મુજ

સરીખા અનેક; હું તો મનથી ન મુકું માન, તું તો માન રહિત ભગવાન. સુણો૦ ૭. મારૂં કીધુ કશું નવિ થાય, તું તો રંકને કરે રાય; એક કરે મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની. સુણો૦ ૮. એક વાર જો નજરે નીરખો, તો કરો મુજને તુમ સરીખો; જો સેવક સરીખો થાશે, તો ગુણ તમારો ગાશે. સુણો૦ ૯. ભવોભવ તુમ ચરણની સેવા, હું તો માગું દેવાધિદેવા; સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી. સુણો૦ ૧૦.

## શ્રી દીવાલીનું સ્તવન

વાલાજીની વાટડી અમે જોતાં રે - એ દેશી.

જય જિનવર જગ હિતકારી રે, કરે સેવા સુર અવતારી રે, ગૌતમ પમુહા ગણધારી ॥૧॥ સનેહી, વીરજી જયકારી રે ॥ એ આંકણી ॥ અંતરંગ રિપુને ત્રાસે રે, તપ કોપાટોપે વાસે રે, લહ્યું કેવલ નાણ ઉલ્લાસે ॥૨॥ સ૦ ॥ કલિકે વાદ વદાય રે, પણ જિન સાથે ન ઘટાય રે, તેણે હરિ લંછન પ્રભુ

પાય ॥૩॥ સ૦ ॥ સવિ સુરવહુ થેઈથેઈકારા રે, જલ પંકજની પરે ન્યારારે, તજી તૃષ્ણા ભોગવિકારા ॥૪॥ સ૦ ॥ પ્રભુ દેશના અમૃત ધારા રે, જિન ધર્મ વિષે રથકારા રે, જેણે તાર્યા મેઘ કુમારા ॥ ૫॥ સ૦ ॥ ગૌતમને કેવલ આલી રે, વર્યા સ્વાતિએ શિવ વરમાલી રે, કરે ઉત્તમ લોક દીવાલી ॥૬॥ સ૦ ॥ અંત રંગ અલચ્છી નિવારી રે, શુભ સજ્જનને ઉપગારી રે, કહે વીર વિભુ હિતકારી ॥૭॥ સ૦ ॥

## શ્રી વીરપ્રભુનું દીવાળીનું સ્તવન

મારગ દેશક મોક્ષને રે, કેવળજ્ઞાન નિધાન; ભાવ દયા સાગર પ્રભુ રે, પર ઉપગારી પ્રધાનો રે ૧. વીરપ્રભુ સિદ્ધ થયા, સંઘ સકળ આધારો રે; હવે ઈણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે વીર૦ ૨. નાથ વિહુણું સૈન્ય જયું રે, વીર વિહુણા રે જીવ; સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગો રે. વીર૦ ૩. માત વિહુણો બાલ જયું રે, અરહો પરહો

અથડાય; વીર વિહુણા જીવડા રે, આકુલ વ્યાકુલ થાય રહે રે. વીર૦ ૪ સંશય છેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય; જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાયો રે. વીર૦ નિર્માયક ભવ સમુદ્રનો રે, ભવ અટવી સથવાહ; તે પરમેશ્વર વિણ મળ્યો રે, કેમ વાધે ઉત્સાહો રે. વીર૦ ૬. વીર થકાં પણ શ્રુત તણો રે, હતો પરમ આધાર; હવે ઈહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સારો રે. વીર૦ ૭. ત્રણ કાળે સવિ જીવને રે,આગમથી આણંદ; સેવો ધ્યાવો ભવિજના રે, જિનપડિમા સુખ કંદોરે. વીર૦ ૮. ગણધર આચારજ મુનિ રે, સહુને એણીપરે સિદ્ધિ; ભવભવ આગમ સંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે. વીર૦ ૯

## શ્રી સિદ્ધાચળ મંડન ઋષભ જિન સ્ત૦

રાગ માઢ

મનરી બાતાં દાખાંજી મ્હારા રાજ હો રિષભજી થાને મનરી૦ એ આંકણી. કુમતિના ભરમાયાજી મ્હારા રાજ રે, કાંઈ વ્યવહારી કુલમેં, કાલ અનંત ગમાયાજી મ્હારા૦ રાજ હો. રૂષભજી૦ ૧. કર્મ વિવર કુછ પાયાજી, મ્હારા૦ મનુષ્ય જનમે આરજ દેશે આયાજી. મ્હારા૦ રૂષભ૦ ૨. મિથ્યા જન ભરમાયાજી, મ્હારા૦ કુગુરૂ વેશઅધિકો નાચ નચાયાજી. મ્હારા૦. રૂષભ૦ ૩. પુણ્ય ઉદય ફિર આયાજી, મ્હારા૦. જિનવર ભાષિત તત્ત્વ પદારથ પાયાજી. મ્હારા૦. રૂષભ૦ ૪. કુગુરૂ સંગ છટકાયાજી, મ્હારા૦ રાજનગરમેં સુગુરૂ વેષ ધરાયાજી. મ્હારા૦ રૂષભ૦ ૫. સઘળાં કાજ સરાયાંજી, મહારા૦ મનડો મર્કટ સમજે નહીં સમજાયાજી. મ્હારા૦ રૂષભ૦ ૬. કુવિષયાસંગ ધાવેજી, મ્હારા૦ મમતા માયા સાથે નાચ નચાવેજી. મ્હારા૦ રૂષભ૦ ૭. મહિમા પૂજા દેખી માન ભરાવેજી, મ્હારા૦ નિરગુણીયાને ગુણીજન જગમેં કહાવેજી.

મ્હારા૦ રૂષભ૦ ૮ છઠ્ઠી વારે તુમચે દ્વારે આયાજી, મ્હારા૦ કરૂણાસિંધુ જગમેં નામ ધરાયાજી મ્હારા૦ રૂષભ૦ ૯ મન મર્કટકું શિખો નિજ ઘર આવે જી, મહારા૦ સઘળી વાતે સમતા રંગ રંગાવેજી. મ્હારા૦ રૂષભ૦ ૧૦ અનુભવ રંગ રંગીલા સમતા સંગેજી, મ્હારા૦ આતમતાજા અનુભવ રાજા રંગેજી. મ્હારા૦ રૂષભ૦ ૧૧.

## શ્રી પાર્શ્વજિન સ્તવન

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મુરતિ મુજ મન ભાવી રે મન મોહના જિનરાયા. સુરનર કિન્નર ગુણ ગાયા રે; મ૦ જે દિનથી મુરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી રે, મ૦ ૧. મટકાળું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે; મ૦ સમતા રસ કેરાં ક્ચોળાં, નયણાં દિઠે રંગ રોલા રે મ૦ ૨. હાથે ન ધરે હથિયારા, નહીં જપમાલાનો પ્રચાર રે; મ૦ ઉત્સંગે ન ધરે વામા, તેહથી ઉપજે સવી કામા રે. મ૦ ૩. ન કરે ગીત નૃત્યના ચાલા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે; મ૦ ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે. મ૦ ૪. ઈમ મુરતી તુજ

નિરૂપાધિ, વિતરાગપણે કરી સાધી રે; મ૦ કહે માનવિજય ઉવઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે. મ૦ ૫

❖❖❖

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો, મુજ વિનતડી, પ્રેમ ધરીને એણી પરે તુમ સંભળાવજો. જે ત્રણ ભુવનના નાયક છે, જસ ચોસઠ ઈંદ્ર પાયક છે, જ્ઞાન દર્શન જેહને ખાયક છે. સુણો૦ ૧ જસ કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે, પુંડરગીણી નગરીનો રાયા છે. સુણો૦ ૨. બાર પરષદામાંહે બીરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે, ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩. ભવિજન ને જે પડિબોહે છે, જસ અધિક શીતલ ગુણ સોહે છે, રૂપ દેખી ભવિ જન મોહે છે. સુણો૦ ૪ તુમ સેવા કરવા રસીઓ છું, પણ ભરતમાં દૂરે વસીયો છું, મહા મોહરાય કર ફસીયો છું. સુણો૦ ૫ પણ સાહિબ ચિત્તમાં ધરીઓ છે, તુમ આણ ખડગ કર ગ્રહીઓ છે, પણ

કંઈક મુજથી ડરીઓ છે. સુણો૦ ૬. જિન ઉત્તમ પુંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો, તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭.

❖❖❖

## શ્રી સીમંધર જિન સ્તવન

રાસડાના રાગમાં

રૂપૈયો તે આલું રોકડો, મ્હારા વાલાજી રે.

એ દેશી

મનડું તે મ્હારૂં મોક્લે મ્હારા વાલાજી રે, શશધર[1] સાથે સંદેશ, જઈને કહેજો મારા વાલાજીરે. એ આંકણી. ભરતના ભક્તને તારવા, મ્હા૦ એક્વાર આવોને આ દેશ. જઈ૦ ૧. પ્રભુજી વસો પુષ્ક્લાવતી, મ્હા૦ મહાવિદેહ ક્ષેત્ર મઝાર જઈ૦ ॥ પુરી રાજે પુંડરીગિણી, મ્હા૦ ॥ જિહાં પ્રભુનો અવતાર. જઈ૦ ૨. શ્રી સીમંધર સાહિબા, મ્હા૦ વિચરંતા વીતરાગ૦ જઈ૦ ॥ પડિબોહો બહુ

---

૧ ચંદ્ર

પ્રાણીને, મહા૦ ॥ તેહનો પામે કોણ તાગ. જઈ૦ ૩. મન જાણે ઉડી મળું, મહા૦ ॥ પણ પોતે નહીં પાંખસુ૦ જઈ૦ ભગવંત તુમ જોવા ભણી, મહા૦ ॥ અલજો ધરે છે બે આઁખ જઈ૦ ૪ દુર્ગમ મોટા ડુંગરા, મહા૦ ॥ નદી નાળાનો નહીં પાર; જઈ૦ ॥ ઘાટીની આંટી ઘણી, મહા૦ ॥ અટવી પંથ અપાર જઈ૦ ૫. કોડી સોનૈયે કાશીદું, મહા૦ ॥ કરનારો નહીં કોય; જઈ૦ ॥ કાગળીઓ કેમ મોકલું, મહા૦ ॥ હોંશ તો નિત્યે નવલી હોય જઈ૦ ૬ લખું જે જે લેખમાં, મહા૦ ॥ લાખો ગમે અભિલાખ; જઈ૦ ॥ તમે લેજામાં તે લહો, મહા૦ ॥ સમય૧ પૂરે છે સાખ. જઈ૦ ૭. લોકાલોક સ્વરૂપના, મહા૦ ॥ જગમાં તુમે છો જાણ; જઈ૦ જાણ આગે શું જણાવીએ મહા૦ ॥ આખર અમે અજાણ. જઈ૦ ૮. વાચક ઉદયની વિનતિ, મહા૦ ॥ સસહર કહ્યા સંદેશ; જઈ૦ ॥ માની લેજો માહરી, મહા૦ ॥ વસતા દૂર વિદેશ જઈ૦ ૯ ઈતિ

---

૧ સિદ્ધાંત

# શ્રી પોસહવ્રતની પૂજા

દોહા

પડહ વજાવી અમારનો, ધ્વજ બાંધો શુભ ધ્યાન; પોસહવ્રત અગ્યારમેં, ધ્વજ પૂજા સુવિધાન.૧

## ઢાળ

પ્રભુ પડિમા પૂજીને પોસહ કરીએરે, વાતને વિસારીરે વિકથા ચારની; પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસેરે, ધર્મની છાયારે તરૂ સહકારની, શીતળ નહીં છાયારરે આ સંસારની, કાચની કાયારે છેવટ છારની, કૂડી છે માયારે આ સંસારની, સાચી એક માયારે જિન અણગારની. ૧. એ આંકણી એંશી ભાંગે દેશ થકી જે પોસહરે,એકાસણું કહ્યું રે શ્રી સિદ્ધાંતમે; નિજ ઘર જઈને 'જયણામંગળ' બોલી રે, ભાજન મુખ પુંજીરે શબ્દ વિના જમે. શિતળ૦ કૂ૦ કા૦ સા૦ ૨ સર્વથી આઠ પહોરનો ચોવિહારરે, સંથારો નિશિરે કંબલ ડાભનો; પાંચે પરવી ગૌતમ ગણધર બોલ્યારે, પુરવ આંક ત્રીશ ગણો[1] છે લાભનો. શિ૦ કૂ૦ કા૦ સા૦ ૩. કાર્તિક શેઠે પામ્યો હરિ[2] અવતાર રે, શ્રાવક દશ વિશ વરસે સ્વર્ગે

૧ પૂર્વે સામાયિક વ્રતની પૂજામાં જેટલો લાભ એક સામાયિકથી બતાવ્યો છે તે કરતાં એક આઠ પહોરનો પોસહ કરવાથી ત્રીશગણો લાભ થાય છે. ૨ ઈંદ્ર

ગયા; પ્રેતકુમાર વિરાધક ભાવને પામ્યો રે, દેવકુમાર વ્રતરે આરાધક થયો. શિ૦ કૂ૦ કા૦ સા૦ ૪. પણ[1] અતિચાર તજી જિનજી વ્રત પાળું રે, તારક નામ સાચું રે જો મુજ તારશો; નામ ધરાવો નિર્યામિક[2] જો નાથ રે, ભવોદધિ પાર રે તો ઉતારશો. શિ૦ કુ૦ કા૦ સા૦ ૫. સુલસાદિક નવ જણને જિન પદ[3] દીધું રે, કર્મે તે વેળારે વસિયો વેગળો; શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યો રે સ્વામી એકલો. શિ૦ કુ૦ કા૦ સા૦ ૬ દાયક[4] નામ ધરાવો તો સુખ આપોરે, સુરતરૂની[5] આગેરે શી બહુ માગણી; શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે, દિયંતાં દાનેરે સાબાશી ઘણી. શી૦ કૂ૦ કા૦ સા૦ ૭ ઈતિ.

---

★ આનંદાદિક શ્રાવકો

૧. પાંચ ૨ વહાણના કપ્તાન (ટંડેલ) ૩ તીર્થ ૪ દાતાર. ૫ કલ્પવૃક્ષની

# આત્મહિત વિનતિ છંદ

॥ ભુજંગ પ્રયાત વૃત્તં ॥

પ્રભુ પાય લાગી કરૂં સેવ તાહરી, તમે સાંભળો શ્રી જિન રાવ[1] માહરી ॥ મને મોહ વૈરી પરાભવ કરે છે, ચિહુ ગતિ તણાં દુ:ખ નહીં વિસરે છે ॥૧॥ હું તો લક્ષ ચોરાશી જીવજોનિમાહે, ભમ્યો જન્મ મરણાદિ કેરે પ્રવાહે ॥ ઘણાં મેં કીધાં કર્મ જે ધર્મ છાંડી, કહું તે સર્વ સાંભળો સ્વામી માંડી ॥૨॥ મેં તો લોભે લંપટ થઈ કપટ કીધાં, ઘણાં ભોલવી પરતણા દ્રવ્ય લીધાં ॥ મેં તો પિંડ પોષ્યો કરી જીવહિંસા, કરી પારકી કૂથલી સ્વપ્રશંસા ॥૩॥ મેં તો બોલિયા પરતણા મર્મ મોસા નહિ ભાખિયા આપણા પાપ દોષા ॥ સદા સંગ કીધો પરનારી કેરો, નહિં પાલિયો ધર્મ જિનરાજ તેરો ॥૪॥ પડ્યો ઘર તણે પાસ આશા વિલુદ્ધો, નહિં સાંભળ્યો જિન

---

૧ ફરીયાદ

ઉપદેશ સુધો; હું તો પુત્ર પરિવારશું રંગ રાતો, નહીં જાણિયો જિનવર કાળ જાતો ॥૫॥ આરંભનું પાપ કરી પિંડ ભાર્યો, મેં મુરખે નર ભવ ફોક હાર્યો ॥ ગયો કાળ સંસાર એળે ભમંતાં, સહ્યાં તેહથી દુર્ગતિ દુઃખ અનંતા ॥૬॥ ઘણે કષ્ટે જિનરાજ હવે દેવ પામ્યો, તારે સર્વ સંસારનાં દુઃખ વામ્યો ॥ જયારે શ્રી જિનરાજનું રૂપ દીઠું, માહરે લોચને રૂઅડું અમીય વુઠયું ॥૭॥ આવી કામધેનું ઘરમાંહિ ચાલી, ભરી રત્ન ચિંતામણિ હેમ થાલી ॥ માહરે ઘરતણે આંગણે કલ્પવૃક્ષ, ફલ્યો આપવા વાંછિત દાનદક્ષ ॥૮॥ ગયો રોગ સંતાપ તે સર્વ માઠો, જરા જન્મ મરણાતણો ત્રાસ માઠો ॥ તોરે શરણ આવ્યા તણી લાજ કીજે, કર્યા અપરાધ તે સર્વે ખમીજે ॥૯॥ ઘણું વિનવું છું જિનરાજ દેવા, મુને આપજો ભવોભવ સ્વામિ સેવા ॥ યહ વિનતિ ભાવથી જેહ ભણશે, સકલચંદનો સ્વામી સદા સુખ કરશે ॥૧૦॥ ઈતિ

# શ્રી સંભવનાથનું સ્તવન

સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી ॥
સંભવ હું ભમ્યો રે, ન લહિ સેવા તુમારી
નરય નીગોદમાં રે તિહાં હું બહુ ભવ ભમીયો ॥
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે
ધધમધમિયો ॥ સા૦ ॥ ૧॥ ઈંદ્રિય વશ પડ્યો રે,
પાલ્યાં વ્રત નવિ સુંસેં ॥ ત્રસ પણ નવિ ગણ્યા રે,
થાવર હણીઆ હુંશે ॥ વ્રત ચિત્ત નવિ ધર્યા રે,
બીજું સાચું ન બોલ્યું ॥ પાપની ગોઠડી રે, તિહાં મેં
હઈડલું ખોલ્યું ॥ સા૦ ॥૨॥ ચોરી મેં કરી રે, ચઉ
વહ અદત્ત ન ટાળ્યું ॥ શ્રી જિનઆણશું રે, મેં નવિ
સંજમ પાલ્યું ॥ મધુકર તણી પરેરે, શુદ્ધ ન આહાર
ગવેખ્યો ॥ રસના લાલચે રે, નીરસ પિંડ ઉવેખ્યો ॥
સા૦ ॥૩॥ નરભવ દોહિલો રે, પામી મોહ વશ
પડિયો ॥ પરસ્ત્રી દેખીને રે, મુઝ મન તિહાં જઈ
અડિયો ॥ કામ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો
॥ શુદ્ધ બુદ્ધ નવિ રહીરે, તેણે નવિ આતમ તરિયો

॥ સા૦ ॥૪॥ લક્ષ્મીની લાલચેરે, મેં બહુ દીનતા દાખી ॥ તોપણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી ॥ જે જન અભિલખેરે, તે તો તેહથી નાસે ॥ તૃણસમ જે ગણેરે, તેહની નિત્ય રહે પાસે ॥ સા૦ ૫॥ ધન ધન તે નરારે, એહનો મોહ વિછોડી ॥ વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી ॥ અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિ ભોજન કીધાં ॥ વ્રત નવિ પાલિયાં રે, જેહવાં મૂળથી લીધાં ॥ સા૦ ॥૬॥ અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મલિયો । તુમ વિના કોણ દિયેરે, બોધ રયણ મુઝ બળિયો ॥ સંભવ આપજો રે, ચરણ કમળ તુમ સેવા ॥ નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. ॥ સા૦ ॥૭॥

❖❖❖

# શ્રી અષ્ટાપદજીનું સ્તવન

અષ્ટાપદ ગિરિ જાત્રા કરણકું, રાવણ પ્રતિહરિ આયા ॥ પુષ્પક નામ વિમાનમાં બેસી, મંદોદરી સુહાયા ॥ શ્રી જિન પૂજી લાલ, સમકિત નિરમળ કીજે ॥ નયણે નીરખી લાલ, નરભવ સફલો કીજે ॥ હઈડે હરખી લાલ, સમતા સંગ કરીજે ॥૧॥ એ આંકણી ॥ ચઉમુખ ચઉગતિ હરણ પ્રસાંદે, ચઉવિશે જિન બેઠા ॥ ચઉદિશિ સિંહાસન સમનાસા,પૂરવ દિશિ દોય જીઠ્ઠા[1] ॥૧॥ સંભવ આદે દક્ષિણ ચારે; પશ્ચિમે આઠ સુપાસા ॥ ધર્મ આદિ ઉત્તર દિશિ જાણો એવં જિન ચઉવિશા ॥ શ્રી૦ ૩॥ બેઠા સિંહતાણે આકારે, જિણહર ભરતે કીધો ॥ રયણ બિંબ મુરતિ થાપીને, જગ જસ વાદ પ્રસિદ્ધો ॥ શ્રી૦ ॥૪॥ કરે મંદોદરી રાણી નાટકી, રાવણ તંતી બજાવે ॥ માદલ વિણતાલ તંબુરો, પગરવ ઠમઠમકાવે ॥ શ્રી૦ ॥૫॥ ભક્તિ ભાવે એમ નાટીક કરતાં, ત્રુટી તંતી વિચાલે ॥ સાંધી આપ નસા નિજ કરની, લઘુકળાશ્યું[2] તત્કાલે ॥ શ્રી૦ ॥૬॥ દ્રવ્ય

---

૧ બે મોટા-ઋષભદેવ ને અજિતનાથ ૨ લઘુલાઘવી કળા વડે

ભાવશું ભક્તિ ન ખંડી, તો અક્ષય પદ સાધ્યું ॥ સમકિત સુરતરૂ ફલ પામીને, તીર્થંકર પદ બાંધ્યું ॥ શ્રી૦ ॥૭ ॥ ઈણીપરે ભવીજન જે જિન આગે, બહુપરે ભાવના ભાવે ॥ જ્ઞાનવિમલ ગુણ તેહના અહનિશ, સુરનર નાયક ગાવે । શ્રી૦ ॥૮॥ ॥ઈતિ ॥

❖❖❖

## ॥ શ્રી મહાવીરજિન સ્તવન ॥

॥ વિમલાચલ વેગે વધાવો ॥ એ દેશી ॥

ચઉમાસી પારણું આવે, કરી વિનંતિ નિજ ઘર જાવે ॥ પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવે રે ॥ મહાવીર પ્રભુ ઘરે આવે. જીરણ શેઠજી ભાવના ભાવે રે ॥ મહા૦ ॥૧॥ એ આંકણી ॥ ઉભી શેરીએ જલ છંટકાવે, જાઈ કેતકી ફુલ બિછાવે ॥ નિજઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે ॥ મહા૦ ॥૨॥ અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખીને રીઝે ॥ ષટમાસી રોગ હરીજે, સીઝે [1]દાયક

---

[1] દાન આપનાર

ભવ ત્રીજે રે ॥ મહા૦ ॥૩॥ જિવરની સનમુખ જાઉં, મુઝ મંદિરીએ પધરાવું ॥ પારણું ભલી ભાંતે કરાવું, યુગતે જિનપૂજા રચાવું રે. મહા૦ ॥૪॥ પછી પ્રભુને વોળાવા જઈશું, કરજોડીને સનમુખ રહિશું ॥ નમી વંદીને પાવન થઈશું, વિરતિ અતિ રંગે વહિશું રે ॥ મહા૦ ॥૫॥ દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જજનને કરશું ॥ સત્ય જ્ઞાન દિશા અનુસરશું, અનુકંપાલક્ષણ વરશું રે. ॥ મહા૦ ॥૬॥ એમ જીરણ શેઠ વંદતા, પરિણામની ધારે ચઢંતા ॥ શ્રાવકની સીમે[૧] ઠરંતા, દેવ દુંદુભિ નાદ સુણંતારે ॥ મહા૦ ॥૭॥ કરી આયુ પુરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે ॥ શાતા વેદની સુખ પાવે, શુભવીર વચન રસ ગાવે રે ॥ મહા૦ ॥૮॥ ॥ ઈતિ ॥

---

૧ શ્રાવકની હદ બારમા દેવલોક સુધી

# ॥ શ્રી મહાવીર જિન સ્તવન ॥

વીર કુમરની વાતડી કેને કહીયે ॥ હાંરે કેને કહીયે રે કેને કહીયે ॥ નવિ મંદીર બેસી રહીયે હાંરે સુકુમાર શરીર ॥ વી૦ ॥૧॥ એ આંકણી ॥ બાલપણાથી લાડકો નૃપ ભાવ્યો હાંરે મલી ચોસઠ ઇંદ્રે મલ્હાવ્યો ॥ ઇંદ્રાણી મળી હુલરાવ્યો ॥ હારે ગયો રમવા કાજ । વી૦ ॥૨॥ છોરૂ ઉછાંછલા લોકના કેમ રહીયે હાંરે એની માવડીને શું કહીયે ॥ કહીયે તો અદેખ થઈયે, હાંરે નાશી આવ્યા બાલ ॥ વી૦ ॥૩॥ આમલકી ક્રીડા વશે વીંગણો, હાંરે મોટો ભોરિંગ[1] રોષે ભરાણો ॥ વીરે હાથે ઝાલીને તાણ્યો, હાંરે કાઢી નાખ્યો દૂર । વી૦ ।૪॥ રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, હાંરે મુજ પુત્રને લેઈ ઉછલિયો ॥ વીર મુષ્ટિ પ્રહારે વલિયો, હાંરે સાંભળીએ એમ ॥ વી૦ ॥૫॥ ત્રિશલા માતા મોજમાં એમ કહેતી,

---

૧ સર્પ

હાંરે સખીઓને ઉલ્લંભા દેતી ॥ ક્ષણ ક્ષણ પ્રભુ નામજ લેતી, હાંરે તેડાવે બાલ ॥ વી૦ ॥૬॥ વાટ જોવંતા વીરજી ઘરે આવ્યા હાંરે માતા ત્રિશલાએ ન્હવરાવ્યા ॥ ખોળે બેસારી હુલરાવ્યા, હારે આલિંગન દેતા ॥ વી૦ ૭॥ યૌવન વય પ્રભુ પામતા પરણાવે, હાંરે પછી સંજમશું દીલ લાવે ॥ ઉપસર્ગની ફોજ હઠાવે, હાંરે લીધું કેવલનાણ । વી૦ ॥૮॥ કર્મતડન તપ ભાખીયું જિનરાજે, હાંરે ત્રણ લોક ॥ ઠકુરાઈ છાજે ॥ ફળ પૂજા કહી શિવ કાજે, ॥ હારે ભવિને ઉપગાર ॥ વી૦ ॥૯॥ શાતા અશાતા વેદની ક્ષય કીધું, હાંરે આપે અક્ષય પદ લીધું ॥ શુભવીરનું કારજ સીધું, હાંરે ભાંગે સાદિ અનંત ॥ વી૦ ॥૧૦॥

૨૫૯

# શ્રી મહાવીર જિન સ્તવન

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર ॥ ભવ મંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ પાર ઉતાર ॥ સિ૦ ॥૧॥ ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવેરે સંતાપ ॥ દાન દેઅંતા રે પ્રભુજી કસુર કિસી, આપો પદવી રે આપ ॥ સિ૦ ॥૨॥ ચરણ અંગુઠે રે મેરૂ કંપાવિઓ, સુરનું મોડ્યું રે માન ॥ અષ્ટ કર્મનો રે ઝઘડો જીતિઓ, દીધું વરસીદાન ॥ સિદ્ધા૦ ॥૩॥ શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કુખે રતન્ન ॥ સિદ્ધારથનો રે વંશ દીપાવિઓ, પ્રભુજી તુમે ધન્ય ધન્ય ॥ સિદ્ધા૦ ॥૪॥ વાચકશેખર કીર્તિ વિજય ગુરૂ, પામી તાસ પસાય ॥ ધર્મ તણા એરે જિન ચોવીશના, વિનયવિજય ગુણ ગાય ॥ સિદ્ધા૦ ॥૫॥ ઈતિ ॥